બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**ઓગષ્ટ-૨૦૨૨**

ઝિલ્ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૪૩/૧૪૪૪

વર્ષ : ૧૯, અંક : ૦૮, સળંગ અંક : ૨૨૩

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફૈઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

*9427464411 PhonePe/Paytm/G Pay*

*Web. :www.barkatekhwaja.net*

*Email : anjuman2006@hotmail.com*



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

*A/c. No. 34620100000303*

*Razvi Kitab Ghar*

*IFSC Code : BARB0DAYADR*

**લવાજમ**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(B.Sc.)*


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **દાસ્તાન ઈમાનના સોદાગરોની** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 13 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 16 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત સુફયાન ષૌરી...... | 19 |
| 07 | કાનૂને શરીઅત (ભાગ : ૨) | 22 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 24 |
| 09 | પ્રજા પર સત્તા ચલાવવા સંબંધે નબવી તાલીમાત | 26 |
| 10 | પૂર્વજ બુઝુર્ગોની ઈલ્મ તથા વિદ્યામાં નિપૂણતા.... | 29 |
| 11 | એમને ગુસ્તાખી માટે કોણે ઉર્ભાયા ?! | 34 |
| 12 | હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને રાફઝી તથા ખારજીની રદ | 38 |
| 13 | મુહર્રમની રસમો સિવાય હુસૈને પાક رضی اللہ عنہ થી આપણે સબક શું લીધો ?! | 45 |


### મનકબતે ઈમામે હુસૈન رضی اللہ عنہ

કલામ : મુહમ્મદ આકિબખાન બરકાતી-પેટલાદી

ઈઝ્ઝત કે સાથ જીતા હૈ શૈદા હુસૈન કા
બખ્શા હૈ ઈસકો રબને સહારા હુસૈન કા
ફિટકાર કર રહે હૈં મુસલમાં યઝીદ પર
ઈસ્લામ પઢ રહા હૈ કસીદા હુસૈન કા
ગુલ કર દિયા ચરાગ મગર કોઈ ના ગયા
કુછ ઐસા જાંનિષાર થા ઐમા હુસૈન કા
બાતિલ કે સામને ન ઝુકાના કભી ભી સર
યે કેહ રહા હૈ અબ ભી ઘરાના હુસૈન કા
કેહતે હૈં કિસકો ઈશ્ક વફા કેહતે હૈં કિસે
સમજા ગયા યે આખરી સજદા હુસૈન કા
કુર્બાની દેને મેં કોઈ પીછે નહીં હટા
આખિર નહાયા ખૂનમેં બેટા હુસૈન કા
હુર કો ન રોક પાએ અંધેરે યઝીદ કે
દિલ મેં બસા હુઆ થા ઉજાલા હુસૈન કા
ઉમ્મત તરસ રહી હૈ ઈમામત કો આજ ફિર
નિકલે કોઈ તો ચાહનેવાલા હુસૈન કા
રૂસ્વાઈયોં કા ઔર તો **"આકિબ"** નહીં સબબ
પયગામ ભૂલ બૈઠે હૈં આકા હુસૈન કા

## આખેરતથી બેઝાર તથા બેપરવા લોકોનાં દીને હક્ક વિરુદ્ધ કારનામાંઓ

# દાસ્તાન ઈમાનના સોદાગરોની

तंत्री लेख

આખેતરતથી બેપરવા દુનિયાના કૂતરા બનેલા લોકોએ દીનો મિલ્લતને કઈ રીતે નુકસાન પહોંચાડયું છે તેનો અસલ ચિતાર રજૂ કરતાં પહેલાં દેવબંદી વિચારસરણી ધરાવતા હાલના એક મૌલાનાનો રિપોર્ટ "રાહે એ'તેદાલ" મંથલી અમરાબાદ, એપ્રિલ–૨૦૧૯, પેજ–૧૭માંથી અત્રે રજૂ કરીએ છીએ. જો કે આ તો હાલ સુધીની દાસ્તાનની છેલ્લી કડી છે, એની શરૂઆત ક્યાંથી થઈ તે આ લખાણની આગળ જતાં આવશે.

### ○ તમારી બર્બાદીના સોદાગરો કોણ છે ઓળખો ! ○

**સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ–સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ**

"ખાલિદ સૈફુલ્લાહ રહમાનીનું બયાન છે કે, અમારા એક ઘણા જ સારા મિત્ર છે જે દારુલ ઉલૂમ દેવબંદના ફાઝિલ તથા સંસ્કૃતના નિષ્ણાત (જાણકાર) છે. હિંદુ ધર્મ પર તેમનો અભ્યાસ ખૂબ જ વિશાળ છે અને એના પર લખતા પણ રહે છે. ટી.વી. તથા મીડિયા પર પણ તે ઈસ્લામ તથા મુસલમાનોનું સારુ પ્રતિનિધિત્વ કરે છે. RSSની ઓફીસ તથા અને તેમની લાયબ્રેરીમાં તેમની આવજા રહે છે. તેમણે બતાવ્યું કે મને ત્યાં એ જોઈને આશ્ચર્ય થયું કે *આપણા કેટલાય ઉલમા આર.એસ.એસ.ના માટે કામ કરી રહ્યા છે. ઈસ્લામની કઈ વાતને વાંધાના સ્વરૂપમાં રજૂ કરી શકાય છે અને કઈ હદીષ થકી ઈસ્લામ તથા મુસલમાનોને બદનામ કરી શકાય છે, તેઓ આ પ્રકારના મુસદ્દા કાઢીને આપે છે. અને કેટલાક અન્ય લોકો એનો અનુવાદ કરીને RSS માટે ચિંતનાત્મક કામ કરનારાઓના હવાલે કરી આપે છે.* મેં તે લોકોને પૂછયું, તમને આ કામ કરતાં શરમ નથી આવતી ? ફલાણા મદ્રસાના ફારિગ થઈને ઈસ્લામ તથા મુસલમાનો વિરુદ્ધ સામગ્રી એકત્ર કરીને આપો છો ?! તો એ લોકોએ નિઃસંકોચ એકદમ કહ્યું, "જુઓ ! આ અમારી ટીમના લીડર છે, તેમનો પગાર મહીને બે લાખ રૂપિયા છે, મારો દોઢ લાખ રૂપિયા અને આમનો એક લાખ રૂપિયા છે. તમો અમને આટલો પગાર આપી દો, તો અમે હમણા આ કામ છોડી દઈએ છીએ !" મેં કહ્યું, બેઝમીરી (મુર્દાદિલી)ની પણ હદ થઈ ગઈ ! આપ વિચારો કે એક તરફ તેમની (ગૈરોની) મહેનતનો આ હાલ છે અને બીજી તરફ કહેવાતા આપણાની બેગૈરતી (બેશર્મી)નો આ નમૂનો છે !!

આપને માલૂમ હશે કે કાદયાનિયતની એક પત્રિકા આવે છે "અલ્ બદર" જેમાં આપણા અમુક મદ્રસાઓના કારીઓનાં નામ હોય છે. લખાણ કાદયાનિયતની પ્રશંસામાં હોય છે. એ નથી ખબર કે તેમણે (લખનારાઓએ) ગલત નિસ્બત લગાડી રાખી છે અથવા અલ્લાહ ન કરે કે પૈસાની લાલચમાં તેઓ મુર્તદ થઈ ગયા છે ! અલ્લાહ બેહતર જાણે. પરંતુ આનાથી અંદાઝો કરો કે પરિસ્થિતિ કેટલા પ્રમાણમાં ખરાબ છે !"

*(મંથલી ઉર્દૂ "રાહે એ'તેદાલ", અમરાબાદ, એપ્રિલ–૨૦૧૯, પેજ–૧૭)*

### ○ મુસલમાનોમાં વિખવાદમાં ઈતિહાસની ભીતરની એક ઝલક ○

આજથી ૧૪૦૦ વર્ષો પહેલાં નબીઓના દુનિયામાં આગમનની આખરી કડી મુહમ્મદ મુસ્તફા ﷺના આગમનથી અને આપના સચ્ચાઈભર્યા તથા હિક્મતપૂર્ણ મો'જિઝામય પ્રચારથી દીને હક્ક ઈસ્લામની ચોતરફ

બોલબાલા થઈ ગઈ. સેંકડો મઅબૂદોના માનવાવાળા એક ખુદાની બારગાહમાં સજદારેઝ થઈ ગયા. હક્ક઼ની રોશનીથી મેહરૂમ મક્કાના કાફિરો તથા અન્ય યહૂદી, ઈસાઈઓએ મુસલમાનોને નેસ્તો નાબૂદ કરવાની વરસો સુધી કોશિશો કરી પણ એનાં પરિણામો ઉલ્ટાં જ આવતાં રહ્યાં, તેમનાં રાજપાટ તથા સત્તા હાથથી ગઈ અને મુસલમાનોની સત્તા હેઠળ દુનિયાના અનેક દેશો આવી ગયા. સીરીયા, બૈતુલ મુક઼દ્દસ, મિસર તથા સર્વ અરબ ટાપુઓ, રોમ, આફ્રિકા ખંડ, સ્પેન, ઈટાલીનો મોટો ભાગ, આખુ ઈસાઈ જગત વેરવિખેર થઈ ગયું. વિગત માટે તો "રહનુમાએ હક્ક઼" કિતાબ વાંચશો પણ આ ટૂંકા લેખમાં એ જ જાણી લો કે છેવટે ઈસાઈઓએ મીટિંગો ભરીને તેમના લીડરો, ધર્મગુરૂઓએ ખૂબ ચર્ચાના અંતે તારણ કાઢયું કે મુસલમાનો આપસમાં ગમે તેટલા વિરોધી હોય પણ ઈસ્લામના મામલામાં સર્વ મતભેદો, વેરઝેર ભૂલીને દીનના દુશ્મનો સામે એક થઈ જઈને સામનો કરે છે જેથી તેમને હરાવી શકાતા નથી, જેથી એવો કોઈ માર્ગ કાઢવામાં આવે કે જેનાથી તેઓની એકતા તૂટી જાય અને તેઓની શક્તિ ખત્મ થઈ જાય. છેવટે નક્કી થયું કે તેમને દૌલત, સત્તા, સુંદર સ્ત્રીઓ વગેરેની લાલચ આપીને ખરીદી લેવામાં આવે અને તેમના મારફતે ઈસ્લામ ધર્મમાં નવી નવી માન્યતાઓ ઘડવામાં આવે જે કદી તેમના બાપદાદાઓએ પણ ન સાંભળી હોય. રસૂલ, સહાબા, તાબઈન તથા પૂર્વજ બુઝુર્ગોની માન્યતાથી વિરુદ્ધ માન્યતાઓ ઘડી ઘડીને ફેલાવવામાં આવે જેથી તેઓ આપસમાં લડી ઝઘડીને આપોઆપે તૂટી જશે. અને એ યોજના અમલમાં આવી જેમાં અનેક જાસૂસોએ બાક઼ાયદા ઈસ્લામી શિક્ષણ મેળવી મોલ્વી બન્યા અને નવી નવી વાતો ફેલાવવા મુસલમાનોમાંથી લાલચુ માણસો શોધ્યા અને મુસલમાનોમાં વિખવાદ શરૂ કરી આપ્યો. એવા જ એક અંગ્રેજ જાસૂસ હમ્ફ્રેએ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીને લાલચો આપી મુસલમાનોમાં નવા નવા અક઼ીદા ઘડી ફાટફૂટ પડાવવા તૈયાર કર્યો. એ જાસૂસ હમ્ફ્રેની ડાયરી જર્મનીના "સ્પિગલ" મંથલી ડાઈજેસ્ટમાં પ્રસિદ્ધ થયેલ છે તેમાં નોંધ છે કે : "બ્રિટનના જાસૂસ હમ્ફ્રેએ પોતે ઈકરાર કર્યો કે, મેં મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના ઈમાની લિબાસને તેના પરથી ઉતારી લીધો. મેં તેને દારૂ પીવાની આદત પાડી. મેં તેને 'મોતઅ' (ટેમ્પરરી નિકાહ)ના નામે વ્યભિચારમાં સપડાવ્યો. મેં જૂઠા ખ્વાબો ઘડીને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબને એક નવો ધર્મ રચવા માટે પ્રોત્સાહિત કર્યો. તે નવા ધર્મનો પ્રચાર કરવામાં જે અવરોધો આવે તે દૂર કરવા તેમજ એ મામલામાં જેટલા પ્રમાણમાં હથિયાર તથા દૌલતની જરૂરત હોય, તેને પૂરા પાડવાની જવાબદારી મેં લીધી. તેના બદલામાં અમુક ઈલાકાનો બાદશાહ બનાવવાનો મેં તેને વાયદો કર્યો." મતલબ કે મિ.હમ્ફ્રેએ મુસલમાનના સ્વાંગમાં રહી, મુસલમાનોની ઈમાની તાકાત તોડી પાડવાના, અંગ્રેજોના પ્લાનને સહીસલામત રીતે પોતાની કાબેલિયતથી પાર પાડયો. તેની પૂરી વિગત "વહાબીની કહાની હમ્ફ્રેની ઝુબાની" કિતાબમાં વાંચવાથી દરેકની આંખો ઉઘડી જાય છે.

અંગ્રેજોએ પોતાની રાજય સત્તા ફેલાવવા અને ઈસ્લામને નષ્ટ કરવા માટે ઠેર ઠેર પોતાની જાસૂસી જાળો પાથરી હતી. તેનું એક વધુ દ્રષ્ટાંત પણ જોતા ચાલો.

"તોહફએ મુહમ્મદિયહ્" નામની કિતાબમાં છે, કે અકબરાબાદ (હિંદુસ્તાન)ના એક વિશ્વાસુ દીનદાર આલિમ ફર્માવે છે કે, પોતે અરબીની થોડીક તાલીમ લઈ દિલ્હીથી કલકત્તા ગયા. ત્યાંના દીનદાર ઉલમાથી ઈલ્મની પરિપૂર્ણતા કરી. તેમને એક અંગ્રેજ પાદરી જે અરબી ફારસીમાં પારંગત હતો અને લખનૌ વગેરેમાં ઘણા મોલ્વીઓ તેના નોકર હતા. તેણે તેમને બોલાવીને ૫૦ રૂપિયા (હાલના ૨૫ હજાર થતા હશે) માસિક પગાર નક્કી કરીને, એક મહિનાનો પગાર એડવાન્સમાં આપીને કહ્યું કે જે શહેરમાં ઈચ્છા થાય ત્યાં રહો અને કુર્આન હદીષના હિન્દી તર્જુમા લોકોને પઢાવ્યા કરો **પણ અકીદાઓનો ઈલ્મ પઢાવશો નહીં !** વગેરે શરતો જણાવીને કહ્યું કે પગાર વધારો કામ મુજબ થતો રહેશે વગેરે....

ત્યાર બાદ, બીજા દિવસે એક ભાડૂતી મોલ્વીએ, તે મોલ્વી સાહેબ પાસે આવીને પાદરીના નોકર થવા બદલ મુબારકબાદી આપીને જણાવ્યું કે **લગભગ ૪૦ સારા નામવાર મોલ્વીઓ હિંદ અરબ, વગેરેની આસપાસ પાદરીના છુપા નોકરો છે. કેટલાક અરબસ્તાનમાં પણ પહોંચી ગયા છે.** પાદરીનો નિયમ છે કે હમેશાં નવી નવી ઝઈફ હદીષો અને રિવાયતો લોકોમાં ફેલાવવી તેમજ શિષ્યોને **એ રીતે તાલીમ આપવી કે ચારે મઝહબથી ફરી જાય, જેથી મુસલમાનોનું દીની મઝહબી સંગઠન અને સંપ સહકાર ભાંગી પડે, તેમજ મુસલમાનો અંબિયા ઔલિયાથી બદ એ'તેકાદ થઈ જાય....**

તો તે મોલ્વી સાહેબે કહ્યું કે, **અસ્તગફિરૂલ્લાહ !** આવું શૈતાની કાર્ય મારાથી થશે નહીં. તો તે ભાડૂતી મોલ્વીએ કહ્યું કે, હું વીસ વર્ષથી પાદરીનો નોકર છું. તેમણે હજારો રૂપિયા ખર્ચીને કિતાબોનું ભાષાંતર છપાવ્યું છે. તેની મદદથી ઘણા અજ્ઞાનો કાબેલ મોલ્વી બની ગયા છે ! એ (પાદરી) તો સાચા દિલથી મુસલમાન છે અને બિદઅતીઓના મહાશત્રુ છે. તમે નચિંત બની નોકરી સ્વીકારી લો પછી પોતાના વતનમાં કે દિલ ચાહે ત્યાં જઈને આખું જીવન મોજ મજા કરો. સાથો સાથ કેટલા માણસો તમારી લપેટમાં આવ્યા તેનો રિપોર્ટ મોકલતા રહો. ત્યારબાદ તેણે એક યાદી બતાવી, જેમાં પાદરીના ઘણા પગારખાંઉ મોલ્વીઓ, હિંદ તથા અરબમાં, જે પોતાને સૈયદ અહમદના ખલીફા દર્શાવે છે, તેવા નામના પામેલ મોલ્વીઓનાં નામો પણ જોયાં. તેમ છતાં તે મોલ્વી સાહેબે તેનો ઈન્કાર કર્યો અને ૫૦ રૂપિયા એડવાન્સ (જે આજના હિસાબે ૨૫ હજાર થાય) મળ્યા હતા, તે પાછા મોકલી દીધા. ત્યારે જે મૌલ્વીઓનાં નામો જોએલાં, તેનો ભાંડો ફોડીને અરબસ્તાનમાંથી તેઓની હકાલપટ્ટી પણ કરાવી, જે ત્યાં કિતાબોમાં મનઘડત ઈબારતો જોડી લોકોને દીનથી ફેરવી રહ્યા હતા અને જો કોઈ મુનાઝિરો કરી તેનો રદ કરતો તો તેને બિદઅતી, રાફઝી વગેરે ઠરાવતા હતા. *(તોહફએ મુહમ્મદિયહ્)*

'તોહફએ મુહમ્મદિયહ્''માં એ પણ લખ્યું છે કે, એક વખત વહાબી મૌલ્વીઓએ હિંદુઓને ખુશ કરવા ૨૯મી શવ્વાલ હિ.૧૨૬૪ જુમેરાતના દિવસે મોલ્વી અબ્દુલ હલીમ સાહબની મસ્જિદથી ઘારાપુરીના મંદિરના દર્શન માટે સારી રીતે વુઝૂ કરીને મંદિરમાં પ્રવેશી જુદી જુદી રીતે કુર્આને પાકની બેઅદબીઓ કરી.

આ ઉપરાંત ઘણા દસ્તાવેજી પુરાવાઓ પણ સાબિત કરે છે કે ઈસ્લામને નષ્ટ કરવા યૂરોપી દેશોના ઈસાઈઓ તથા યહૂદીઓએ કેવી જાળો બિછાવી હતી તેનું પરિણામ છેવટે એ આવ્યું કે અંગ્રેજોના ઈશારે તથા તેમની મદદના જોરે દુનિયાના ઈસ્લામી આલમમાં જુલ્મનું સામ્રજ્ય છવાઈ ગયું. **ખાસ કરીને અરબસ્તાનમાંથી તુર્કી (સુન્ની) ઉષ્માનિયા હુકૂમત નાશ પામી** અને ઈબ્ને સઊદ નજદી અંગ્રેજોના જોરે બાદશાહ બન્યો અને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબે નજ્દી બાદશાહના સહકારથી મક્કા, મદીના, તાઈફ, કરબલામાં જે કાળો કેર વર્તાવ્યો જેનો ઈતિહાસ ''રહનુમાએ હક્ક઼'' કિતાબ મંગાવી વાંચી શકો છો.

## ० વહાબી દેવબંદી અંગ્રેજ એજન્ટોના નમૂનાઓ ! ०

**(૧)** વહાબી દેવબંદી નવા ધર્મના હકીમુલ ઉમ્મત મોલ્વી અશરફઅલી થાન્વીના બારામાં ખુદ તેમની જમાઅતના જ એક જવાબદાર મોલ્વીનું બયાન છે કે, ''મોલ્વી હિફઝુર્રહમાન સાહબના જવાબમાં કહ્યું કે, આ જુઓ ! *મૌલાના અશરફઅલી થાન્વી* અમારા અને તમારા સ્વીકૃત બુર્ઝુગ અને પેશવા હતા, તેમના સંબંધમાં કેટલાક લોકો એમ કહેતા સાંભળ્યા છે કે, તેમને (મૌલાના થાનવીને) ૬૦૦ રૂા. (છસો રૂપિયા) માસિક (પગાર) હુકૂમત (અંગ્રેજી હુકૂમત) તરફથી મળતા હતા.'' (આજના હિસાબે તે સમયના ૬૦૦ રૂા.ની કિંમત લાખ કે દોઢ લાખ રૂપિયા થાય.) *(તબ્લીગી જમાઅત કયા હૈ ? મકાલિમતુસ્સદરયન, પા. ૧૦-૧૧ ના હવાલે)*

આ તે જ અંગ્રેજી હુકૂમત છે કે જે ઉલમાએ હક્ક઼ દા.ત. હઝરત ઈમામ ફઝ્લેહક઼ ખૈરાબાદી, અલ્લામહ ફઝલે રસૂલે બદાયુની, મૌલાના લુત્ફુલ્લાહ્ અલીગઢી, મુફ્તી ઈનાયત, મુફ્તી મઝહરે કરીમ, મૌલાના જાઅફર થાનેશ્વરી વિગેરે મુસલમાનોના મહાન પેશ્વાઓને કયાંક કાળા પાણી, કયાંક ફાંસી અને કયાંક બંદૂકની અણીથી ઠાર કરવા અને જેલની કોટડીઓમાં બંધ કરવાની આકરી યાતનાઓ ઈસ્લામની ખિદમતના બદલામાં કરતી રહી અને જુલ્મો–સિતમની પરંપરાનું નિશાન બનાવતી રહી. આથી ઉલ્ટુ પોતાના એજન્ટ દેવબંદી વહાબી મોલ્વીઓ અને દેવબંદીઓના હકીમુલ ઉમ્મતો માટે ઈનામો ઈકરામના, આગતા સ્વાગતાના દ્વાર ઉઘાડી દીધાં. એટલું જ નહીં બલ્કે આ મોલ્વીઓનાં સગાં સંબંધીઓ, મિત્રોને પણ ઘણા ઘણા નવાઝતા રહ્યા. થાન્વી સાહેબને જો અંગ્રજો માસિક ૬૦૦ રૂા. (છસો રૂપિયા) આપતા હતા તો, તેમના લઘુ બંધુ મઝહર અલીને સી.આઈ.ડી. નો ઉચ્ચ હોદ્દો આપી રાખ્યો હતો. પ્રસ્તુત ક્રમમાં ઐતિહાસિક હવાલો જુઓ :–

**હવાલો : (૨)** ''મૌલાના મર્હૂમ થાનવીના ભાઈ **સી.આઈ.ડી.** (**C.I.D.**) ખાતામાં અંત સુધી મોટા હોદ્દેદાર રહ્યા. તેમનું નામ મઝહર અલી છે. જે કંઈ કર્યું હોય પરંતુ એ દૂરની વાત નથી કે અંગ્રેજોએ મઝહર અલીને સી.આઈ.ડી. નો હોદ્દો આપી રાખીને મુસલમાનો માટે કેટલું ખતરનાક કામ લઈ રહ્યા હતા.''

*(તબ્લીગી જમાઅત કયા હૈ ? બ હવાલા મકતુબાતે શયખ)*

## ० ઈસ ઘર કો આગ લગ ગઈ ઘર કે ચિરાગસે ! ०

પ્યારા દીની ભાઈઓ ! ઉપરોક્ત લેખને ધ્યાનપૂર્વક અને ચિંતનપૂર્વક વાંચો તો તમે સમજી શકશો કે તમારા હર્યાભર્યા ઘરને આગ લગાડનારા કોઈ બહારના છે જ નથી પણ ઈસ્લામના કલ્માની તબ્લીગ કરનારા અને પોતાને દીનના ઠેકેદાર કહેનારાઓ જ છે જેમણે ઈસ્લામના ગુલશનને ઉજાડવામાં કોઈ કચાશ રાખી નથી. અને આજે તો આપણે ખુલ્લમ ખુલ્લા જોઈ રહ્યા છીએ કે ઈસ્લામ અને ઈસ્લામી શરીઅત પર વાંધાઓ ઉઠાવનારા પુરૂષો શું કે સ્ત્રીઓ શું સર્વ મુસલમાનનું મોહરૂ ઓઢુને ઉઘાડાછોગે હવે તો સામે આવી ગયાં છે. પોતાના અંગત સ્વાર્થ ખાતર, થોડીક સરખી માલ મતા રૂપિયા ખાતર દીન ઈમાનથી બેઝારી અને મુસલમાનોથી ગદ્દારી થતી આપણે જોઈ જ રહ્યા છીએ. એ પછી તલાકનો મસ્અલો હોય, હિજાબનો મસ્અલો હોય કે ઈસ્લામ વિરુદ્ધ કોઈ પણ બાબત હોય તેમાં બગાવતનો ઝંડો આવા જ કહેવાતા મુસ્લિમોના હાથમાં જોવા મળી રહ્યો છે. અને રાજકારણમાં મામૂલી હોદ્દાઓ પામવા તથા માલ કમાવા તથા દુનિયાની જૂઠી નામના ખાતર મો'મિનોનું ગમે તેવું અહિત થઈ રહ્યું હોય છતાં પોતાના દુનિયવી આક઼ાઓની વાહવાહ કરવામાં મશગૂલ તથા ચૂર છે અને પાછા પોતાને સૂફી સંત કે દીનના ઠેકેદાર પણ બતાવે છે !

ભાઈઓ ! અલ્લાહ બધું જ જુએ છે. આ દુનિયા આખેરતની ખેતી છે. અહીં જેવું વાવશો તેવું લણશો. પોતાને કે દુનિયાના લોકોને તમો બેવકૂફ બનાવી શકો છો પણ દિલથી વિચારો કે ખુદા દરેકના જાહેરી આંત્રિક હાલથી વાકેફ છે કે તેની ઝબાન પર જે છે તેના કરતાં દિલમાં કાંઈ જૂદુ છે ! ખોટી વાતને લપસણી વાર્તા બનાવીને તેમાં મુસલમાનોની ભલાઈની વાત પોપટ જેમ બોલનારા વિચારે કે આખરે આ દુનિયા પરીક્ષાખંડ છે અને પરીક્ષક અલ્લાહ છે ! છેવટે ફેંસલો ક઼યામતમાં થશે જ ! ત્યાં તમારી બનાવટ નહીં ચાલે ! માટે આજે જ તૌબા કરીને દીનના તથા મો'મિનોની બર્બાદી કરનારાઓના હાથા ન બનો અને સત્વરે તૌબા કરી લો અને એ કાળા ધંધામાંથી બહાર આવો. અલ્લાહ એના દીનનો મુહાફિઝ છે, ઈસ્લામ તો ક઼યામત સુધી ઝિંદા રહેશે પણ તમારા હાલ દુનિયા તથા આખેરતમાં ભૂંડા થઈ જશે એ ન ભૂલશો. અલ્લાહ સૌને નેક તૌફીક આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

وَ قَفَّيْنَا عَلٰۤى اٰثَارِهِمْ بِعِيْسَى ابْنِ مَرْيَمَ مُصَدِّقًا لِّمَا بَيْنَ
يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ وَ اٰتَيْنٰهُ الْاِنْجِيْلَ فِيْهِ هُدًى وَّ نُوْرٌ وَّ
مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ وَ هُدًى وَّ مَوْعِظَةً
لِّلْمُتَّقِيْنَ ﴿۴۶﴾ وَ لْيَحْكُمْ اَهْلُ الْاِنْجِيْلِ بِمَاۤ اَنْزَلَ اللّٰهُ فِيْهِ
وَ مَنْ لَّمْ يَحْكُمْ بِمَاۤ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓىٕكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿۴۷﴾
وَ اَنْزَلْنَاۤ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ
الْكِتٰبِ وَ مُهَيْمِنًا عَلَيْهِ فَاحْكُمْ بَيْنَهُمْ بِمَاۤ اَنْزَلَ اللّٰهُ وَ لَا
تَتَّبِعْ اَهْوَآءَهُمْ عَمَّا جَآءَكَ مِنَ الْحَقِّ لِكُلٍّ جَعَلْنَا
مِنْكُمْ شِرْعَةً وَّ مِنْهَاجًا وَ لَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً
وَّاحِدَةً وَّ لٰكِنْ لِّيَبْلُوَكُمْ فِيْ مَاۤ اٰتٰىكُمْ فَاسْتَبِقُوا
الْخَيْرٰتِ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ جَمِيْعًا فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿۴۸﴾ وَ اَنِ احْكُمْ بَيْنَهُمْ بِمَاۤ اَنْزَلَ اللّٰهُ وَ لَا
تَتَّبِعْ اَهْوَآءَهُمْ وَ احْذَرْهُمْ اَنْ يَّفْتِنُوْكَ عَنْۢ بَعْضِ مَاۤ
اَنْزَلَ اللّٰهُ اِلَيْكَ فَاِنْ تَوَلَّوْا فَاعْلَمْ اَنَّمَا يُرِيْدُ اللّٰهُ اَنْ
يُّصِيْبَهُمْ بِبَعْضِ ذُنُوْبِهِمْ وَ اِنَّ كَثِيْرًا مِّنَ النَّاسِ
لَفٰسِقُوْنَ ﴿۴۹﴾ اَفَحُكْمَ الْجَاهِلِيَّةِ يَبْغُوْنَ وَ مَنْ اَحْسَنُ
مِنَ اللّٰهِ حُكْمًا لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿۵۰﴾

અને અમે તે નબીઓની પાછળ તેમના પગલે પગલે મરયમના પુત્ર ઈસાને લાવ્યા, તવરાતને સત્ય ઠરાવતા છે જે એનાથી પહેલા હતી.[૧૮૩] અને અમે તેને ઈન્જીલ આપી જેમાં હિદાયત અને નૂર છે, અને તવરાતને સત્ય ઠરાવે છે જે એનાથી પહેલા હતી. અને માર્ગદર્શન તેમજ નસીહત પરહેઝગારોને (૪૬) અને જોઈએ કે ઈન્જીલવાળાઓ[૧૮૪] તે મુજબ આદેશ આપે જે અલ્લાહે તેમાં ઉતાર્યુ.[૧૮૫] અને જે અલ્લાહના ઉતાર્યા પ્રમાણે આદેશ ન આપે તો તે લોકો જ ફાસિક છે (૪૭) અને હે મહબૂબ ! અમે તમારી તરફ સાચી કિતાબ ઉતારી આગલી કિતાબોને સત્ય ઠેરવતી[૧૮૬] અને તેમના માટે રક્ષક અને સાક્ષી, તો તેમનામાં અલ્લાહના ઉતારેલાથી ફૈસલો કરો.[૧૮૭] અને હે સાંભળનાર ! તેમની મનેચ્છાઓને ન અનુસરીશ પોતાની પાસે આવેલું સત્ય છોડીને અને તમારા બધા માટે એક એક શરીઅતને માર્ગ બનાવ્યો[૧૮૮] અને અલ્લાહ ધારત તો તમને બધાંને એક જ ઉમ્મત બનાવી દેત, પણ હેતુ એ છે કે જે કાંઈ તમને આપ્યું તેમાં તમને અજમાવે[૧૮૯] તો ભલાઈઓ તરફ ઉતાવળ ઈચ્છો, તમારા બધાનું પરત થવું

*અલ્લાહ તરફ જ છે, તો જે વાતમાં તમે ઝગડતા હતા તે તમને બતાવી દેશે (૪૮) અને એ કે હે મુસલમાન ! અલ્લાહના ઉતારેલા મુજબ આદેશ આપ, અને તેમની મનેચ્છાઓ પર ન ચાલ અને તેમનાથી બચતો રહે કે ક્યાંક તને ભૂલથાપ ન આપે કોઈ હુકમમાં જે તારી તરફ ઉતર્યો. પછી જો તેઓ મોઢું ફેરવે[૧૯૦] તો જાણી લો કે અલ્લાહ તેમના અમુક ગુનાહો[૧૯૧] ની સજા તેમને આપવા માગે છે.[૧૯૨] અને બેશક ! ઘણા માણસો અનાજ્ઞાંકિત છે (૪૯) તો શું અજ્ઞાનયુગનો આદેશ ચાહો છો[૧૯૩] અને શ્રદ્ધાળુઓ માટે અલ્લાહથી ઉત્તમ કોનો આદેશ ? (૫૦)*

**સમજૂતી ::**

**૧૮૩ :** તવરાતના અહકામના પછી ઈન્જીલના અહકામોની ચર્ચા શરૂ થઈ, અને બતાડવામાં આવ્યું કે હઝરત ઈસા عليه السلام તવરાતને સત્ય ઠરાવનાર હતા, કારણ કે તે અલ્લાહ તરફથી ઉતારવામાં આવી છે. અને મન્સૂખ થયા પહેલાં તેના પર અમલ કરવો વાજિબ હતો, હઝરત ઈસા عليه السلام ની શરીઅતમાં તેના અમુક હુકમો મન્સૂખ થયા.

**૧૮૪ :** આ આયતમાં ઈન્જીલ માટે 'હુદન'નો શબ્દ બે વખતે વપરાયો છે. પહેલી જગ્યાએ એનો અર્થ એ થાય છે કે એ ગુમરાહી અને અજ્ઞાનતાથી બચાવે છે, અને બીજી જગ્યાએ એનાથી સૈયદે અંબિયા હબીબે કિબ્રિયા ﷺની પધરામણીની ખુશખબર મુરાદ છે, જે હુઝૂર ﷺની નબુવ્વત તરફ લોકોને માર્ગદર્શનનું કારણ રૂપ છે.

**૧૮૫ :** એટલે સૈયદે અંબિયા ﷺ પર ઈમાન લાવવાનો અને આપની નબુવ્વતને સત્ય ઠેરવવાનો હુકમ.

**૧૮૬ :** જે એનાથી પહેલાં બીજા નબીઓ પર ઉતરી.

**૧૮૭ :** અર્થાત જ્યારે કિતાબવાળાઓ પોતાના કેસો તમારી પાસે લાવે ત્યારે આપ કુર્આન મજીદથી ફેંસલો કરો.

**૧૮૮ :** એટલે કે શાખાઓ અને કાર્યો (આમાલ) દરેકના અલગ અલગ છે, પણ મૂળ દીન બધાનો એક છે. હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે **ઈમાન હઝરત આદમ** عليه السلام **ના સમયથી બધાનું આ જ છે, કે "લાઈલાહ ઈલ્લલ્લાહ'ની ગવાહી.** અને જે કંઈ અલ્લાહ તરફથી આવ્યું હોય તેને માનવું. પણ શરીઅત અને માર્ગ દરેક ઉમ્મતનો અલગ છે.

**૧૮૯ :** અને પરીક્ષામાં નાખે જેથી જાહેર થઈ જાય કે દરેક સમય અનુસાર જે આદેશો આપ્યા તેના પર શું તમે એવી શ્રદ્ધા સાથે અમલ કરો છો કે એ (અહકામ)નો ફેરફાર અલ્લાહની મરજી, અમાપ રહસ્યો અને દીન તેમજ દુનિયાની ભલાઈઓ પર આધારિત છે, કે પછી સત્યને છોડીને મનેચ્છાઓની પાછળ દોડો છો. *(તફસીરે અબૂસ્સઉદ)*

**૧૯૦ :** અલ્લાહના ઉતારેલા આદેશથી.

**૧૯૧ :** જેમાં આ (મોઢું ફેરવવું) પણ (સમાવિષ્ટ) છે.

**૧૯૨ :** દુનિયામાં મારી કઢાવી અને કેદી તરીકે પકડાવી તથા દેશ નિકાલ કરીને. અને આખિરતમાં તમામ ગુનાહોની સજા આપશે.

**૧૯૩ :** જે તદ્દન ગુમરાહી અને અત્યાચાર તેમજ અલ્લાહના આદેશ વિરૂદ્ધ હતો.

**શાને નુઝૂલ :** યહૂદીઓના બે કબીલા બની નૂદેર અને કુરેઝા નામના હતા. તેમનામાં અંદરોઅંદર ખૂનામરકી ચાલુ રહેતી હતી, જ્યારે સૈયદે આલમ ﷺ મદીના શરીફમાં પધાર્યા ત્યારે એ લોકો પોતાના કેસ લઈને આપની સેવામાં હાજર થયા, બની કુરેઝાવાળાઓએ કહ્યું, બની નૂદેર અમારા ભાઈઓ છે. અમે અને તેઓ એક જ પૂર્વજની ઔલાદ છીએ. એક જ ધર્મ પાળીએ છીએ, એક જ કિતાબ (તવરાત)ને માનીએ છીએ. જ્યારે બની નૂદેર અમારામાંથી કોઈને મારી નાખે છે ત્યારે તેના ખૂનના બદલારૂપે અમને ૭૦ વસક (ત્યારનું એક માપ) ખજૂર આપે છે. જ્યારે અમારામાંથી કોઈ એમના માણસને મારી નાખે છે ત્યારે અમારી પાસેથી તેના ખૂનના બદલારૂપે ૧૪૦ વસક લે છે. માટે આપ એનો ફેંસલો કરી દો.

હુઝૂરે ફર્માવ્યું, 'હું હુકમ કરું છું કે નૂદેરી અને કરઝી બન્નેનું લોહી સમકક્ષ છે, કોઈને બીજા પર શ્રેષ્ઠતા નથી.

ત્યારે બની નૂદેર ક્રોધે ભરાયા અને બોલ્યા, અમે તમારા ફેંસલાથી રાજી નથી, તમે અમારા દુશ્મન છો, અને અમને નીચુ જોવડાવવા માગો છો.

ત્યારે આ આયત ઉતરી અને ફર્માવવામાં આવ્યું કે શું અજ્ઞાન યુગની ગુમરાહી અને જુલ્મનો હુકમ ઈચ્છો છો ?

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-ર)

**અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. એક શખ્સ આવ્યો. સફમાં દાખલ થયો. તેનો શ્વાસ ચઢેલો હતો[૧] તેણે કહ્યું الحمد للہ حمدا کثیرا طیبا مبارکا فیہ[૨]. જ્યારે નબી ﷺ એ નમાઝ પૂરી કરી તો ફર્માવ્યું કે તમારામાંથી આ શબ્દો કોણે કહ્યા ?[૩] કૌમ ખામોશ રહી. પછી ફર્માવ્યું, તમારામાંથી આ કલમા કોણે કહ્યા ? એણે કોઈ બુરી વાત નથી કહી[૪]. ત્યારે તે શખ્સ બોલ્યો, હું આવ્યો અને મારો શ્વાસ ફૂલેલો હતો જેથી મેં આ કલેમાત કહ્યા. ફર્માવ્યું, મેં ૧૨ ફરિશ્તાઓને જોયો કે તેને લઈ જવામાં જલ્દી કરી રહ્યા છે કે કોણ પ્રથમ બારગાહે ઈલાહીમાં પેશ કરે." (મુસ્લિમ)*

**૧.** કેમ કે જમાઅતનો રુકૂઅ પામવાના માટે દોડતો આવ્યો હતો. જરૂરત વિના નમાઝ માટે દોડીને આવવું મના છે. જરૂરતના લીધે દોડવાની ઈજાઝત છે, બલ્કે જો જુમ્આની નમાઝ જઈ રહી હોય, ઈમામ આખરી અત્તહિય્યાતમાં હોય તો જમાઅત મેળવવા માટે નાસવું ફર્ઝ છે. જેથી આ હદીષ દોડવાની મનાઈની હદીષની વિરુદ્ધ નથી.

**૨.** જાહેર એ છે કે તેણે તકબીરે તહરીમાની તકબીર પહેલાં કહ્યા. આ અલ્લાહુ અકબર તકબીરે તહરીમા નથી, અને જો તકબીરે તહરીમા હોય તો તેણે આ કલમા એટલા માટે કહ્યા કે હુઝૂર રુકૂઅ અથવા તો અત્તહિય્યાતમાં હતા. અને તેને રુકૂઅ બાજમાઅત મળી જવાની ઉમ્મીદ હતી. ફક઼ીહો ફર્માવે છે કે જો કોઈ જમાઅતમાં ત્યારે મળે જ્યારે ઈમામ રુકૂઅ કરી રહ્યો છે, તો જો તેને ઉમ્મીદ હોય કે સુબ્હાનલ્લાહ પઢીને પણ રુકૂઅ મેળવી લઈશ તો સુબ્હાનલ્લાહ પઢે પછી રુકૂઅમાં સામેલ થાય. તેનો માખઝ આ હદીષ છે.

**૩.** યાદ રાખશો સવાલ કરવું અને પૂછતાછ કરવી એ પ્રશ્નકર્તાની અજ્ઞાનતાની દલીલ નથી. સવાલની ઘણી બધી હિકમતો હોય છે. રબે મૂસા علیہ السلام ને પૂછયું, હે મૂસા ! તારા હાથમાં શું છે ?

**૪.** કૌમની આ ખામોશી બારગાહે આલિયાના પ્રભાવના કારણે હતી કે કદાચ અમે ગલતી કરી છે, અમે ગુસ્સા હેઠળ આવી જઈશું. એટલા માટે ન આવનારો બોલ્યો ન તેની સાથેવાળાઓએ કાંઈ કહ્યું. આવા મોક઼ા પર ચૂપ રહેવું જુર્મ નથી. જ્યારે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે એણે ગુનોહ નથી કર્યો, ત્યારે શાંતિ વળી.

**૫.** એટલે કે એ કલમા એવા મક઼બૂલ થયા કે દરેક ફરિશ્તાએ ચાહ્યું કે એને બારગાહે ઈલાહીમાં હું લઈ જઉં, જેથી કરીને ઈનામનો મુસ્તહિક઼ હું બનું. આ પરથી જાણવા મળ્યું કે આપને એ શખ્સની ખબર હતી જેણે એ કલેમા કહ્યા. આનાથી પહેલાં વર્ણન થઈ ચૂક્યું કે મારા પર તમારા રુકૂઅ તથા સિજદા છુપા નથી રહેતા. હું આગળની જેમ પાછળ પણ જોઉં છું. એ પણ વર્ણન થઈ ચૂક્યું કે પાછલી સફમાં એક શખ્સે નમાઝમાં ગલતી કરી. હુઝૂર ﷺ એ નમાઝ બાદ નામ લઈને પોકાર્યો અને ફર્માવ્યું કે નમાઝ બરાબર પઢતા રહો. તો કેવી રીતે શક્ય છે કે આપના પર એ શખ્સ છુપો રહે. તેમજ રબ તઆલા સર્વ કાંઈ જાણે છે તેમ છતાં પણ લોકોના અમલો તેની બારગાહમાં ફરિશ્તા રજૂ કરે છે. એ જ પ્રમાણે હુઝૂર ﷺ ની બારગાહમાં લોકોના સલાતો સલામ ફરિશ્તા પેશ કરે છે, એનાથી આપનુ ન સાંભળવું લાઝિમ નથી થતુ.

**(વિભાગ : ૨)** *"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી જ્યારે નમાઝ શરૂ કરતા તો કહેતા, હે અલ્લાહ ! તું પાક છે, અમે તારી હમ્દ કરીએ છીએ[1] બરકતવાળુ છે તારું નામ, ઊંચી છે તારી શાન, તારા સિવાય કોઈ મઅબૂદ નથી[2]. (તિર્મિઝી, અબૂ દાઊદ) ઈબ્ને માજહએ હઝરત સઈદથી રિવાયત કરી કે આ હદીષને અમે હારિષા સિવાય કોઈ અન્યથી નથી જાણતા. હારિષાની યાદશક્તિ વિશે વાંધો છે[3]."*

**૧.** એટલે કે આપ દરેક ફર્ઝ તથા નફ્લ એનાથી શરૂ કરતા હતા. યાદ રાખશો કે આ બંનેવ કલેમા ખૂબ જ સમૃદ્ધ છે : سُبْحَانَکَ اللّٰھُمَّ માં રબની સર્વ અયબોની પાકી વર્ણન કરવામાં આવી. وَبِحَمْدِکَ માં તેનું સર્વ કમાલની સિફતો (ખૂબીઓ)થી પ્રશંસા પામેલ હોવાનું વર્ણન છે, એટલા માટે સર્વ મખ્લૂક઼ રબની તસ્બીહ તથા તહમીદ કરે છે, એટલે કે ઈલાહુલ આલમીન તો સર્વ અયબોથી પાક છે અને તારો દરેક ગુણ હમ્દ તથા ષના (વખાણ)ને પાત્ર છે.

**૨.** એટલે કે જે કામમાં તારું નામ લેવામાં આવે એમાં બરકત થાય અને તારી શાન મખ્લૂક઼ની બુદ્ધિ તથા સમજથી પર છે. આ ઝિક્રમાં રબના આ ફર્માન પર અમલ છે. سَبِّحِ اسْمَ رَبِّکَ الْاَعْلَی "પોતાના રબના નામની પાકી બોલો જે સૌથી બુલંદ છે." (૮૭/૧, કન્ઝુલ ઈમાન)

**૩.** યાદ રાખશો કે سُبْحَانَکَ اللّٰھُمَّ થી નમાઝ શરૂ કરવી હુઝૂર ﷺ થી સાબિત છે. ફક઼ીહો, સાલેહો, ખાસ કરીને ખુલફાએ રાશિદીન, અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદનો એના પર અમલ રહ્યો. ઉમ્મતના મહાન ઉલમા સુફયાન ષૌરી, અહમદ ઈબ્ને હંબલ, ઈસ્હાક ઈબ્ને રાહવિયહ, ઈમામ અબૂ હનીફાનો એના પર અમલ હતો. તાબઈને એઝામનો પણ એ જ મામૂલ રહ્યો. આ હદીષ હઝરત આઈશા સિદ્દીક઼ા, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, હઝરત જાબિર ઈબ્ને મુત્ઈમ અને ઈબ્ને ઉમર વગેરે સહાબાથી મરવી છે. જો ઈમામ તિર્મિઝીની એક અસ્નાદમાં હારિષા ઈબ્ને અબી અર્રિજાલ, રાવી આવી ગયા તો એના કેવળ એક અસ્નાદ ટીકાપાત્ર થશે, નફ્સે હદીષ સહીહ રહેશે. કેમ કે ઘણી અસ્નદોથી મરવી છે અને સહાબા તથા ઉલમાના અમલથી ક઼વી (મજબૂત) છે અને મુસ્લિમ શરીફે ઉમરથી રિવાયત કરી. (અઝ : અશિઅ઼હ તથા મિર્ક઼ાત) તેમજ અબૂ દાઊદની અસ્નાદના સર્વ રાવી સહીહ છે. યાદ રહે કે ફર્ઝો سُبْحَانَکَ اللّٰھُمَّ થી જ શરૂ કરે. નફ્લોમાં ઈખ્તિયાર છે.

*"હઝરત જુબેર ઈબ્ને મુત્ઈમથી રિવાયત છે. તેમણે નબી ﷺ ને નમાઝ પઢતા જોયા. આપે કહ્યું, અલ્લાહ ઘણો જ મહાન છે, અલ્લાહ ઘણો જ મહાન છે. અલ્લાહની ખૂબ જ તારીફો છે, અલ્લાહની ઘણી જ તારીફો છે. સવાર સાંજ અલ્લાહની પાકી બોલીશું ત્રણવાર[1]. હું અલ્લાહની પનાહ માગુ છું શૈતાનથી, તેના તકબ્બુરથી, તેના શેઅરોથી, તેના વસવસાઓથી[2]. (અબૂ દાઊદ, ઈબ્ને માજહ) પણ ઈબ્ને માજહએ અલ્હમ્દુલિલ્લાહનો ઉલ્લેખ નથી કર્યો અને છેવટમાં ફર્માવ્યું, مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ હઝરત ઉમર ફર્માવે છે કે શૈતાનનો નફખ તકબ્બુર છે[3]. નફખ શેઅર અને હમ્ઝ વસવસા[4].*

**૧.** એટલે કે આ ત્રણેવ કલમા ત્રણ ત્રણ વાર ફર્માવ્યા અથવા આ છેલ્લો કલમો પણ પાછલા બે કલ્માઓ જેમ ત્રણ વાર ફર્માવ્યો. બીજો અર્થ અધિક જાહેર છે.

**૨.** જો કે શૈતાનની દરેક બુરાઈથી પનાહ માગવી જોઈએ, પરંતુ કેમ કે આ ત્રણ શરારતો ઘણી જ ખતરનાક છે એટલા માટે ખાસ કરીને એનો ઉલ્લેખ કર્યો. નફ્ષનો અર્થ છે ફૂંકવું. રબ ફર્માવે છે : وَمِنۡ شَرِّ النَّفّٰثٰتِ فِى الۡعُقَدِۙ "અને તે સ્ત્રીઓની બુરાઈથી જે ખાડાઓમાં છે અને ફૂંકે છે." (૧૧૩/૪, કન્ઝુલ ઈમાન) અહીં એની ફૂંકનો નતીજો મુરાદ છે, એટલે જાદૂ અથવા શેઅર. કેમ કે એ બંનેવ શૈતાનની એ ફૂંકથી પેદા થાય છે જે ઈન્સાનના દિલમાં મારે છે. યાદ રાખશો કે શેઅરથી બુરા શેઅર મુરાદ છે એટલે શૈતાની શેઅરો. હમ્દે ઈલાહી, નઅતે મુસ્તફવી એ દીની તથા રહમાની શેઅરો છે.

**૩.** એટલે કે ઈન્સાનના દિલમાં જે ફખ્ર તથા ગુરૂર પેદા થાય છે તે શૈતાનની ફૂંકનું પરિણામ છે, તે દિલમાં નાખે છે કે તું સૌથી મહાન છે, સૌ તારાથી નાના છે. યાદ રાખશો કે અલ્લાહ તથા રસૂલના મુકાબલામાં તકબ્બુર કુફ્ર છે. મુસલમાનના મુકબલામાં ઘમંડ હરામ છે, કાફિરોના મુકાબલામાં ગર્વ ઈબાદત છે. અહીં પહેલાં બે ઘમંડો મુરાદ છે.

**૪.** "મવતુહ" તે વસવસો છે કે જે વહેમ બલ્કે જુનૂન સુધી પહોંચી જાય છે, એટલા માટે શબ્દકોશવાળા લખે છે કે, "મવતુહ" જિન્નાતોનો એક પ્રકાર છે.

*"હઝરત સુમરહ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે હુઝૂર ﷺ થી બે સુકૂત યાદ રાખ્યા : એક ખામોશી જ્યારે તકબીર કહેતા[1] અને બીજી ખામોશી જ્યારે غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ થી ફારિગ થતા[2]. હઝરત ઉબય ઈબ્ને કઅબે આપનું સમર્થન કર્યું. (અબૂ દાઊદ) અને તિર્મિઝી તથા ઈબ્ને માજહ તથા દારમીએ તેના જેમ રિવાયત કરી."*

**૧.** سُبۡحَانَكَ اللّٰهُمَّ પઢવાના માટે. કેમ કે એ તકબીર તથા સૂરએ ફાતિહાની વચ્ચે હોય છે જેથી આ ખામોશી ધીમા અવાજે કિર્અત કરવાના અર્થમાં છે ન કે તદ્દન ખામોશી. આ સુકૂત (ખામોશી) પર સર્વ ઈમામોની એકમતિ છે.

**૨.** હક્ક એ છે કે આ ખામોશીમાં હુઝૂર ધીમેથી આમીન કહેતા હતા અને આગલી સૂરતના માટે ધીમેથી બિસ્મિલ્લાહ પઢતા હતા. જેથી આ હનફીઓની વિરુદ્ધ તદ્દન નથી. શાફઈઓને ત્યાં આ ખામોશી આરામ લેવાના માટે હતી, અને ઈમામ માલિકને ત્યાં આ ખામોશી એટલા માટે હતી કે મુકતદી એ વખતે સૂરએ ફાતિહા પઢી લે, કેમ કે તેમને ત્યાં મુકતદી ઈમામની સાથે ફાતિહા નથી પઢતો બલ્કે બાદમાં પઢે છે, પણ અહનાફની સ્પષ્ટતા ખૂબ મજબૂત છે. આ સુકૂતના બારામાં અન્ય ઘણી રિવાયતો છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ જ્યારે બીજી રકાતથી ઉઠતા તો "અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન"થી કિરાઅત શરૂ કરતા અને ખામોશ તદ્દન ન થતા[1]. સહીહ મુસ્લિમમાં એ જ પ્રમાણે છે. હમીદીએ એને પોતાના ઈફરાદમાં વર્ણન કર્યું. એ જ પ્રમાણે જામેઅવાળાએ કેવળ મુસ્લિમથી."*

**૧.** આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે કે ઈમામ "અલ્હમ્દુલિલ્લાહ"થી કિરાઅત શરૂ કરે, ન કે "બિસ્મિલ્લાહ"થી, કેમ કે "બિસ્મિલ્લાહ" સૂરતનો ભાગ નથી. કેમ કે પ્રથમ રકાતમાં "સુબ્હાનલ્લાહ" આહિસ્તાથી પઢવામાં આવે છે ન કે બીજીમાં, એટલા માટે રિવાયતમાં બીજી રકાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો. સુન્નતે મોઅક્કદાની ત્રીજી રકાતમાં પણ સુબ્હાનલ્લાહ તથા "અઊઝુ" તથા "બિસ્મિલ્લાહ" પઢવામાં આવશે.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**જલૂમેં જો મુર્ગે અક઼્લ ઉળે થે, અજબ બુરે હાલોં કરતે પળતે**
**વો સિદરહ હી પર રહે થે થક કર, ચળ્હા દમ, તયૂર આ ગયે થે**

*(જલૂ = હમરાહી. તયૂર = ચક્કર)*

**અર્થાત :** શબે મેઅરાજ હુઝૂર ﷺની સાથે જે (અક્કલના પક્ષીઓ) ફરિશ્તાઓની મુક઼દ્દસ જમાઅત જઈ રહી હતી એમની હાલત પણ જોવા જેવી હતી. પુષ્કળ ભીડ, તેજ ગતિ તથા થકાવટના કારણે એકબીજાની ઉપર પડી રહ્યા હતા, જાણે કે કુર્બાન થઈ રહ્યા હોય. બાકીનાઓને તો એક તરફ રહેવા દો ખુદ એમના સરદાર (હઝરત જિબ્રઈલ علیہ السلام) પણ થાકીને સિદરતુલ મુન્તહા પર રોકાય ગયા અને બુલંદી તથા કુર્બે મુસ્તફા જોઈને તેમનું માથુ ચકરાય ગયું ! અને આંખની સામે અંધારા જેવું છવાઈ ગયું, જ્યારે કે આ જ તે બુઝુર્ગ છે કે જે અલ્લાહના હુકમથી હુઝૂર ﷺને લેવા માટે આવ્યા હતા.

**મેઅરાજે જિસ્માની અને આયાતે કુર્આની :** ઈર્શાદે બારી તઆલા છે : سبحن الذی اسریٰ بعبدہ لیلا
''પાક છે તે ઝાત જે પોતાના ખાસ બંદા (મુહમ્મદ ﷺ)ને લઈ ગઈ રાતના થોડા સરખા હિસ્સામાં.''

શબ્દ سبحن આશ્ચર્યના મોક઼ા પર બોલવામાં આવે છે. જો કે મેઅરાજે રૂહાની (ખ્વાબમાં) થવું તો આશ્ચર્યની કોઈ વાત જ નથી, ખ્વાબમાં કોઈની પણ સાથે એવું થવું શક્ય છે.

- જ્યારે હુઝૂર ﷺની મેઅરાજ મુક઼દ્દસનું સમર્થન કરવાથી કાફિરોએ ઈન્કાર કરી આપ્યો અને આપના પર એતરાઝ કરવાનુ શરૂ કરી આપ્યું કે જો આપ બૈતુલ મુક઼દ્દસ ગયા છે તો બતાવો એના દરવાજા કેટલા છે, બારીઓ કેટલી છે વગેરે. અલ્લાહ તઆલાએ જિબ્રઈલે અમીનને ફર્માવ્યું કે મારો નબી તો સૈર માટે આવ્યો હતો, કાંઈ દરવાજા તથા બારીઓ ગણવા તો ન આવ્યો હતો ! જલ્દી જા અને બયતુલ મુક઼દ્દસ મારા હબીબની સામે કરી આપ કે જેથી ગણી ગણીને બતાવતો જાય અને કાફિરોનું મોં બંધ થઈ જાય.

પછી તેમણે કહ્યું, સારું ! જો તમે ખરેખર બયતુલ મુક઼દ્દસ ગયા છે તો અમારો એક કાફલો પણ એ તરફ ગયો છે. તો બતાવો એ ક્યારે આવશે ? (ન માનવાનું આ પણ એક બહાનુ હતું, નહીં તો ક઼ાફલાના આવવાનો સમય ન પૂછત, કેવળ એટલું પૂછત કે આપે એ કાફલાને ક્યાં જોયો છે ? કેમ કે જોવા છતાં આવવામાં મોડુ થઈ શકે છે. અથવા આ સવાલથી તેઓ હુઝૂર ﷺનો ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર જોવા ચાહતા હતા.) જેથી આપે તેમનું દરકે હથિયાર નિષ્ફળ કરતાં ફર્માવ્યું કે ફલાણા દિવસે. દા.ત. બુધવારે સૂરજ નીકળતાં જ કાફલો આવી જશે.

શકય હતું કે મક્કાના કાફિરો શરારત રૂપે કાફલાને રોકી દેતા જેથી નઊઝુબિલ્લાહ ! હુઝૂર ﷺની વાત પૂરી ન થાય, પરંતું તેઓ જાણતા ન હતા કે :

*તુમ્હારે મુંહસે જો નિકલી વો બાત હો કે રહી–જો દિનકો કહ દિયા શબ હૈ તો રાત હો કે રહી*

અલ્લાહે પોતાના હબીબને ફર્માવ્યું કે આ મામલામાં પરેશાન થવાની જરૂરત નથી, જ્યાં સુધી કાફલો નહીં આવે સૂરજ ઉગશે જ નહીં ! જેથી બુધની સવારે સૂરજ નીકળતા પહેલાં આશિકાને મુસ્તફા એક પહાડની ટોચ પર ઉભા થઈ ગયા અને મક્કાના કાફિરો બીજા પહાડ પર ઉભા રહીને ઈન્તેઝાર કરવા લાગ્યા. આ બાજુ કાફિરોએ કહ્યું કે સૂરજ નીકળી આવ્યો, તો પેલી બાજુ ગુલામાને મુસ્તફાએ ના'રો લગાડી દીધો કે કાફલો પણ આવી ગયો.

જો એ મેઅરાજ રૂહાની હોત, જિસ્માની (શરીર સાથે) ન હોત તો આ પ્રમાણે હંગામા ખડા ન થાત, બલ્કે આપ કહી આપતે કે ભાઈ ! એમાં આશ્ચર્યની શું વાત છે ! આ પ્રકારનો ખ્વાબ તો તમને પણ આવી શકે છે. અને વળી એનાથી પહેલાં હુઝૂર ﷺને ૩૦ થી વધુ (૩૩) રૂહાની મેઅરાજો થઈ હતી પણ કોઈએ કોઈ વાંધો નથી લીધો. વાંધાઓનું હોવું જ સાબિત કરે છે કે મેઅરાજ શારીરિક હતી.

**એક સવાલનો જવાબ** : કોઈ જો કહે કે હદીષોમાં છે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ પણ શારીરિક મેઅરાજનો ઈન્કાર કરતાં ફર્માવ્યું છે કે મેં આપ ﷺ ગાયબ થયેલ નથી પામ્યું. તો એનો જવાબ એ છે કે આપ (હઝરત આઈશા) કોઈ અન્ય રૂહાની મેઅરાજની વાત કરી રહ્યાં છે, કેમ કે જ્યારે હુઝૂર ﷺને આ મેઅરાજ થઈ છે ત્યારે હઝરત આઈશા رضی اللہ عنہا પણ હુઝૂરના ઘરે આવ્યાં જ ન હતાં. આ મેઅરાજ તો મક્કામાં થઈ, જ્યારે હઝરત આઈશા رضی اللہ عنہاની વિદાયગીરી મદીનામાં જઈને થઈ.

બીજો જવાબ એ છે કે હુઝૂર ﷺ તો જાને કાઈનાત છે. જ્યારે આપ તશરીફ લઈ ગયા તો હસ્તીની નબ્ઝ રોકાઈ ગઈ અને જે જ્યાં હતુ ત્યાં સ્થિર તથા જામ થઈ ગયું, તો કોઈને શું ખબર કોઈ ગાયબ થયું કે નહીં ?! પરત તશરીફ લાવ્યા ત્યારે સર્વ સ્થિર થયેલ વ્યવસ્થા ચાલુ થઈ. એટલા માટે સાંકળ હલી રહી હતી, પથારી ગરમ હતી, પાણી વહી રહ્યું હતું. જાણે કપડાની મિલ વીજળીના થકી ચાલી રહી હોય અચાનક વીજળી ચાલી જાય તો જે દોરો જ્યાં હતો ત્યાં જ રોકાય જશે. પછી જ્યારે વીજળી આવશે, ભલે કેટલાય કલાકો બાદ આવે તો એ જ જગાએથી ફરીથી કામ શરૂ થઈ જશે.

- ❑ રિવાયતમાં આવ્યું છે કે ઘણા બધા કમજોર ઈમાનવાળા લોકો મેઅરાજના મોજિઝાને અક્કલના ત્રાજવા વડે તોલનારા આ મોજિઝાનો ઈન્કાર કરીને મુર્તદ થઈ ગયા. આ પરથી પણ જિસ્માની મેઅરાજનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.
- ❑ કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ (بعبدہ) "બિઅબ્દિહી" ફર્માવ્યું છે, بروحه (બિરૂહિહી) નથી ફર્માવ્યું. અને "અબ્દ" રૂહ તથા શરીરના સંગમને કહે છે. રૂહ ન હોય તો અબ્દ નથી કહી શકતા, બલ્કે એને કહે છે કે જનાઝો જઈ રહ્યો છે. અને જો અહીં રૂહ મુરાદ લેશો તો દરેક જગાએ પછી રૂહ જ મુરાદ લેવાશે. مما نزلنا علی عبدنا શું અલ્લાહે હુઝૂર ﷺની રૂહ પર કુર્આન ઉતાર્યું છે ? કે પછી જિસ્મવાળી રૂહ પર ? મૂસા علیہ السلامને ફર્માવવામાં આવ્યું : اسر عبادی "મારા બંદાઓને રાતોરાત લઈને નીકળી જાવ." શું એનો

મતલબ પણ એ થશે કે શરીરોને રહેવા દો અને રૂહોને લઈને નીકળી જાવ ! એ જ પ્રમાણે : اَرَءَيْتَ الَّذِيْ يَنْهٰى ۙ عَبْدًا اِذَا صَلّٰى ؕ (વળી જુઓ તો જે મના કરે છે બંદાને જ્યારે તે નમાઝ પઢે. *સૂરએ અલક, ૯૬/૯,૧૦*) અને وَّ اَنَّهٗ لَمَّا قَامَ عَبْدُ اللّٰهِ يَدْعُوْهُ كَادُوْا يَكُوْنُوْنَ عَلَيْهِ لِبَدًا ؕ (જ્યારે અલ્લાહનો બંદો તેની બંદગી કરવા ઉભો થયો તો નજીક હતું કે તે જિનો તેના પર ટોળે ટોળાં થઈ જાય. *–સૂરએ જિન, ૭૨/૧૯*) જેવી કુર્આની આયતોને સમજવામાં સખત મુશ્કેલી તથા ઉલઝન પેદા થશે.

**મેઅરાજ શરીફની ત્રણ મંઝિલો** : આ આયતે કરીમાથી મેઅરાજ શરીફની ત્રણ મંઝિલો અને હુઝૂર ﷺની ત્રણ હાલતો વિશે દલીલો કરવામાં આવેલ છે. જેમ કે હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફવાઈદુલ ફવાઈદ શરીફ, પેજ નં. ૩૦૮ પર ફર્માવે છે : મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી 'અસ્રા' છે. ત્યાંથી આસ્માનો સુધી મેઅરાજ છે. જેમ કે હદીષમાં : ثُمَّ عُرِجَ بِيْ અને એનાથી ઉપર قاب قوسين او ادنیٰ સુધી ''એઅરાજ'' છે.

પહેલી મંઝિલનો સંબંધ આપની બશરિયતથી છે. બીજાનો સંબંધ આપની નૂરાનિયત, રૂહાનિયત તથા માલિકીપણાથી છે. અને ત્રીજાનો સંબંધ આપની હકીકત તથા મુહમ્મદિયતથી છે પણ સર્વ મંઝિલો રૂહવાળા શરીર તરફથી જ પાર પડી. પ્રથમ મંઝિલનું વર્ણન من المسجد الحرام الی المسجد الاقصیٰમાં છે. બીજાનો નિર્દેશ لنريه من اٰياتناમાં છે, અને ત્રીજાનો નિર્દેશ : اجمال انه هو السميع البصيرની તફસીલમાં છે : પ્રથમનો મુન્કિર (નકારનાર) **કાફિર,** બીજાને નકારનાર **ગુમરાહ** અને ત્રીજાને નકારનાર **બદનસીબ** તથા **મેહરૂમ** છે.

**ક્વી થે મુરગાને વહમ કે પર ઉળે તો ઉળનેકો દમ ભર**
**ઉઠાઈ સીનેકી ઐસી ઠોકર કે ખૂને અંદેશા થૂકતે થે**

**અર્થાત** : વહેમ તથા ખયાલ પણ મુસ્તફા ﷺની ગતિ સુધી નથી પહોચી શકતા, ભલે વહેમ તથા ગુમાનની પાંખો ઘણી શક્તિશાળી હોય છે. (કેમ કે દરેક બુલંદીની કલ્પના તો કરી શકાય છે) પરંતું થોડીવાર માટે ખયાલોએ ઉડ્ડયન કર્યું પછી એવી ઠોકર ખાધી કે લોહીની ઉલ્ટી થવા લાગી. એટલે કે થાકી હારીને બેસી ગયા.

**સુના યહ ઈતનેમેં અર્શે હક્ક઼ને કહા મુબારક હોં તાજવાલે**
**વહી ક઼દમ ખૈરસે ફિર આયે જો પહલે તાજે શરફ તેરે થે**

**અર્થાત** : એ જ અરસામાં અર્શે મુઅલ્લાએ એ વાત સાંભળી લીધી અને ખુશ થઈને મચલી ઉઠયો કે લો ભાઈ ! અમારી પણ વાત બની ગઈ છે ! કે તાજે રિસાલત તથા નબુવ્વતવાળા મારા ઉપર નાલૈન સાથે તશરીફ લાવી રહ્યા છે, હું તો ખૂબ બોસા લઈશ ! અલ્લાહ કરે ખૈર તથા આફિયત સાથે મારી પાસે પહોંચી જાય (ક્યાંક જિબ્રઈલ અમીનની જેમ મારી ખ્વાહિશ પણ દિલમાં ન રહે. તેમણે પણ ખ્વાહિશ કરી હતી કે હુઝૂર ﷺની સંગાથે મને પણ કુર્બે ખુદાનો તે દરજો હાંસલ થઈ જશે, પણ સિદરહથી આગળ ન જઈ શક્યા) આપના ક઼દમ મુબારક તો પહેલાં જ મારા માટે શરાફત તથા અઝમતનો તાજ છે, હવે તો તેમની અઝમત મારી નિગાહોમાં ઔર પણ અધિક થઈ ગઈ. *(ક્રમશઃ)*

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્ફ઼િયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ ત઼ાક઼િયા (ટોપી) ખુદાની રહમતનો સામાન છે ★

હે દુરવેશ ! મેં અવલિયા અલ્લાહની કિતાબોમાં લખેલુ જોયું છે કે સાહિબે ત઼ાકિયા (મુર્શિદે બરહક઼ની ખિલાફતની ટોપી ધરાવનાર) જે ઈતાઅત, ઈબાદત તથા મુજાહિદા કરે છે એ કુલાહ (ટોપી) પહેરીને કરે છે જેથી ખૂબ જ પ્રમાણમાં રહમતે ખુદાવંદીનો સાયો તેના પર છવાઈ જાય છે કેમ કે આ મુક઼દ્દસ નેઅમત ખુદાવંદે કરીમની રહમતનો મંડપ (આશિયાના) હોય છે. અને ક઼યામતના દિવસે જ્યારે ત઼ાક઼િયાધારી ઉઠશે તો આ નેઅમત આગ અને તેની વચ્ચે આડ બનીને એવી દૂરીની હદ સ્થાપિત કરી આપશે જેનું અંતર ૫૦૦ વરસનુ હશે.

ફર્માવ્યું, એકવાર મેં એક આરિફ઼ બિલ્લાહથી સાંભળ્યું કે માણસ ઈર્ફાને ખુદાવંદીથી માલામાલ એ વખતે થાય છે જ્યારે એક કામિલ રેહબરના હાથમાં હાથ આપીને મુજાહિદા તથા રિયાઝતો કરીને ત઼ાક઼િયાપોશીના શરફથી મુશર્રફ થાય છે.

### ★ કહેવાતા ખલીફાઓને ચેતવણી ! ★

હઝરત ખ્વાજા ઈબ્રાહીમ બલ્ખી رحمۃ اللہ علیہથી મુરીદોએ સવાલ કર્યો, હઝરત ! દીન તથા દુનિયાની સઆદત (સદનસીબી) કઈ વાતમાં છે ? આપે ફર્માવ્યું, મેં ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે દીન તથા દુનિયા સઆદત (નેક નસીબી) ત઼ાક઼િયા (ટોપી)ની નીચે છે જે એને પહેરે છે અને એનો હક઼ અદા કરે છે તે દીન તથા દુનિયાની નેક નસીબીથીથી ફયઝયાબ થાય છે.

એકવાર એક શખ્સ જે સાહિબે ત઼ાક઼િયા હતો તે એવા કામમાં મશ્ગૂલ થઈ ગયો કે અલ્લાહની રઝાની વિરૂધ્ધ હતું. જ્યારે એક કામથી પરવાર્યો તો ગયબથી નિદા કરનારે અવાજ આપ્યો, **હે જૂઠા દાવેદાર ! રસૂલુલ્લાહ ﷺની કુલાહ મુબારક માથા પર રાખવાનો દાવો કરે છે અને આવા કુકર્મોમાં પડે છે ?!** ક્યાં તો તું કુકર્મથી તૌબા કર નહીં કુલાહે દુરવેશાં (દુરવેશાની ટોપી – ખિલાફત)ને પરત કરી દે કે જેથી તે એનો એહતેરામ સાચવી રાખે અને એની બેઅદબી ન થાય. કેમ કે ખુદાવંદીની મન્શા એ દુરવેશને સીધા માર્ગ પર લાવવાની હતી એટલા માટે એ અવાજ પોતાનુ કામ કરી ગયો. તેણે પોતાના કુકર્મથી સંપૂર્ણપણે તૌબા કરી અને ખાનએ કાબામાં ચાલ્યો ગયો. ચાલીસ વરસો સુધી ખાનએ કાબામાં મોઅતકિફ રહ્યો. જ્યારે ઈન્તેક઼ાલ કર્યો તો દફન પણ ત્યાં મુઅલ્લાની ખાકમાં થયો.

હઝરતે ફર્માવ્યું, મેં મારા શયખ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે,

દુરવેશ ત્યારે કુલાહ નવાઝીને પાત્ર બને છે જ્યારે તેનામાં રઝાએ ઈલાહીથી ચાર ચીજો પેદા થઈ જાય છે : ૧. એ કે પોતાની મસ્નદથી કઝાએ હાજત સિવાય ન ઉઠે. અને પોતાની ખાનકાહનો દરવાજો કોઈ શખ્સના માટે ન ખોલે જ્યાં સુધી કે આલમે ગયબથી એનો ઈઝહાર ન થાય. ૨. એ કે જો કોઈ શખ્સ નિય્યતે ઈરાદત (મુરીદ થવાની નિય્યત) લઈને ખિદમતમાં હાજર થાય અને તસવ્વુફની કુલાહ (ટોપી)ની દરખાસ્ત કરે તો જ્યાં સુધી તેના જાહેર તથા બાતિનને નૂરે મઅરેફતથી સાફ ન જોઈ લે ત્યાં સુધી કુલાહ (ખિલાફતની ટોપી) તેના હવાલે ન કરે. ૩. એ કે એમના જમાઅતખાનામાં ઈલ્મે દીનનો પ્રચાર થાય. જ્યારે શરીઅતના મસાઈલના બારામાં તેને સવાલ કરવામાં આવે તો તરત જવાબ આપે, કિતાબના હવાલાની તેને જરૂરત ન પડે. ૪. એ કે તેની પાસે વિલાયતનો તે દરજો હોય કે જે મુરીદનો હાથ પકડે તેને ખુદા સુધી પહોંચાડીને છોડે. એવા શખ્સને પોતાનો સજ્જાદાનશીન બનાવે અથવા કમસે કમ સજ્જાદાનશીન ન બનાવે તો પોતાના બરાબર તેને લઈ જાય.

હઝરતની વાતચીત આ જગાએ પહોંચી તો ઝોહરની અઝાન થઈ ગઈ. આપ દોલતખાનામાં તશરીફ લઈ ગયા અને અમે ગુલામો પરત અમારાં ઘરોએ આવી ગયા. اَلحَمدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## (તેરમો વિભાગ)

## ★ દુરવેશી વિશે ચર્ચા ★

કદમબોસીની સઆદત નસીબ થઈ. મૌલાના મુહમ્મદ સૂફી, ખ્વાજા અઝીઝ દુરવેશ, મૌલાના યહ્યા ગરીબ, શયખ બદરૂદ્દીન ગઝનવી, શયખ જમાલુદ્દીન હાંસવી, શયખ જમાલુદ્દીન ગરીબ, શયખ અલાઉદ્દીન દુરવેશ તથા અન્ય મુરીદો મજલિસમાં શરીક હતા. દુરવેશીના બારામાં વાતચીત ચાલી.

## ★ સૈયદ કાઈનાત ﷺની શાને ફક્ર ★

હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, અસલ દુરવેશી તો તે હતી જે રસૂલુલ્લાહ ﷺએ અખત્યાર કરી, એમ છતાં પણ કે આપ કાઈનાતના માલિકો મુખ્તાર હતા, પરંતુ આપે એ જ ફર્માવ્યું કે ફકીરીમાં મને ફખ્ર છે. દુરવેશીની કંબલ અપનાવી અને ફક્રો ફાકાની જિંદગીને અગ્રતા આપી. જ્યારે આપે દુરવેશીની કંબલને અપનાવી તો હિજાબે અઝમતથી લઈને આસ્માને અવ્વલ સુધી તમામ આલમે મલકૂત (ફરિશ્તા જગત)ને હુકમ થયો કે તમો સૌ દુરવેશીની કંબલ પહેરો. જ્યારે બધાએ એને પહેરી લીધી તો એક સાથે સજદામાં માથુ રાખીને અર્ઝ કરી, બારે ખુદા ! એ કોણ મહાન હસ્તી છે જેની પયરવીમાં અમને કંબલ પહેરવાનો હુકમ આપવામાં આવ્યો. હુકમ થયો, એ અમારા હબીબ અને સૈયદુર્રસુલ મુહમ્મદ મુસ્તફા ﷺ છે. આજે તેમણે કંબલ ઓઢી અને દુરવેશીને કબૂલ કરી. અમે મલકૂતે આ'લાની આખી દુનિયાને એમની તકલીદ તથા અનુસરણનો હુકમ આપી દીધો.

જો રસૂલુલ્લાહ ﷺ દુરવેશી કબૂલ ન કરતા અને તેમની દુરવેશીની બરકત કાયનાતને ઘેરેલ ન હોત તો આ કાયનાત અત્યાર સુધીમાં તબાહ તથા બર્બાદ થઈ ચૂકી હોત.

## ★ દુરવેશનો મકામ ★

હઝરત ઈસા علیہ السلامએ દુઆના સમયે પરવરદિગારે આલમથી સવાલ કર્યો, ઈલાહી ! આ દુનિયા તથા તેમાં જે કાંઈ છે એનો કયામ તથા સાબિત રહેવુ કઈ ચીજમાં છે ? ફર્માન થયું, દુરવેશોના નેક નસીબીવાળા કદમોના થકી હે ઈસા ! જો આ દુનિયામાં દુરવેશ મૌજૂદ ન હોત અથવા જમીનનો ફર્શ આ હઝરતને કબૂલ કરવામાં આનાકાની કરત તો ગનીઓ

(માલદારો)ને હું જમીનમાં ધસાવીને તબાહ તથા બર્બાદ કરી આપત.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! જો દુનિયામાં કોઈ માણસની હમેશગી નેકબખ્તી તથા બંને જહાનની ભલાઈનો સબબ છે તો એ જ ગોદડીપોશ હઝરાત (અલ્લાહના વલીઓ)ના લીધે છે, કેમ કે જો આરિફે સુહવર્દ ખ્વાજા શહાબની ખાનકાહે મુઅલ્લામાં કોઈ દુરવેશ આવતો નહીં તો ફર્માવતા, આજે અમને મહાન નેઅમતથી મેહરૂમ રાખવામાં આવ્યા, કેમ કે કોઈ દુરવેશ આજે અમારે ત્યાં મહેમાન નથી થયો.

હુઝૂરે અકરમ ﷺ એકવાર બેઠેલા હતા એવામાં જિબ્રઈલે અમીન હાજર થયા અને અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ આપનો પરવરદિગાર ફર્માવે છે કે હે મારા હબીબ ! ફક઼ીરોથી મહોબ્બત કર્યા કરો અને પોતાની નજીક રાખ્યા અને તેમનાથી દોસ્તી બનાવો અને તેમની નજીક રહ્યા કરો.

રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે **એક સાબિર દુર્વેશની બે રકાત નમાઝનો દરજો શાકિર માલદારની સિત્તેર રકાતો કરતાં વધીને છે,** અને શાકિર માલદાર પણ તે જે પોતાનું સર્વ કાંઈ ખુદાની રાહમાં ખર્ચ કરવાથી સંકોચ ન કરતો હોય.

સૈયદના સુલેમાન عليه السلامનો મામૂલ (નિત્યક્રમ) હતો કે જ્યારે ઈફતારીનો સમય થતો તો મસ્જિદોમાં ગશ્ત લગાડતા. જ્યાં ક્યાંક કોઈ ભૂખ્યો માણસ બેઠેલો હોતો તેની સાથે રોઝો ઈફતાર કરતા, અને પરત આવી જતા.

ક઼યામતના દિવસે માલદારોથી જ્યારે તેમની માલ સંપત્તિનો હિસાબ લેવામાં આવશે ત્યારે દુરવેશોને છોડી દેવામાં આવશે. શયખ અવહદુદ્દીન કિર્માનીએ ફર્માવ્યું, ક઼યામતના દિવસે દુરવેશ હઝરાતને કહેવામાં આવશે, તમે લોકો મીઝાને અદાલત પાસે ચાલ્યા જાવ અને જુઓ કે જે શખ્સે દુનિયામાં રજમાત્ર આપની ખિદમત કરી છે, અમે આપને અખત્યાર આપીએ છીએ કે તેમને હિસાબના મીઝાનથી પરત કરી લો અને તમારી સાથે જન્નતમાં લઈ જાવ.

ક઼યામતના દિવસે એક શખ્સે પેશ કરવામાં આવશે. તેનાથી નમાઝ રોઝા તથા હજના બારામાં પૂછતાછ કરવામાં આવશે. અને જ્યારે પૂછતાછ સંપૂર્ણ થઈ જશે તો અઝાબના ફરિશ્તાઓને હુકમ થશે કે જાવ ! એને દોઝખમાં લઈ જાવ ! તે શખ્સ અર્ઝ કરશે, ઈલાહી ! મેં દુનિયામાં ઘણા નેક કામો કર્યા છે, તો મારા કયા જુર્મ પર મને દોઝખમાં નાખવામાં આવી રહ્યો છે ? હુકમ થશે, તમે દુનિયામાં ખુદાના દરવેશોથી મોંઢુ ફેરવતા હતા આજે અમે તમારાથી વિમુખ (નારાજ) થઈએ છીએ, અને તારી સર્વ ફર્માંબરદારી તથા ઈબાદતને તારા મોંઢા પર મારીએ છીએ, એટલે તેને રદ કરીએ છીએ. તેના પછી એક અન્ય માણસને લાવવામાં આવશે. ફર્માન થશે, એને જન્નતમાં લઈ જાવ ! તે માણસ આશ્ચર્યમાં પડી ને અર્ઝ કરશે, ઈલાહી ! આ ઈનાયત શા માટે છે ? જવાબ આવશે ? હે ફલાણ ! અમે જાણીએ છીએ કે તેં દુનિયામાં મહાન ગુનાહ કર્યા, પરંતુ તારી એ ખૂબી પણ હતી કે જો એક રૂપિયો પણ તારા હાથમાં આવતો તો મારા બંદાઓની ખિદમત માટે તું ખર્ચી કાઢતો હતો, અને તેમનાથી પ્યાર કરતો હતો. એ જ દુરવેશોની દુઆથી બરકતથી આજે તેં જહન્નમના અઝાબની મુક્તિ પામી. દુરવેશીની નેઅમતથી વધીને કોઈ નેઅમત નથી પરંતુ એને પ્રાપ્તિ ખૂબ જ મુશ્કેલ છે. *(ક્રમશ:)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

## તઝકેરતુલ અવલિયા

رحمۃ اللہ علیہ

# હઝરત સુફયાન સૌરી

## હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૪૪

**ઓળખ** : આપ શરીઅત તથા તરીકતમાં કામિલ અને ઉલૂમે રિસાલતના વારસ હતા, જેના કારણે પબ્લિકે આપને અમીરુલ મો'મિનીનો ખિતાબ આપ્યો હતો અને જાહેરી તથા બાતિની ઈલ્મો પર આપને સંપૂર્ણ પહોંચ હાંસલ હતી. અને ઘણા બધા મશાઈખે કિરામ આપની સોહબતથી ફયઝયાબ થયા. એકવાર હઝરત ઈબ્રાહીમે આપને હદીષની સમાઅતની (સાંભળવાની) દા'વત આપી અને જ્યારે આપ ત્યાં પહોંચી ગયા તો ફર્માવ્યું કે મારે તો કેવળ આપના ઈખ્લાસની કસૌટી કરવી હતી, નહીં તો હકીકતમાં કોઈ કામના હેતુથી નથી બોલાવ્યા.

આપ જન્મથી મુત્તકી હતા કે એકવાર આપનાં માએ સગર્ભાવસ્થામાં પડોશીની કોઈ ચીજ વિના ઈજાઝતે મોં પર રાખી લીધી તો આપે પેટમાં તડપવાનું શરૂ કરી દીધું અને જયાં સુધી તેમણે પડોસીથી માફી ન ચાહી આપનો અજંપો ખત્મ ન થયો. અને આપના તાઈબ થવાનો (તૌબા કરવાનો) બનાવ એ છે કે એક વખતે મસ્જિદમાં દાખલ થતી વખતે પ્રથમ ડાબો પગ મસ્જિદમાં રાખી દીધો, જેના પછી એ નિદા આવી કે, હે સૌર ! (બળદ) મસ્જિદના હક્કમાં ગુસ્તાખી સારી નથી ! બસ, એ જ દિવસથી આપનું નામ સૌરી પડી ગયું. તો એ નિદા સાંભળીને ખૌફનો એવો પ્રભાવ છવાયો કે બેહોશ થઈને પડી ગયા અને હોશ આવ્યા બાદ આપ મોઢા પર તમાચા લગાડતા કહેવા લાગ્યા કે, બેઅદબીની એવી સજા મળી કે મારું નામ જ ઈન્સાનિયતના દફતરથી કટ કરી દેવામાં આવ્યું. જેથી હે નફ્સ ! હવે એવી બેઅદબીની હિંમત કદી ન કરતો.

એકવાર કોઈના ખેતરમાં આપનો કદમ પડી ગયો તો તરત નિદા આવી કે હે સૌર ! દેખભાળ કરીને પગ મૂક ! હઝરત લેખક ફર્માવે છે કે જેના પર ખુદાનો આટલો મોટો કરમ હોય કે કેવળ એક કદમ ગલત પડવા પર ચેતવણી આપવામાં આવી તો તેને બાતિની (આંત્રિક) કૈફિયત કેવી હશે !

આપ ફર્માવ્યા કરતા હતા કે હુઝૂરે અકરમ ﷺના જેટલા પ્રમાણમાં અકવાલ સાંભળ્યા એના પર અમલ કરતો રહ્યો. આપનો એ કૌલ હતો કે મુહદ્દિષોએ ઝકાત અદા કરવી જોઈએ. એટલે કે બસો હદીષોમાંથી કમસે કમ પાંચ હદીષો પર અમલ કરવો જરૂરી છે.

### ★ અગ્નિપૂજક ડૉક્ટર મુસલમાન થઈ ગયો ! ★

એકવાર નમાઝની હાલતમાં સમયના ખલીફાએ પોતાની દાઢી પર હાથ ફેરવી લીધો તો આપે ફર્માવ્યું કે આવી નમાઝ તદન બેહકીકત છે અને કયામતમાં તારી નમાઝ દડાની જેમ મોં પર મારી દેવામાં આવશે. ખલીફાએ ધમકાવીને કહ્યું કે ચૂપ રહો ! આપે ફર્માવ્યું, સાચી વાત કહેવામાં ખામોશી કેવી ?! આ સાંભળતાં જ ખલીફાએ ગુસ્સે થઈને હુકમ આપી દીધો કે એને ફાંસી આપી દો ! અને બીજા દિવસે બરાબર ફાંસીના સમયે આપ એક બુઝુર્ગ હઝરત સુફયાન બિન ઓયૈનીની જાંગ પર માથુ રાખીને પગો ફેલાવીને આંખો બંધ કરેલ સ્થિતિમાં હતા. અને લોકોએ કહ્યું કે ફાંસીનો સમય નજીક છે. તો ફર્માવ્યું કે મને એનો રજમાત્ર ડર નથી, પણ હક્કગોઈથી કદી પાછો હટીશ

r **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ r **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

નહીં. પછી અલ્લાહ તઆલાને અર્ઝ કરી કે હે અલ્લાહ ! ખલીફા મને વિના વાંકે સજા આપવા ચાહે છે એટલા માટે એને બદલો મળવો જોઈએ. આ દુઆ કરતાં જ એક ધમાકા સાથે જમીન ફાટી અને ખલીફા વઝીરો સહિત તેમાં ધસતો ગયો. અને જ્યારે લોકોએ અર્ઝ કરી કે આટલી જલ્દી અસરકારક દુઆ અમે કદી નથી જોયી ! તો ફર્માવ્યું કે મારા હક્કના ઈઝહારના કારણે દુઆ જલ્દી અસરકારક બની ગઈ. બીજો ખલીફા પહેલા ખલીફાનો અનુગામી બન્યો તો આપના અક્રીદતમદોમાં સામેલ રહ્યો. જેમ કે આપ બીમાર પડયા તો ઈલાજ કરવા માટે તેણે એક નિષ્ણાત ડોકટરને મોકલ્યો, પણ તે અગ્નિપૂજક હતો અને તેણે આપના પેશાબની તપાસ કર્યા બાદ બતાવ્યું કે તેમનું જિગર ખૌફે ઈલાહીથી ટુકડા ટુકડા થઈ ગયું છે, તે રજકણો પેશાબમાં આવી રહી છે. પછી તેણે કહ્યું કે મઝહબમાં આવા લોકો હોય તે મઝહબ કદી બાતિલ (જૂઠો) નથી હોય શક્તો, આવુ કહીને સાચા દિલથી તે મુસલમાન થઈ ગયો. અને જ્યારે આ બનાવ ખલીફાએ સાંભળ્યો તો કહ્યું કે મેં તો ડોકટરને બીમારની પાસે મોકલ્યો હતો, હવે જણાયું કે બીમાર ડોકટર પાસે પહોંચી ગયો !

### ★ ઈમાનની સલામતીની દુઆ કર્યા કરો ! ★

આપ યુવાનીમાં જ વાંકી પીઠવાળા થઈ ગયા હતા. અને લોકોના બેહદ આગ્રહ પર બતાવ્યું કે મરતી વખતે મારા ઉસ્તાદે કહ્યું કે મેં હિદાયત તથા ઈબાદતમાં પચાસ વરસો ગુજાર્યા છતાં મને એ હુકમ મળ્યો કે તું મારી બારગાહના લાયક નથી. અને અમુકે આ બનાવને આ રીતે લખ્યો છે કે આપે એવું ફર્માવ્યું કે, મારા ત્રણ ઉસ્તાદો જે ખૂબ જ અધિક પ્રમાણમાં આબિદ તથા ઝાહિદ હતા. મૌતથી પહેલાં ત્રણેવ યહૂદી, નસરાની તથા અગ્નિપૂજક થઈ ગયા, અને આ બનાવથી પ્રભાવિત થઈને મારા પર એવો ખૌફનો પ્રભાવ છવાયો કે મારી કમર ઝુકી ગઈ અને દરેક સમયે રબથી ઈમાનની સલામતીની દુઆ કર્યા કરું છું.

### ★ દુનિયાની દૌલતથી બેપરવાઈ ★

કોઈએ અશરફીઓની બે થેલીઓ મોકલતાં આપની ખિદમતમાં એ પયગામ મોકલ્યો કે આપ મારા પિતાના દોસ્ત છો અને હવે તે મૃત્યુ પામી ગયા છે, પરંતુ તેમની પાકીઝા કમાઈમાંથી આ થેલીઓ આપની ખિદમતમાં મોકલી છે, આપ એને આપના ખર્ચાઓ માટે કબૂલ કરી લો. પરંતુ આપે તે થેલીઓ પરત કરતાં પયગામ મોકલ્યો કે તમારા પિતા સાથે મારા સંબંધો કેવળ દીનના માટે હતા ન કે દુનિયાના માટે. અને આ બનાવની ખબર જ્યારે આપના સાહબઝાદાને થઈ તો તેમણે અર્ઝ કરી કે, હું નાદાર તથા બાળબચ્ચાંવાળો છું, જો આ રકમ આપ મને આપી દેત તો મારાં ઘણા કામો નીકળી શક્તાં હતાં. આપે ફર્માવ્યું કે હું દીની સંબંધને દુનિયવી બદલામાં વેચી નથી શકતો, અલ્બત્ત ! જો એ શખ્સ જાતે તમને આપી દે તો તમે વાપરી શકો છો.

આપ કોઈનાથી કાંઈ લેતા ન હતા. અને એક શખ્સે જ્યારે આપની ખિદમતમાં કોઈ તોહફો પેશ કર્યો તો આપ કબૂલ ન કર્યો. અને જ્યારે એ શખ્સે અર્ઝ કર્યું કે આપે તો કદી મને નસીહત પણ નથી કરી કે જેથી એવું સમજી લેવામાં આવે કે હું એનો બદલો આપી રહ્યો છું. આપે ફર્માવ્યું કે મેં તમારા અન્ય મુસલમાન ભાઈઓને તો રસ્તો બતાવ્યો છે, અને જો હું તમારો તોહફો સ્વીકારી લઉં તો શક્ય છે કે મારા દિલમાં તમારું આકર્ષણ જાગે, અને એનું જ નામ દુનિયા છે ! જેથી હું ખુદા સિવાય કોઈ અન્ય બાજુ ખેંચાવા નથી માગતો.

આપ એક શખ્સની સાથે કોઈ રઈસના મહેલ પાસેથી પસાર થયા. તો આપની સાથેવાળા શખ્સે મહેલને ધ્યાનપૂર્વક જોયો. આપે તેને મના કરતાં કહ્યું

કે માલદારો મકાન બનાવવામાં ખૂબ જ ફુઝૂલખર્ચીથી કામ લે છે, તેને જોનારો પણ ગુનેહગાર થઈ જાય છે !

આપ આપના એક પડોશીના જનાઝામાં શરીક થયા તો એ વખતે તમામ લોકો મર્હૂમની પ્રશંસા કરી રહ્યા હતા, આપે ફર્માવ્યું કે તે તો મુનાફિક્ હતો. પહેલેથી ખબર હોત તો જનાઝામાં કદાપિ શરીક ન થાત. અને એની મુનાફિકતની દલીલ એ છે કે દુનિયાવાળાઓ તેની પ્રશંસા કરી રહ્યા છે. એનાથી જાણવા મળ્યું કે એનો દુનિયાવાળાઓ સાથે ખૂબ જ ગાઢ સંબંધ હતો અને એ જ ચીજ એની મુનાફિક્ત માટે દલીલ પૂરી પાડે છે. એકવાર આપે ઉલ્ટો કુર્તો પહેરી લીધો. અને જ્યારે લોકોએ સીધો કરવા માટે કહ્યું તો ફર્માવ્યું કે મેં તો ખુદાને માટે પહેર્યો છે તો પછી મખ્લૂક્ના કહેવાથી સીધો શાથી કરું !

એક નવયુવાને હજ્જથી મેહરૂમ રહી જવા પર ઠંડી આહ ભરી, તો આપે ફર્માવ્યું કે મેં ચાર હજ્જ કર્યા છે અને એનો અજર હું તને એ શર્ત પર આપવા તૈયાર છું કે તું તારી આહનો બદલો મને આપી દે. જેથી જ્યારે તેણે શર્ત મંજૂર કરી લીધી તો આપે હસ્તે ચેહરે પોતાના સર્વ હજોનો સવાબ તેને મુન્તક઼િલ કરી આપ્યો. પછી આપે ખ્વાબ જોયો કે કોઈ એવું કહી રહ્યો છે કે તમે એક આહ ખરીદીને એ નફો હાંસલ કરી લીધો છે કે જો એ નફાને અરફાતવાળાઓ પર વહેંચવામાં આવે તો સૌ માલામાલ થઈ જાય.

ખાતી વખતે એક કૂતરો આવીને ઉભો થઈ ગયો અને આપે તેને રોટી નાખી દીધી. અને જ્યારે લોકોએ સવાલ કર્યો કે આપ બીવી બચ્ચાંની સાથે ખાવા કેમ નથી ખાતા ? ફર્માવ્યું કે તેઓ સૌ ખુદાની ઈબાદતમાં આડ બની જાય છે, પરંતું આ કૂતરો મારી હિફાઝત કરે છે જેના કારણે હું પુરસુકૂન થઈને યાદે ઈલાહીમાં વ્યસ્ત રહું છું.

એકવાર આપ ગિર્યાઓ ઝારી કરતા કરતા હજ્જના સફર પર રવાના થયા. એ વખતે લોકોએ સમજ્યું કે કદાચ ગુનાહોના ડરથી આ હાલત છે. પરંતું આપે ફર્માવ્યું કે હું તો એટલા માટે રડી રહ્યો છું ન જાણે મારા ઈમાનમાં કાંઈ સચ્ચાઈ પણ છે કે નહીં ! અને ગુનાહોની ફિકર તો એટલા માટે નથી કે રહમતે ખુદાવંદીની સરખામણીમાં ગુનાહ એ હક઼ીક઼ત વિનાની ચીજ છે ! (ક્રમશઃ)


**ક઼ાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

**મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**


**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## બયએ ફુઝૂલીનું બયાન

ફુઝૂલી એને કહેવામાં આવે છે કે જે ઈજાઝત (સંમતિ) વગર બીજાના હક્કમાં ફેરફાર કરે.

**મસ્અલા** : ફુઝૂલીએ જે કંઈ ફેરફાર કર્યો તે જો સોદા વખતે એનો મુજીર હોય અર્થાત એવો માણસ હોય કે જે જાઈઝ કરાર દઈ શકતો હોય તો સોદો બંધનકર્તા (મંઝૂર) થઈ જાય છે. પરંતુ મુજીરની ઈજાઝત પર મોકૂફ રહે છે અને જો સોદા વખતે મુજીર હાજર ન હોય તો સોદો બંધનકર્તા નથી થતો. ફુઝૂલીએ કરેલો ફેરફાર કોઈ વખત માલિકી પ્રકારનો હોય છે જેમ કે વેચાણ, નિકાહ. અને કોઈ વાર રદ (ફોક) કરવા પ્રકારનો હોય છે જેમ કે તલાક, ઈત્તાક). દા.ત. ફુઝૂલીએ કોઈની ઓરતને તલાક દીધી અથવા ગુલામને આઝાદ કર્યો, દેવું માફ કર્યું, તેણે તેના ફેરફારોને જાઈઝ કરી દીધા તો લાગુ થઈ જશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ફુઝૂલીના સોદાને જાઈઝ કરવા માટે શર્ત એ છે કે માલ હાજર હોય, જો જતો રહ્યો (માલ ન હોય) તો સોદો જ ન રહ્યો પછી કઈ ચીજને જાઈઝ કરાશે ? અને એ પણ જરૂરી છે કે સોદો કરનાર બંને પક્ષ અર્થાત ફુઝૂલી તથા ખરીદનાર બંને પોતાની જગ્યા પર હાજર હોય. જો બંનેવે પોતે જ સોદો કેન્સલ કર્યો હોય અથવા એમાંથી કોઈ મૃત્યુ પામ્યું હોય તો તે સોદાને માલિક જાઈઝ કરી શકતો નથી અને કિંમત ઉધાર હોય તો એનું પણ બાકી રહેવું જરૂરી છે. કેમ કે હવે તે પણ વેચાણની ચીજ અને મઅકુદ ઈલૈયા (જેના પર સોદો થયો તે) છે. *(હિદાયા)*

**મસ્અલા** : માલિકે ફુઝૂલીના વેચાણને જાઈઝ કર્યો (માન્ય રાખ્યો) તો જે કિંમત ફુઝૂલીએ લીધી છે તે માલિકની થઈ જશે. અમાનત તરીકે ફુઝૂલીના હાથ પર રહેશે અને તે ફુઝૂલી વકીલ તરીકે ગણાશે. *(હિદાયા)*

**મસ્અલા** : ફુઝૂલીને એ પણ હક્ક છે કે જ્યાં સુધી માલિકે વેચાણને જાઈઝ ન ગણ્યું ત્યાં સુધીમાં વેચાણને રદ કરી શકે છે. જો ફુઝૂલીએ નિકાહ કરી દીધો છે તો એને કેન્સલ કરવાનો હક્ક નથી. *(હિદાયા)*

**મસ્અલા** : ફુઝૂલીએ સોદો કર્યો અને એને જાઈઝ કરતા પહેલાં જ માલિક ગુજરી ગયો તો વારસદારને એ સોદાને માન્ય રાખવાનો હક્ક નથી. માલિકના ગુજરી જવાથી સોદો ખતમ થઈ ગયો. *(હિદાયા)*

**મસ્અલા** : બીજાનું કપડું વેચી દીધું, ખરીદનારે એને રંગી નાખ્યું. તે પછીથી માલિકે સોદાને માન્ય રાખ્યો તો જાઈઝ રહેશે. જો ખરીદનારે તેને કટીંગ કરી સીવી નાખ્યું, પછીથી સંમતિ (રજા) આપી તો જાઈઝ થશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલા** : હડપ કરનારે હડપ કરેલ વસ્તુને વેચી દીધી ત્યાર પછી તે વસ્તુનો બદલો આપી દીધો તો સોદો જાઈઝ થઈ જશે.

**મસ્અલા** : માલિકનું એવું કહેવું કે તેં સારું કાર્ય અથવા ખરાબ કર્યું, ઠીક કર્યું, મને સોદા (વેચાણ)ની તકલીફોથી બચાવી લીધો, ખરીદનારને કિંમત દાન કરી દેવી આ બધા શબ્દો સંમતિના છે. અને જો એવું કહ્યું કે મને મંઝૂર નથી તો સોદો કેન્સલ થયો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ફુઝૂલીએ માલિકની સામે (હાજરીમાં) સોદો કર્યો અને માલિક શાંત રહ્યો, ઈન્કાર ન કર્યો તો એ શાંત રહેવું ઈજાઝત ગણાશે નહીં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મહજૂર બાળક, યા મહજૂર ગુલામ (જેમને ખરીદ, વેચાણ કરવાથી રોકવામાં આવ્યા છે) અને બોહરા (બુધ્ધિ વિનાના)નો સોદો મોકૂફ રહેશે. એને વાલી કે માલિક જાઈઝ કરશે તો જાઈઝ થશે, રદ કરશે તો બાતિલ થશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે ચીજને ગીરવી મૂકવામાં આવી કે ભાડે આપવામાં આવી તેનો સોદો (વેચાણ) ગીરો

રાખનાર કે ભાડે રાખનારની ઈજાઝત પર મોકૂફ રહે છે એટલે કે જો એ જાઈઝ કરી દેશે તો જાઈઝ થઈ જશે પરંતુ સોદાને કેન્સલ કરવાનો એમને હક્ક નથી અને ગીરો મૂકનાર તથા ભાડે આપનાર પણ વેચાણને રદ (કેન્સલ) કરી શકશે નહીં. મુજિર પણ સોદાને રદ નથી કરી શક્તા. અને ખરીદનાર ચાહે તો સોદો રદ કરી શકે છે. અર્થાત જ્યાં સુધી ગીરો રાખનારે કે ભાડે રાખનારે ઈજાઝત ન આપી હોય. ગીરો રાખનારે કે ભાડે રાખનારે પહેલાં રદ કર્યો હોય અને પાછળથી મંઝૂર રાખ્યો હોય તો સહીહ થઈ જશે. ગીરો રાખનારે કે ભાડે લેનારે રજા આપી નથી અને ઈજારો ખતમ થઈ ગયો અથવા રદ થઈ ગયો અને ગીરો રાખનારનું કરજ અદા થઈ ગયું અથવા એણે માફ કરી દીધું અને વસ્તુ છોડવી લેવામાં આવી તો તે પહેલું વેચાણ આપમેળે લાગુ થઈ ગયું. ભાડે લેનારે વેચાણને (સોદાને) મંઝૂર રાખ્યો તો વેચાણ સહીહ થયું પરંતુ જ્યાં સુધી એનો માલ (કિંમત) વસૂલ ન થાય ત્યાં સુધી એના કબ્જામાંથી મેળવી શકશે નહીં (એનો કબ્જો રહેશે). *(આલમગીરી, ફતહ, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે ચીજ ભાડે આપેલી છે તે ચીજને ભાડે રાખનારને જ વેચાણ આપી તો તે ઈજાઝત પર મોકૂફ રહેશે નહીં (ઈજાજત લેવાની જરૂર રહેશે નહીં) બલ્કે તે અત્યારે જ લાગુ થઈ ગઈ. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ભાડે આપેલી ચીજને વેચવામાં આવી અને ખરીદનારને એ વાતની ખબર છે કે ચીજ ભાડે આપેલી છે અને પોતે (ખરીદનાર) એ વાત પર રાજી થઈ ગયો હોય કે જ્યાં સુધી ઈજારાની મુદ્દત પૂરી ન થાય ત્યાં સુધી એ ભાડા પર રહેશે અને જ્યારે મુદ્દત થશે ત્યારે વેચાણ આપનાર મને કબ્જો આપશે. આવી હાલતમાં મુદ્દત દરમિયાન માલનો કબ્જો લેવાની માગણી કરી શકશે નહીં અને વેચાણ આપનાર પણ ખરીદનાર પાસેથી કિંમતની માગણી કરી શકશે નહીં જ્યાં સુધી કબ્જો દેવાનો વખત ન આવે ત્યાં સુધી. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ખેડૂતને અમુક મુદ્દત નક્કી કરીને ખેતર ગણોતે આપ્યું, એમાં ખેડૂતે કંઈ વાવેતર કર્યું હોય કે ન હોય પરંતુ એનો સોદો (વેચાણ) ખેડૂતની ઈજાઝત પર મોકૂફ રહેશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મકાન ભાડાનું છે. મકાનના માલિકે ભાડૂતની રજા વગર તેને વેચી દીધું. ભાડૂત વેચાણ પર તૈયાર નથી પરંતુ એણે ભાડું વધારીને નવો ઈજારો કર્યો તો મૌકૂફ સોદો જાઈઝ થઈ ગયો. કારણ કે પહેલો ઈજારો જ બાકી ન રહ્યો કે જે વેચાણને રોકનાર હતો. *(આલમગીરી)*

**મસ્અલા** : ભાડે રાખનારને જાણ થઈ ગઈ કે (જે વસ્તુ ભાડે રાખી તે) વસ્તુ માલિકે વેચાણ કરી દીધી છે. એણે ખરીદનારને કહ્યું કે મારા ઈજારામાં તમે ખરીદ કરી છે અને જે રકમ હું આપી ચૂકયો છે તે વસૂલ થતાં સુધી મને છૂટ આપો (મારા કબ્જામાં રહેવા દો). આ પ્રમાણેની વાતચીતથી ઈજાઝત મળી ગઈ તો વેચાણ માન્ય ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : કોઈવાર એવું બને છે કે વેચાણના માલ પર કિંમત લખી દેવામાં આવે છે અને કહેવામાં આવે કે એના પર જે કિંમત લખી છે તેટલામાં વેચી. ખરીદનાર કહે કે મેં લીધી (ખરીદી) એ સોદો પણ મૌકૂફ ગણાશે. જો એ બેઠકમાં ખરીદનારને કિંમતની જાણકારી મળી જાય અને તે સોદો મંઝૂર કરી લે તો સોદો માન્ય છે નહીંતર બાતિલ ગણાશે. માલની યાદી પરના વેચાણનો પણ એ જ હુકમ છે કે મજલિસમાં સોદો કરતી વેળાની બેઠકમાં કિંમતની જાણકારી હોવી જરૂરી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જેટલી કિંમતમાં આ ચીજ ફલાણાએ વેચી કે ખરીદી એટલી કિંમતમાં હું વેચાણ કરું છું, જો વેચનાર અને ખરીદનાર બંનેને એ વાતની ખબર હોય કે ફલાણાએ આટલામાં ખરીદી કે વેચી છે તો એ જાઈઝ છે અને જો ખરીદનારને જાણકારી ન હોય ભલે વેચનાર જાણતો હોય તો એ સોદો મોકૂફ રહેશે (ગણાશે). જો એ બેઠકમાં જાણકારી મળી જાય અને જો તે મંઝૂર રાખે તો દુરસ્ત છે, નહીંતર દુરસ્ત ગણાશે નહીં. *(દુર્રે મુખ્તાર)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

## (૪) ઝકાત કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૧૮

**૧૩. અગર શોહર પર કર્ઝ હૈ ઔર ઔરત કે પાસ સોને ચાંદીકે ઝેવરાત હૈં તો ક્યા ઔરત પર ઝકાત લાઝિમ હોગી ?**

હમારે યહાં અકષર યે દેખા જાતા હૈ કે જબ ઝકાતકા હિસાબ કરને બેઠતે હૈં તો શોહર ઔર ઔરત કે માલકા હિસાબ એક સાથ કરતે હૈં ઔર સમજતે હૈં કે દોનોંકા હિસાબ એક સાથ હી કિયા જાએગા, લિહાઝા આમ તૌર પર યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે અગર શોહર પર કર્ઝ હૈ તો ઔરત પર ઝકાત લાઝિમ નહીં હોગી, અગર ચે ઉસકે પાસ નિસાબ કે બરાબર સોના ચાંદી યા રૂપે પૈસે મૌજૂદ હોં હાલાં કે યે શરીઅતકે એઅ્તેબાર સે બિલ્કુલ ગલત હૈ. હુકમે શરઅ યે હૈ કે અગર શોહર પર કર્ઝ હૈ, જિસકી વજહ સે વોહ માલિકે નિસાબ નહીં હોતા તો ઉસ પર ઝકાત લાઝિમ નહીં, લેકિન અગર ઉસકી બીવી કે પાસ નિસાબ કે બરાબર સોના, ચાંદી યા રૂપે, પૈસે હોં તો ઉસ પર ઝકાત લાઝિમ હોગી, શોહર કે કર્ઝ કા ઉસ પર કોઈ અષર નહીં પળેગા. જૈસા કે ''ફતાવા રઝવિય્યહ'' મેં હૈ :

''ઔર કર્ઝોંકા ખયાલ બાતિલ હૈ કે કર્ઝ શોહર પર થા ઔર ઝેવર ઔરતકા, ઝકાત ઔરત પર હૈ ન કે શોહર પર.''

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૦, સફહા : ૧૫૨)*

**૧૪. કિરાયે પર દિયે ગએ મકાન કી ઝકાત ક્યા ઉસકી કીમતકે એઅ્તેબારસે નિકાલના લાઝિમ હૈ ?**

અકષર અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે કિરાયે પર દિયે ગએ મકાન, દુકાન વગૈરાકા હુકમ યે હૈ કે ઉનકી કીમત ઔર માલિયત કે મુતાબિક ઉન પર ઝકાત લાઝિમ હોગી. જૈસે કિસી મકાન કી કીમત ૧૦,૦૦,૦૦૦ હૈ ઔર ૫૦૦૦ કિરાયે પર દિયા ગયા હૈ તો મકાન કે માલિક પર ૧૦,૦૦,૦૦૦ કે હિસાબસે ઝકાત નિકાલના ઝરૂરી હોગા, યે બાત શરઅન સહીહ નહીં. અસ્લ હુકમ યે હૈ કે કિરાયે પર દિયે ગએ મકાન, દુકાન કી ઝકાત ઉનકી માલિયત ઔર કીમત કે એઅ્તેબારસે લાઝિમ નહીં, બલ્કે કિરાએ મેં સે જો પૈસે બચ જાએં ઝકાત મેં ઉનકા શુમાર હોગા, લિહાઝા અગર વોહ પૈસે ખુદ યા દૂસરે માલે ઝકાત કે સાથ મિલકર નિસાબ કો પહોંચ જાએ તો ઝકાત લાઝિમ હોગી.

''આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ સે ઈસી તરહકા સવાલ કિયા કે ''એક શખ્સને ચાલીસ યા પચાસ હજારકે મકાનાત અપની હાજાત સે ઝયાદા સિર્ફ કિરાયા વુસૂલ કરને કી ગર્ઝ સે ખરીદ લિયે, આયા ઈસ સૂરત મેં હાજત સે ઝયાદા મકાનાત મેં ઉનકી કીમત કે ઉપર ઝકાત ફર્ઝ હૈ યા જો કિરાયા આતા હૈ ઉસ કે ઉપર હૈ ?'' તો ઈસકે જવાબ મેં આપને તેહરીર ફર્માયા :

''મકાનાત પર ઝકાત નહીં અગરચે પચાસ કરોળ કે હોં, કિરાએ સે જો સાલ મુકમ્મલ હોને પર બચેગા, ઉસ પર ઝકાત આએગી અગર ખૂદ યા ઔર માલ સે મિલકર નિસાબ કે બરાબર હો.''

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૦, સફહા : ૧૬૪/૧૬૫)*

**અઝ : હઝરત મુફતી સાબિર નજમી મિસ્બાહી** (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

**૧૫. ક્યા અપને ફક઼ીર ઝરૂરતમંદ ભાઈ, બહેનકો ઝકાત નહીં દે સકતે ?**

બહોત લોગોં મેં યે ગલત ફેહમી પાઈ જાઈ જાતી હૈ કે અપને ફક઼ીર ઝરૂરતમંદ ભાઈઓં, બહેનોંકો ઝકાત નહીં દે સકતે. હાલાં કે યે સરાસર ગલત હૈ. શરીઅત કા હુકમ તો યે હૈ કે અપને ફક઼ીર, ઝરૂરતમંદ ભાઈઓં, બહેનોં વગૈરા રિશ્તેદારોં કો ઝકાત દેના અફઝલ હૈ ઔર ઈસમેં દો ગૂના ષવાબ હૈ. જૈસા કે ''બહારે શરીઅત'' મેં હૈ :

''ઝકાત વગૈરા સદકાત મેં અફઝલ યે હૈ કે અવ્વલન અપને ભાઈઓં, બહેનોં કો દે, ફિર ઉનકી ઔલાદ કો, ફિર ચચા ઔર ફૂફિયોં કો, ફિર ઉનકી ઔલાદ કો, ફિર મામૂ ઔર ખાલાકો, ફિર ઉનકી ઔલાદકો, ફિર ઝવિલ્અર્હામ યા'ની રિશ્તેદારોં કો, ફિર પળોસિયોં કો, ફિર અપને કારોબારવાલોં કો, ફિર અપને શેહર યા ગાઉં કે રેહનેવાલોં કો.

હદીષમેં હૈ કે નબી ﷺને ફર્માયા : અય ઉમ્મતે મુહમ્મદ ! ﷺ ક઼સમ હૈ ઉસકી જિસને મુજે હક્ક઼ કે સાથ ભેજા, અલ્લાહ ﷻ ઉસ શખ્સ કે સદક઼ે કો ક઼બૂલ નહીં ફર્માતા, જિસ કે રિશ્તેદાર ઉસકે સુલૂક કરને કે મોહતાજ હોં ઔર યે ગૈરોં કો દે. ક઼સમ હૈ ઉસકી જિસકે દસ્તે કુદરતમેં મેરી જાન હૈ, અલ્લાહ ﷻ ઉસકી તરફ ક઼િયામત કે દિન નઝર ન ફર્માએગા.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૫, સફહા : ૯૩૩)*

હાં ! કુછ રિશ્તેદાર ઐસે હૈ જિનકો શરીઅત કે એઅ્તેબાર સે ઝકાત દેના જાઈઝ નહીં. વોહ યે હૈં :

**૦૧.** જિનકી હમ ઔલાદ હૈં, જૈસે મા બાપ, દાદા દાદી, નાના નાની વગૈરા.

**૦૨.** જો હમારી ઔલાદ હૈ, જૈસે બેટા બેટી, પોતા પોતી, નવાસા નવાસી વગૈરા.

**૦૩.** શોહર ઔર ઔરત આપસ મેં એક દૂસરે કો ઝકાત નહીં દે સકતે.

ઐસા હી ''બહારે શરીઅત'' હિસ્સા : ૫, સફ઼હા : ૯૨૭/૯૨૮ પર હૈ.

**૧૬. ક્યા નફલી સદક઼ા ઝરૂરતમંદ સય્યિદકો દે સકતે હૈં ?**

કુછ અવામ મેં યે મશ્હૂર હૈ કે નફ઼લી સદક઼ા ભી સાદાતે કિરામ કો નહીં દે સકતે, યે બિલ્કુલ ગલત હૈ, નફ઼લી સદક઼ા સાદાતે ઈઝામ કો દિયા જા સકતા હૈ, બલ્કે આમ ઝરૂરતમંદ મુસલમાન કી જગહ કિસી ઝરૂરતમંદ સય્યિદકો દેને મેં ઝયાદા ષવાબ હૈ.

''બહારે શરીઅત'' મેં હૈ : ''સદક઼એ નફ઼લ બની હાશિમ કો દે સકતે હૈં'' *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૫, સફહા : ૯૩૧)*

**૧૭. ક્યા બેવા ઔરત કો ઝકાત દે સકતે હૈ ?**

હમારે યહાં એક આમ તસવ્વુર યે પાયા હૈ કે હર બેવા ઔરત કો ઝકાત દે સકતે હૈ. હાંલા કે કુર્આનો હદીષ કે મુતાબિક઼ સિર્ફ ઉસી બેવા કો ઝકાત દે સકતે હૈં, જો ફક઼ીર હો યા'ની નિસાબ કે બરાબર માલ કી માલિક ન હો. જૈસા કે ''બહારે શરીઅત'' મેં હૈ : ''જિન લોગોં કી નિસ્બત બયાન દિયા ગયા કે ઉન્હેં ઝકાત દે સકતે હૈં, ઉન સબકા ફક઼ીર હોના શર્ત હૈ.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૫, સફહા : ૯૩૨)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# પ્રજા પર સત્તા ચલાવવા સંબંધે
# ﷺ નબવી તાલીમાત

**રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હઝરત અમ્ર બિન હઝ્મ ખઝરજી અન્સારી, એ નવજવાન સહાબીઓમાંથી છે જેમની કાબેલિયત જોઈએ હુઝૂર ﷺએ ઓછી ઉંમરમાં જ ઘણી મહત્વની જવાબદારીઓ સોંપી હતી. તેમની વય હજી ૧૭ વરસની હતી કે તેમને અગત્યની સફારતી (Diplomatic) જવાબદારીઓ પર નિયુક્ત કરવામાં આવ્યા. નજરાનના તે ઈસાઈઓ જે હુઝૂર ﷺ સાથે મુનાઝરો કરવા માટે આવ્યા હતા અને જેમને પોતાના ઈલ્મ પર ઘણુ અભિમાન હતું. તેમના વિસ્તારમાં હુઝૂર ﷺએ હઝરત અમ્ર બિન હઝ્મને આમિલ (હાકિમ), મુહસ્સિલ (રિવન્યુ ઓફિસર), મોઅલ્લિમ (મુબલ્લિગ, મુરબ્બી) બનાવીને મોકલ્યા હતા.

નબીએ અક્દસ ﷺએ પોતાની વફાતના થોડાક મહીના પહેલાં તેમને નજરાન (યમન)ના ગવર્નર નિયુક્ત કરતાં સમયે જે લેખિત હિદાયતો આપી હતી જેમને ઈમામ અબૂ જઅફર દુબયલી સિંધી (વફાત હિ.સ. ૩૨૨)એ મકાતીબુન્નબીના નામથી પોતાના એક સંગ્રહમાં પ્રકાશિત કરી છે. એ હિદાયતનામુ હઝરત અમ્ર બિન હઝ્મના ખાનદાનમાં સુરક્ષિત ચાલતુ આવી રહ્યું હતું. ઈમામ જઅફર દુબયલીને તેમના પરપોત્રથી પ્રાપ્ત થયું છે. હાફિઝ ઈબ્ને તુલોનએ પોતાની કિતાબ ''ઈઅ્લામુસ્સાઈલીન''માં ઈમામ અબૂ જઅ્ફર દુબયલીના પૂરા સંગ્રહને સનદ સાથે વર્ણન કર્યો છે. તદ્ઉપરાંત હઝરત અમ્ર બિન હઝ્મના નામે આ હિદાયતનામુ ઘણા સામાન્ય ફેરબદલ સાથે અહાદીષ અને ઈતિહાસની અધિકતમ કિતાબોમાં સુરક્ષિત છે.

હઝરત અમ્ર બિન હઝ્મ માટે હુઝૂર ﷺના હિદાયતનામાની જે પૃષ્ઠભૂમી વર્ણન થઈ છે તેનાથી હિદાયતનામાની અમુક મહત્વની વિશેષતાઓ સ્પષ્ટ થાય છે :–

(*A*) હજ્જતુલ વિદાઅ્થી કેવળ અમુક મહિના પહેલાં હુઝૂર ﷺએ આ હિદાયતો લેખિત રૂપમાં જારી ફર્માવી હતી, આ રીતે આ હુઝૂર ﷺની અંતિમ લેખિત હિદાયતો છે.

(*B*) એ અત્યંત મુસ્તનદ છે, લેખિત અને મૌખિક સનદના આધારે આ નિશ્ચિત રૂપે હુઝૂર ﷺની જારી કરેલ હિદાયતો છે, જેમના વિશે કોઈ શંકા કુશંકાની ગુંજાઈશ નથી.

(*C*) સદનસીબે એ આપણને સિંધના એક મુહદ્દિષ ઈમામ અબૂ જઅ્ફર દ્વારા પ્રાપ્ત થઈ છે.

(*D*) એ હિદાયતોથી સ્પષ્ટ થાય છે કે કોઈ હાકિમની નજરમાં કઈ બાબતોને પ્રાથમિકતા પ્રાપ્ત હોવી જોઈએ અને હાકિમે કયા ગુણોથી સજ્જ હોવું જોઈએ.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۔ھذا بیان من اللّٰہ ورسولہ

یٰۤاَیُّھَا الَّذِیۡنَ اٰمَنُوۡۤا اَوۡفُوۡا بِالۡعُقُوۡدِ

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે. આ અલ્લાહ અને રસૂલ તરફથી એલાન છે : ''હે ઈમાનવાળાઓ ! વાયદા પૂરા કરો.'' *(સૂ. માઈદા, ૫/૧)*

عھد من عند النبی (ﷺ) لعمرو ابن حزم الانصاری حین بعثہ الی الیمن

"અમ્ર બિન હઝ્મ અન્સારીને યમન રવાના કરતા સમયે હુઝૂર ﷺ તરફથી આ હિદાયતો અમ્ર બિન હઝ્મને આપવામાં આવી રહી છે."

**(૧)** "આપ ﷺએ તેમને હુકમ આપ્યો કે તેઓ (અમ્ર બિન હઝ્મ) પોતાના સર્વ મુઆમલામાં અલ્લાહથી ડરતા રહે, કારણ કે અલ્લાહ એમની સાથે છે જે તેનાથી ડરતા રહે અને જે ખૂબી સાથે પોતાના કાર્યો કરે."

**(૨)** "આપે તેમને હુકમ આપ્યો કે તેઓ (હુકૂમતના) સર્વ વાજિબો એ જ રીતે વસૂલ કરે જે રીતે અલ્લાહ તઆલાએ તેમને હુકમ આપ્યો છે."

**(૩)** "લોકોને ભલાઈની તાકીદ કરે અને તેનો જ હુકમ આપે."

**(૪)** "લોકોને કુર્આન શિખવાડે અને તેની સમજ આપે."

**(૫)** "અને લોકોને એ વાતથી મના કરે કે કોઈ નાપાકીની હાલતમાં કુર્આનને હાથ લગાડે."

**(૬)** "અને લોકોને સ્પષ્ટ રીતે જણાવી દે કે તેમના કયા કયા હક્કો છે અને તેમના પર શું શું ફર્ઝ છે."

**(૭)** "લોકોને તેમના હક્ક આપવામાં નરમાઈ કરે, અલબત્ત જો કોઈ જુલ્મ કરે, તો તેના પર સખ્તી કરે. અલ્લાહ તઆલાએ જુલ્મને નાપસંદ કર્યો છે અને તેનાથી મના ફર્માવ્યું છે. તેનું ફર્માન છે : "સાંભળો ! જાલિમો પર અલ્લાહ ﷻની ફટકાર છે."

**(૮)** "લોકોને જન્નત અને જન્નત અપાવનાર અમલોની તબ્લીગ કરે."

**(૯)** "લોકોને જહન્નમ અને જહન્નમવાળા અમલોથી ડરાવે."

**(૧૦)** "લોકોની દિલદારી (સદવર્તન) કરે જેથી તેઓ દીન સમજવા માટે પ્રેરિત થાય."

**(૧૧)** "લોકોને હજ્જના મનાસિક, તેના તરીકા અને તેના ફર્ઝો શિખવાડે અને અલ્લાહના હુકમોની તાલીમ આપે અને હજ્જે અકબર અને હજ્જે અસગર (ઉમરા) શિખવાડે.

**(૧૨)** "લોકોને એ વાતથી મના કરે કે તેઓ નાના કપડામાં નમાઝ અદા કરે, અલ્બત્ત જો કાપડ મોટુ હોય અને તેના બંને છેડા બંને ખભા પર નાખી દેવામાં આવે તો એમ કરી શકાય છે."

**(૧૩)** "નમાઝમાં કોઈ વ્યક્તિ એક કપડુ પહેરીને એ રીતે ઉકરું (પગોના તળિયાં જમીન પર રાખી પગોવાળીને બેસવું તે) ન બેસે કે તેનું સતર ખુલેલું હોય."

**(૧૪)** "કોઈએ પોતાના વાળ વધારીને પોતાની ગરદનના પાછલા ભાગ સુધી લટકાવી લીધા હોય તો નમાઝમાં તેની ચોટલી ન બનાવે."

**(૧૫)** "લોકો દરમિયાન (વિવાદને સમાપ્ત કરવા માટે) સુલેહ થઈ રહી હોય તો લોકોને એ વાતથી મના કરવું કે તેઓ પોતાના કબીલા અથવા પોતાના ખાનદાનનો નારો લગાડે. તેમને કેવળ અલ્લાહ વહદહૂ લા શરીકનો નારો લગાડવો જોઈએ. પરંતુ જે લોકો અલ્લાહનો નારો ન લગાડે અને ખાનદાનનો અથવા કબીલાઓ તરફ બોલાવે તો તેમને તલવાર દ્વારા ઝુકાવવામાં આવે ત્યાં સુધી કે તેઓ કેવળ અલ્લાહનો નારો લગાવે."

**(૧૬)** "અને લોકોને હુકમ આપે કે તેઓ વુઝૂમાં પોતાના ચહેરા સારી રીતે ધૂએ, હાથોની કોણીઓ અને પગની ઘૂંટીઓ સુધી પાણી પહોંચાડે. તેઓ પોતાનાં માથાનો એ રીતે મસહ કરે જે રીતે અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો છે."

**(૧૭)** "અને આપ ﷺ તેમને હુકમ આપ્યો

કે તેઓ નમાઝોને સમય પર અદા કરે, રુકૂઅ અને ખુશૂઅ (દિલનો ઝુકાવ) મુકમ્મલ કરે. ફજરની નમાઝને અંધારામાં અદા કરે અને સૂર્યના પશ્ચિમ તરફ ઝુકવાથી પહેલાં ઝોહરની નમાઝ અદા કરે, અને અસરની નમાઝ એ સમયે અદા કરે જ્યારે તડકો જમીનથી પરત થવા લાગે. અને રાતના આવતાં મગરિબ અદા કરે અને મગરિબમાં એટલું મોડુ ન કરે કે તારા દેખાવા લાગે અને નમાઝે ઈશા રાતના પહેલા ભાગમાં અદા કરે. અને તેમને એ પણ હુકમ આપ્યો કે જ્યારે જુમ્આની અઝાન થાય તો નમાઝ માટે લપકીને (જલ્દી) પહોંચે અને નમાઝે જુમ્આ માટે ગુસ્લ કરે.''

**(૧૮)** ''અને તેમને હુકમ આપ્યો છે કે તેઓ માલે ગનીમતમાંથી અલ્લાહનો નક્કી કરેલ પાંચમો ભાગ વસૂલ કરે.''

**(૧૯)** ''અને ઝકાત બાબત અલ્લાહ તઆલાએ જે ફર્ઝ કર્યું છે તે વસૂલ કરે જેની વિગત આ પ્રમાણે છે : જે જમીનને નદી (નહેર) અથવા વરસાદના પાણીથી સિંચવામાં આવી હોય તેની ઉપજનો દસમો ભાગ, અને જે જમીનને ડોલથી સિંચવામાં આવી હોય તેની ઉપજમાં વીસમો ભાગ, દરેક દસ ઊંટો પર બે બકરીઓ અને દરેક વીસ ઊંટો પર ચાર બકરીઓ, અને દરેક ચાલીસ ગાયો પર એક ગાય અને દરેક ત્રીસ ગાયો પર નર અથવા માદા એક વરસનું બચ્ચુ, દરેક ચાલીસ ચરનારી બકરીઓ પર એક બકરી. ઝકાત વિશે આ અલ્લાહનો નક્કી કરેલ નિયમ છે જે તેણે પોતાના બંદાઓ પર લાગુ કર્યો છે, જે વ્યક્તિ તેનાથી અધિક આપે તો એ તેના માટે બેહતર જ છે.''

**(૨૦)** ''કોઈ યહૂદી અથવા ઈસાઈ નિઃસ્વાર્થ રીતે ઈસ્લામ સ્વીકારી લે તો તે ઈમાનવાળાઓમાંથી છે, તેને એ જ હક્કો પ્રાપ્ત થશે જે ઈમાનવાળાઓના હોય છે અને તેના ફર્ઝો પણ તેમના જેવા જ થશે. અને જે પોતાની યહૂદિયત અથવા ઈસાઈયત પર કાયમ રહે તો તેના ધર્મથી ફેરવવા માટે તેના પર સખતીઓ નહીં કરવામાં આવે. દરેક બાલિગ મર્દ અથવા ઔરત આઝાદ અથવા ગુલામથી એક પૂરો દીનાર અથવા તેની કિંમત બરાબર કાપડ જિઝયા રૂપે વસૂલ કરવામાં આવશે. જે વ્યક્તિ આ જિઝયો અદા કરી આપશે તો તે અલ્લાહ અને રસૂલની અમાનમાં આવી જશે અને જે આપવાથી મના કરી દેશે તે અલ્લાહ અને રસૂલ તથા મો'મિનીન સર્વનો દુશ્મન સમજવામાં આવશે.''

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી ઉર્દૂ, જૂન–૨૨)*





**અમારુ તદ્દન નવુ પ્રકાશન**

અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્અકીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અકવાલ થકી મઝહબે હક્કને રોશન કરતી કિતાબ....

**જાઅલ્ હક્ક**

(પેજીસ : ૯૩૬) (સંપૂર્ણ કિતાબ)

**હદિયો : રૂ. ૩૨૦/-** (ટપાલ ખર્ચ રૂ. ૫૦/-)

લેખક : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**ખાસ નોંધ**

આ કિતાબ દરેક તે સુન્નીના ઘરમાં હોવી જોઈએ જેને પોતાના તથા ઘરવાળાંના ઈમાનની ચિંતા છે. આ કિતાબમાં તકલીદ, ઈલ્મે ગયબ, હાઝિરો નાઝિર, હુઝૂર ﷺ ને બશર તથા ભાઈ કહેવા વિશે, અવલિયાથી મદદ માગવી, બિદઅત વિશે, કાનો સુધી હાથ ઉઠાવવા, દૂંટી નીચે બાંધવા, રફએ યદૈન, ત્રણ તલાક, મીલાદ શરીફ, ફાતેહા–ત્રીજીયા, મઝારો પર ગુંબદ, કબરોની ઝિયારત...વગેરે અનેક મસાઈલની ચર્ચા છે. જેમાં કુર્આન, હદીષ, અકવાલથી બદઅકીદાઓના શૈતાની વસવસાઓના ઈમાન અફરોઝ જવાબો છે.

સંપર્ક કરો : રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ–૩૯૨૦૨૦ (ગુજરાત)

બેંક ઓફ બરોડા : A/c. No. 34620100000303, Razvi Kitab Ghar IFSC Code : BARB0DAYADR Mo. 94274 64411

Googlepay PhonePe Paytm /Mo. 94274 64411

# પૂર્વજ બુઝુર્ગોની ઈલ્મ તથા વિદ્યામાં નિપૂણતા તથા કમાલ

**(કાર્યાલય)**

કોઈ વિદ્યા કલામાં નિપૂણતા હોવાનો અર્થ એ છે કે માણસ તેના દરેક પાસાથી ખૂબીપૂર્વક વાકેફ હોય. જો કોઈ શખ્સને કોઈ ખાસ વિદ્યા કલામાં નિપૂણતા હાંસલ હોય અને તેને તે વિદ્યા કલા વિશે કોઈ પણ સવાલ કરવામાં આવે તો કોઈ ગભરાહટ તથા પરેશાની વિના તરત જ જવાબ આપી દે છે. આપણા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગોમાં) ઘણી એવી હસ્તીઓ ગુજરી છે જેઓ એક વિદ્યા કલા નહીં બલ્કે અનેક ઈલ્મો વિદ્યાઓમાં એક સાથે નિપૂણતા ધરાવતા હતા. આજના જમાનામાં ઈલ્મો વિદ્યાઓના નિષ્ણાતો જવલ્લે જ મળી જાય છે, એનું કારણ એ છે કે તલબા તથા તાલિબાતમાં ઈલ્મ પ્રાપ્તિનો જઝબો બાકી નથી રહ્યો જે આપણા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)ની પવિત્ર જિંદગીમાં જોવા મળતો હતો. એટલા માટે જરૂરત મેહસૂસ થઈ કે એ મુબારક હસ્તીઓની ઈલ્મી નિપૂણતા તથા વિદ્યા કલાના કમાલ વિશેના અમુક બનાવો રજૂ કરવામાં આવે જેથી ઈલ્મે નબવિય્યહના તાલિબો એનો અભ્યાસ કરીને પોતાની જિંદગી તેમની જ હયાતના માળખામાં ઢાળવાની કોશિશ કરે.

### ★ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની વિદ્યા કલાઓ વિશે ★

હઝરત ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને એવી વિશિષ્ટતાઓ હાંસલ હતી જે અન્ય લોકોને હાંસલ ન હતી. જેવો ઈલ્મ આપની પાસે હતો એવો ઈલ્મ કોઈની પાસે ન હતો, અને જેવું ચિંતન આપની પાસે હતું એવું ચિંતન કોઈની પાસે ન હતું. દરેક આપની ફિક્ર તથા ઈલ્મનો મોહતાજ હતો. મેં સરકારે અક્દસ صلی اللہ علیہ وسلم ની હદીષોનો હાફિઝ આપનાથી વધીને કોઈને નથી જોયો. હઝરત અબૂ બક્ર, હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના ફેંસલાઓના પણ આપ સૌથી વિશેષ જાણકાર હતા. અને પાછલી ઉમ્મતોના હાલાત અને ઈતિહાસના પણ આપ સૌથી અધિક જાણકાર હતા. અમે આપની મજલિસમાં હાજર થતા તો આપ અમને રાતના સમયે મગાઝીનો ઈલ્મ બયાન કરતા હતા. કોઈ રાતે નસબનો ઈલ્મ વર્ણન કરતા અને કદી કદી આખી રાત શેઅરો તથા ફન્ને ઉરૂઝના વર્ણનમાં પસાર થઈ જતી હતી.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૩/૩૫૦)*

હઝરત મુજાહિદ رحمۃ اللہ علیہ ફર્માવે છે, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નું નામ બહર (સમંદર) પડી ગયું હતું કેમ કે આપનો ઈલ્મ ખૂબ જ હતો.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૩/૩૫૦)*

### ★ હઝરત હસન બસરી رضی اللہ عنہ ની ઈલ્મ નિપૂણતા ★

હઝરત રબીઅ બિન અનસ رحمۃ اللہ علیہ ફર્માવે છે, હું હઝરત હસન બસરી رضی اللہ عنہ ની પાસે દસ વરસ રહ્યો અથવા જેટલુ અલ્લાહને મંજૂર હતું પણ કોઈ દિવસ એવો નથી પસાર થયો જેમાં મેં આપનાથી એવો ઈલ્મ ન સાંભળ્યો હોય જે એના પહેલાં કદી સાંભળ્યો ન હતો.
*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૩/૩૫૦)*

### ★ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની ઈલ્મી નિપૂણતા ★

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ખૂબ જ તીવ્ર દિમાગી શક્તિવાળા તથા બુધ્ધિશાળી હતા. આમ તો હનફી ફિક્હનો સર્વ ઉસૂલ તથા ફુરૂઅ આપની બુધ્ધિમત્તા તથા બુધ્ધિ કૌશલ્યતા પર બેહતરીન ગવાહ

છે. પરંતું આપે આપની જિંદગીમાં ઘણી વાર લોકોને અમુક એવા ઉલઝેલા મામલાઓનો હલ પેશ કર્યો જેને હલ કરવાથી આપના સર્વ સમકાલીન લાચાર થઈ ગયા હતા. જ્યારે એ સમયના જલીલુલ ક઼દર (મહાન) ઈમામો તથા મશહૂર ઉસ્તાદો આપના ફત્વાને જોતા તો તેમની બુધ્ધિઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ જતી હતી અને તેમણે અનાયાસે કહેવું પડયું કે, "ઈલ્મના જે શહેરમાં ઈમામ અબૂ હનીફા ટહેલી રહ્યા છે તેના દરવાજા સુધી પણ અમે હજી પહોંચી શક્યા નથી."

હઝરત ઈમામ અબૂ યૂસુફ રિવાયત કરે છે કે એક શખ્સે ગુસ્સામાં તલાક઼ની ક઼સમ ખાઈને પોતાની પત્નીને કહ્યું કે હું એ સમય સુધી તારી સાથે વાત કરીશ નહીં જ્યાં સુધી તું જાતે મારી સાથે વાત ન કરે. તો જવાબમાં પત્નીએ પણ ક઼સમ ખાધી કે હું પણ તમારી સાથે એ સમય સુધી વાત કરીશ નહીં જ્યાં સુધી તમે મારી સાથે ખુદ વાત નહીં કરો. તો એ સમયના ઉલમાએ ફત્વો આપી દીધો કે એમનામાંથી જે પણ વાત કરી લેશે તો ક઼સમ તૂટી જશે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ સુધી આ સવાલ પહોંચ્યો તો આપે એ શખ્સને કહ્યું કે, જાવ ! જઈને પોતાની પત્ની સાથે વાતચીત કરો, કાંઈ થશે નહીં ! હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہને આપના ફત્વાની જાણ થઈ તો ખૂબ જ ગુસ્સે થયા અને કહેવા લાગ્યા, તમે હરામને હલાલ કરો છો ?! ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના જવાબની વિગત વર્ણવતાં કહ્યું, પતિએ ક઼સમ ખાધી હતી કે તે પત્નીના બોલવાથી પહેલાં વાત કરશે નહીં. એ સાંભળીને તેની પત્નીએ પણ એવી જ ક઼સમ ખાધી. અને જ્યારે ક઼સમ ખાધી તો તેણીએ પતિથી વાત કરી લીધી ! હવે જ્યારે પતિ તેણી સાથે વાત કરી લેશે તો એ વાત પત્નીના વાત કર્યા પછી થશે. જેથી બંનેમાંથી કોઈની પણ ક઼સમ તૂટશે નહીં. ઈમામે આ'ઝમથી જવાબની આ વિગત સાંભળીને હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہ કહેવા લાગ્યા, "અબૂ હનીફા ! તમારા માટે ઈલ્મના તે રસ્તા વિશાળ કરી દેવામાં આવ્યા છે જેના સુધી અમારી પહોંચ નથી થતી."

*(તઝકેરતુલ મુહદ્દિષીન, પેજ–૫૦)*

હઝરત ઈમામ વકીઅ رحمۃ اللہ علیہ વર્ણવે છે કે એકવાર ઈમામે આ'ઝમ, સુફયાન ષૌરી, ઈમામ મિસ્અર, માલિક બિન મગૂલ, જાફર બિન ઝિયાદ અને હસન બિન સાલેહ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ એક રઈસને ત્યાં વલીમામાં શરીક હતા. ઘર માલિકે પોતાની બંને પુત્રીઓની શાદી એવી બે પુત્રીઓ સાથે કરી હતી જે જોડીયા (*Twins*) બહેનો હતી. અચાનક ઘર માલિક હેરાન પરેશાન થઈને આવ્યો અને ઉલમાની આ જમાઅતને સંબોધીને કહેવા લાગ્યો કે, રાતે ભૂલથી બંનેવ પુત્રીઓમાંથી દરેકના પતિને બદલે પોતાની બહેનના પતિ પાસે પહોંચાડી દેવામાં આવી છે અને બંને ભાઈઓએ જે પુત્રી સાથે રાત ગુજારી તે અસલમાં બીજા ભાઈની પત્ની હતી. હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہએ ફત્વો આપતાં કહ્યું, દરેક છોકરીને પોતાના પતિ પાસે પહોંચાડી દેવામાં આવે અને કોઈનાથી કોઈ પૂછતાછ નથી, એના સિવાય કે દરેકના પર મહેર વાજિબ છે.

હઝરત મિસ્અરે ઈમામ આ'ઝમ رضی اللہ عنہની તરફ ધ્યાન કર્યું અને પૂછયું કે આપ શું કહો છો ?! હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہ કહેવા લાગ્યા, ભલા ! આના જવાબમાં એના સિવાય બીજુ શું કહી શકાય છે ?! ઈમામે આ'ઝમે બંને ભાઈઓને બોલાવ્યા અને દરેકને પૂછયું, જે છોકરી સાથે તમે રાત ગુજારી છે તેને શું તમો પસંદ કરો છો ? તેમણે હકારમાં જવાબ આપ્યો. આપે તે બંનેને કહ્યું કે તમે બંને પતિ પોતાની પત્નીઓને (જેમની સાથે નિકાહ થયા) તલાક આપી દો અને જેથી સાથે રાત ગુજારી છે તેની સાથે તરત જ નિકાહ કરી લો. આપના જવાબથી તમામ ઉલમા આશ્ચર્યમાં પડી ગયા અને મિસ્અરે ઉઠીને આપની પેશાની ચૂમી લીધી.

*(તઝકેરતુલ મુહદ્દિષીન, પેજ–૫૦,૫૧)*

હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ અમુક વાર બીજા ઉલમાના ફત્વા અને કજીયાઓની સુધારણા પણ કર્યા

કરતા હતા. એકવાર કાઝી અબૂ લયલાને ત્યાં એક મુકદ્દમો આવ્યો કે એક શખ્સે પોતાની પાગલ પત્નીને કાંઈક કહ્યું અને તેણીએ જવાબમાં તેને یَا ابْنَ الزَّانِیَیْنِ (ઝાની પુરૂષ તથા ઝાની સ્ત્રીની !) કહ્યું. કાઝીએ સ્ત્રીને મસ્જિદમાં ઉભી કરી અને તેણી પર બે વાર હદ લગાડી. ઈમામે આ'ઝમને જ્યારે આ ફૈંસલાની ખબર પહોંચી તો આપે ફર્માવ્યું, અબૂ યઅ્લાએ આ ફૈંસલામાં છ ભૂલો કરી છે : એક એ કે પાગલ સ્ત્રી પર હદ લગાડી. બીજુ એ કે મસ્જિદમાં હદ લગાડી, જ્યારે કે મસ્જિદ અમ્નની જગા છે. ત્રીજી એ કે સ્ત્રીને ઉભી રાખીને હદ લગાડી, જ્યારે કે સ્ત્રીને બેસાડીને હદ લગાડવામાં આવે છે. ચોથી એ કે સ્ત્રીએ એક વાક્ય સાથે તોહમત લગાડી હતી, અને એક વાક્ય સાથે જો આખી દુનિયા પર પણ તોહમત લગાડવામાં આવે તો એક જ હદ વાજિબ છે. જેથી તેના પર બે હદો લાગુ કરવાનું કોઈ કારણ ન હતું. પાંચમી ભૂલ એ કે તોહમત પતિના માબાપ પર લાગી અને તે ગાયબ હતાં. પતિને ન ફરિયાદનો હક્ક હતો અને ન હદની માગણીનો. છઠ્ઠુ એ કે બીજી હદ પહેલી હદથી સાજા થતા પહેલાં લગાડી, જ્યારે કે ઉસૂલ એ છે કે જો દસ હદો લાગુ કરવાની હોય તો એકથી સાજા થયા બાદ બીજી હદ લગાડવામાં આવે છે.

*(અલ ખૈરાતુલ હસનાત, પેજ–૧૧૮)*

### ★ ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہની ઈલ્મી મહારત ★

હઝરત ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ બેહદ દિમાગવાળા અને બુધ્ધિશાળી હતા અને મોટા મોટા મસ્અલા આસાનીથી હલ કરી આપ્યા કરતા હતા. ઈમામ કરદુવી વર્ણવે છે કે એકવાર ફુઝૈલે ઈબ્રાહીમને મસ્અલો પૂછયો કે જો દેડકો સિરકામાં પડી જાય તો સિરકો પાક છે કે નાપાક ? ઈબ્રાહીમે કહ્યું, મને ખબર નથી. યહ્યા ઈબ્ને સલામને પૂછયો, તેમણે કહ્યું : મને ખબર નથી. ઉષ્માન ઈબ્ને ઓયૈનાને પૂછયું તો તેમણે કહ્યું, મને ઈલ્મ નથી, ઈમામ મુહમ્મદને પૂછયું તો તેમણે ફર્માવ્યું, સિરકો પાક છે કેમ કે દેડકો પોતાની ખાણમાં મર્યો છે. પછી તેનો ખુલાસો કરતાં ફર્માવ્યું, જો દેડકો પાણીમાં મરી જાય તો તે પાણી પાક હોય છે અને એ પાણીને સિરકામાં નાખી દો તો તે સિરકો પણ પાક રહેશે. એ જ પ્રમાણે દેડકો સિરકામાં પડી જાય તો તે પણ નાપાક નહીં થાય. ઈમામ મુહમ્મદે જ્યારે આ મસ્અલાની તકરીર કરી તો સાંભળનારા હૈરાન રહી ગયા. *(તઝકેરતુલ મુહદ્દિષીન, પેજ–૧૩૦, ૧૩૧)*

ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہએ ૯૯૯ કિતાબો લખી. ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہને પૂછવામાં આવ્યું કે આ કઠિન મસાઈલ આપને ક્યાંથી હાંસલ થયા ? કહેવા લાગ્યા, મુહમ્મદ ઈબ્ને હસનની કિતાબોથી. ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہએ જે મસાઈલ કુર્આન તથા સુન્નત અને ઈજમાઅથી કાઢયા છે તેમની સંખ્યા દસ લાખ સિત્તેર એકસો દર્શાવવામાં આવી છે.

*(હદાઈકે હનફિયા, ૨/૧૩૦)*

એક સામાન્ય માણસને આ પ્રકારના બનાવો ઘણા વિચિત્ર લાગે છે અને તે એને અતિશયોક્તિ ધારી લે છે. પરંતુ એમાં કાંઈ શક નથી કે અલ્લાહ ﷻ જ્યારે કોઈના દિલમાં સમયના મહત્વને બેસાડી દે છે અને ઈલ્મની તલબની લિજ્જત તેને નવાઝી દે છે તો પછી તે શખ્સની નજીક ઈલ્મથી વધીને કોઈ ચીજ નથી હોતી. તે એની પ્રાપ્તિમાં પોતાની પૂરી શક્તિ લગાડી દે છે અને સંપૂર્ણ મહારત હાંસલ કરી લે છે.

### ★ હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہની ઈલ્મી મહારત ★

હઝરત અહમદ બિન હમ્દુન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, મેં ઈમામ બુખારી رحمۃ اللہ علیہને હઝરત સઈદ બિન મરવાન رحمۃ اللہ علیہના જનાઝામાં જોયા જ્યારે કે ઈમામ મુહમ્મદ બિન યહ્યા અલ ઝહ્લી رحمۃ اللہ علیہ આપનાથી અસ્માએ રિજાલના અમુક રાવીઓનાં નામો, કુન્નિયતો તથા ઈલ્લતોના બારામાં પૂછી રહ્યા હતા અને ઈમામ બુખારી رحمۃ اللہ علیہ સવાલોમાં એ રીતે નીકળી જતા હતા

જેવી રીતે તીર કમાનથી નીકળી જાય છે. જાણે કે આપ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢી રહ્યા હતા.

*(તારીખે બગદાદ, ૨/૩૧)*

ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મેં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہના શાગિર્દોના બારામાં વિચારણા કરી તો તરત જ મારા દિમાગમાં ત્રણસો શાગિર્દ આવી ગયા છે.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૧૨/૪૧૧)*

## ★ હઝરત અબૂ મસ્ઊદ અસ્બહાનીની ઈલ્મી મહારત ★

હઝરત અબૂ મસ્ઊદ અસ્બહાની رحمۃ اللہ علیہ ફર્માવે છે, મેં ૧૭૦૦ હદીષના શયખોથી હદીષો લખી છે. પરંતુ તેમનામાંથી ૩૧૦ મુહદ્દિષોની રિવાયતોને મારી કિતાબો સામેલ કરેલ છે અને બાકીના શયખોની રિવાયતોને છોડી આપેલ છે. મેં ૧૫ લાખ હદીષો લખી હતી એમનામાંથી પાંચ લાખ હદીષો તફસીર, એહકામ તથા ફવાઈદ વગેરે સંબંધે મેં લીધી છે.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૧૨/૪૮૩)*

## ★ એક આયત અને ૩૬૦ મજલિસો ★

કહેવામાં આવે છે કે શયખુલ ઈસ્લામ અબૂ ઈસ્માઈલ હરવી رحمۃ اللہ علیہએ રબના ફર્માન :

اِنَّ الَّذِيْنَ سَبَقَتْ لَهُمْ مِّنَّا الْحُسْنٰٓى ۙ اُولٰٓئِكَ عَنْهَا مُبْعَدُوْنَ

(બેશક ! તેઓ જેમના માટે અમારો વાયદો ભલાઈનો થઈ ચૂક્યો તેમને જહન્નમથી દૂર રાખવામાં આવ્યા છે. સૂ. અંબિયા, ૨૧/૧૦૧)ની તફસીર વર્ણન કરવામાં ૩૬૦ મજલિસો રચી હતી.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૧૮/૫૧૪)*

## ★ ઈમામ તહાવીની ઈલ્મી મહારત ★

ઈમામ તહાવી رحمۃ اللہ علیہ ફર્માવે છે, એકવાર જ્યારે હું કાઝીની મજલિસમાં બેઠેલો હતો એક શખ્સ આવ્યો અને કહેવા લાગ્યો, અબૂ ઓબૈદા બિન અબ્દુલ્લાહે પોતાની માથી અને તેમણે પોતાના બાપથી કઈ હદીષ રિવાયત કરી છે ? જ્યારે મેહફિલમાંના હાજરજનોમાંથી કોઈને જવાબ ન આવડયો તો મેં જ સનદની સાથે એ હદીષ વર્ણવી :

حَدَّثَنَا بَكَّارُ بْنُ قُتَيْبَةَ، حَدَّثَنَا اَبُوْ اَحْمَدَ، حَدَّثَنَا سُفْيَانُ عَنْ عَبْدِ الْاَعْلَى الثَّعْلَبِيِّ عَنْ اَبِيْ عُبَيْدِ اللّٰهِ عَنْ اَبِيْهِ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ : اِنَّ اللّٰهَ لَيَغَارُ لِلْمُؤْمِنِ فَلْيَغَرْ وَ حَدَّثَنَا بِهِ اِبْرَاهِيْمُ بْنُ اَبِيْ دَاوُدَ، حَدَّثَنَا سُفْيَانُ بْنُ وَكِيْعٍ عَنْ اَبِيْهِ عَنْ سُفْيَانَ مَوْقُوْفًا

જ્યારે આપ એ તલબ કરેલી હદીષને બે સનદો સાથે મરફુઅન તથા મૌકૂફન વર્ણન કરી ચૂક્યા તો એ શખ્સ એકદમ કહેવા લાગ્યો કે સાંજનાં સમયે મેં આપને ફક઼ીહોના મેદાનમાં જોયા હતા અને હવે આપ હદીષના મેદાનમાં છો. ઘણા ઓછા લોકો હશે જેઓ આ બંનેવ વિદ્યાઓમાં આપની જેમ સમૃધ્ધતા ધરાવતા હોય છે. આપે એ સાંભળીને ફર્માવ્યું, આ કેવળ અલ્લાહનો ફઝ્લ અને તેનું ઈનામ છે. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૩/૨૨)*

## ★ મજલિસની રોનક ★

હાફિઝ અબ્દુલ્લાહ ઈબ્ને અદી رحمۃ اللہ علیہ ફર્માવે છે, મેં ઈમામ ફર્યાબી رحمۃ اللہ علیہની મજલિસને જોયી જેમાં પંદર હજાર ખડીયા (શાહીના ખડીયા લખનારાઓ સામે પડેલા) ગણવામાં આવ્યા હતા. દરેકની કોશિશ એ જ રહેતી હતી કે એ જ જગાએ આખી રાત ગુજારી દે કે જેથી સવારે ત્યાં બેસવાની જગા મળી જાય.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૧૩/૨૪૬)*

## ★ બાર હજાર શાહીના ખડીયાઓ ★

હઝરત અબુલ અબા સિરાજ رحمۃ اللہ علیہ ફર્માવે છે, અમને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકના ગુલામ હસન બી ઈસાએ વર્ણન કર્યું કે ઈમામ ઈબ્ને મુબારક

رحمۃ اللہ علیہની મજલિસ જે બાબુલ તાક઼માં યોજાયી એમાં હાજરજનોની ગણત્રી કરવામાં આવી તો તેમના ખડીયા (દવાત) બાર હજારની સંખ્યાએ પહોંચેલા હતા.

*(તારીખે બગદાદ, ૭/૩૫૩)*

એટલે કે આપના ઈલ્મના લખનારાઓની સંખ્યા ૪૮ હજારની નજીક હતી. એ રીતે કે એક ખડીયાથી ચાર ચાર વ્યક્તિઓ લખતી રહેતી હતી, અને સાંભળનારાઓની સંખ્યા એના ઉપરાંતની હતી.

**★ ઈમામ મહામલીની ઈલ્મની મજલિસ ★**

અબૂ બક્ર દાઊદ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હઝરત મહામલી رحمۃ اللہ علیہની મજલિસમાં દસ હજાર માણસો બેઠેલા રહેતા હતા.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૧૫/૨૬૦)*

**★ ઈમામ જરીરની ઈલ્મી મહારત ★**

ઈમામ જરીર رحمۃ اللہ علیہ એક દિવસ શાગિર્દોને કહેવા લાગ્યા કે કુર્આનની તફસીર લખું તો તમે પઢશો ? શાગિર્દોએ કહ્યું, કેટલી મોટી તફસીર હશે ?! કહેવા લાગ્યા, ત્રીસ હજાર પાનાંઓ પર આધારિત હશે. શાગિર્દ કહેવા લાગ્યા, હઝરત ! આટલી લાંબી તફસીર પઢવા માટે ખિઝરની ઉમર ક્યાંથી લાવીશું ? પછી ત્રણ હજાર પાનાં પર આધારિત તફસીર લખી અને સાત વરસ સુધી પોતાના શાગિર્દોને ઈમ્લા કરાવતા (લખાવતા) રહ્યા જે ત્રીસ ભાગોમાં પ્રસિધ્ધ કરવામાં આવી.

તારીખ (ઈતિહાસ)ના વિષય પર પણ આટલી માત્રામાં લખવાનો મશ્વરો કર્યો તો શાગિર્દોએ કહ્યું આટલો લાંબો ઈતિહાસ પઢવાની કોણ હિંમત કરશે ? તો ટૂંકાવીને ''તારીખુલ ઉમમ વલ્મલૂક''ના નામથી તારીખે આલમ (જગતનો ઈતિહાસ) લખ્યો જે ૨૧ ભાગોમાં પ્રસિધ્ધ થઈ ગયેલ છે.

**★ આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઈલ્મી મહારત ★**

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાની ૬૪ વરસની જિંદગીમાં એક હજાર કિતાબો તથા રિસાલાઓ લખ્યા. જ્યારે તેમની કિતાબોનાં પાનાંઓને તેમની ઉમર સાથે વહેંચવામાં આવ્યા તો જાણવા મળ્યું કે આપ ઉમ્મતે મુસ્લિમા માટે દરરોજ લગભગ ૬૩ પેજીસ લખ્યા કરતા હતા.

હઝરત અલ્લામા ઝફરૂદીન બિહારી رحمۃ اللہ علیہ અને મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઈમામ અહમદ રઝા ખૂબ તેજ લખનારા હતા. અમુક સમયે ચાર ચાર ઉલમા મળીને પણ એ લખાણને નકલ કરી શકતા ન હતા જે આ'લા હઝરત દિવસભરમાં લખ્યા કરતા હતા.

આ'લા હઝરતની સવાનેહે હયાત (જીવન ચારિત્ર)માં લખ્યું છે કે આપ આપના સર્વ સમકાલીન ઉલમામાં વિશિષ્ટ તથા ઉચ્ચતમ મકામ ધરાવતા હતા જેનું સમર્થન આપના વિરોધીઓ પણ કરે છે. આપ ઉલમાનું શરણસ્થાન હતા. દેશ તથા પરદેશથી એટલી અધિક સંખ્યામાં સવાલો આવતા હતા કે અમુક વખતે તેમની સંખ્યા ૫૦૦થી અધિક થઈ જતી, જેના જવાબો આપ પોતાના કેટલાય ખલીફાઓ તથા શાગિર્દોથી ઈમ્લા કરાવતા (લખાવતા) હતા. જેનો જીવતો જાગતો ષબૂત ફતાવા રઝવિય્યહ છે.

હે નબવી ઈલ્મોના તલબગારો ! (તાલિબે ઈલ્મો) આપણા પૂર્વજ બુઝુર્ગોએ ઘણી જ જિદ્દો જેહદ પછી આટલા પ્રમાણમાં ઈલ્મી નિપૂણતા તથા કમાલ હાંસલ કર્યો છે. આપણે પણ તેમના નક઼્શે કદમ પર ચાલીને અને તેમના ગુણોને અપનાવીને ઈલ્મની તલબમાં જિદ્દો જેહદ (ખૂબ મહેનતથી કોશિશ) કરવી જોઈએ એ ઉમ્મીદની સાથે કે આપણને એમનો સદક઼ો તો મળી જ જશે.

*(અસ્લાફકા દૌરે તાલિબે ઈલ્મી, અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ)*

# એમને ગુસ્તાખી માટે કોણે ઉર્ભાયા ?!

રજૂકર્તા : મુફ્તી અબ્દુર્રહમાન મિસ્બાહી-પારખેત

હિંદના મુશ્રિકોના દિલો દિમાગમાં ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ ﷺના સંબંધે શંકાકુશંકાઓ બાતિલ ફિર્કાઓએ પેદા કરેલ છે. તેઓ કાલ સુધી આપણી નિશાનીઓનુ રિસ્પેક્ટ કરતા હતા, માન જાળવતા હતા. બાતિલ ફિર્કાઓએ ઈસ્લામી નિશાનીઓનું રિસ્પેક્ટ દિલોએથી કાઢયું. તેઓ અવલિયાએ કિરામથી અકીદત રાખતા હતા પણ બાતિલ જમાઅતોએ પાક હસ્તીઓથી તેમને બદઝન કર્યા. તેઓ મસ્જિદોનો એહતેરામ કરતા હતા (મગરિબના સમયે મુસ્લિમ કરતાં અધિક ગૈર મુસ્લિમ સ્ત્રીઓ બાળકોને દમ કરાવવા માટે મસ્જિદોના દરવાજાઓ પર રહ્યા કરતી હતી) બાતિલ જમાઅતોએ દમ (ફૂંક મારવી) તથા તાવીઝની મજાક ઉડાડી, તેઓ અઝાનના સમયે ખામોશ થઈ જતા હતા અથવા આપણા જનાઝાઓને જોઈને રસ્તા બદલી નાખતા હતા, (તા'ઝીમમાં ઈશારો કરતા હતા) ક્યારેક મૈયતના ઘરે જઈને તસલ્લી આપતા હતા પણ બાતિલ જમાઅતોએ દૂરી પેદા કરી. બાતિલ ફિર્કાઓએ તેમને ઉશ્કેર્યા, ગુસ્તાખીપૂર્ણ સાહિત્યો તેમના સુધી પહોંચાડયાં, નબી પાક ﷺની શાનને હલકી કરી વર્ણવી. વાતમાં તથ્ય ન લાગે તો નીચેના શેઅરો વાંચો.

નજીકના ભવિષ્યના હિંદુ શાઈરોના દીવાન જોવામાં આવે તો સૈયદે આલમ ﷺની શાનમાં અસખ્ય નઅતો મળશે. કેટલાક શેઅરો જોઈ લો :

## નબી ﷺની શાનમાં હિંદુ શાઈરોના શેઅરો

*દુન્યામેં મિટ સકેગી ન 'ગાંધી' યહ હશ્ર તક*
*ઝિંદા રહેગી અઝમત વ ઈઝ્ઝત રસૂલ ﷺ કી*
*(ઈન્દ્રજીત ગાંધી)*

*બદલ જાએ નિઝામે બઝમે ગીતી આને વાહિદમેં*
*કોઈ ઝિદ પર આ જાએ અગર દીવાના મુહમ્મદ ﷺ કા*
*(માધુરામ 'આરઝૂ' બિસાનપૂરી)*

*ઈતના કરમ હો આંખમેં આ જાએ રોશની*
*કહના સબા યહ જા કે પયગંબરકે સામને*
*(ડો. બુધસિંઘ અશીમ)*

*મુદતસે યહ દિલ રહતા હૈ શયદાએ મદીના*
*કબ મુઝકો ખુદા દેખે દિખલાએ મદીના*
*(બાબુ તુતારામ)*

*કુર્બાની તસવ્વુર પે હોતી હૈ શબો રોઝ*
*આંખોંમેં મેરી સૂરતે ઝયબાએ મુહમ્મદ ﷺ*
*ક્યૂંકર ન જહાંમેં મેરા રુત્બા હો આ'લી*
*મૈં 'અખ્તર' નાચીઝ હૂં શયદાએ મુહમ્મદ ﷺ*
*(મુન્શી શવારીલાલ અખ્તર અમૃતસરી)*

*રોઝે મેહશરમેં હંગામાએ શફાઅત સબકા*
*હામીઓ મદદગાર રસૂલે મદની ﷺ*
*(કંવર પ્રસાદ અખ્તર)*

*હમ દેરનશીં ભી હૈં તેરે મદહ સરા*
*રાહબર જો તુઝે અહલે હરમ માનતે હૈં*
*(સત્યપાલ અખ્તર રઝવાની)*

*રહ રહ કર લગાલૂં ન ઉસે આંખોંસે મૈં ક્યૂં*
*મિલજાએ અગર ખાક પુર અન્વારે મદીના*
*હાસિલ હૂઈ કૌનેનકી દૌલત અય 'અખ્તર*
*હાસિલ હુવા જિસ શખ્સકો દીદારે મદીના*
*(પંડિત કુંદનસિંઘ 'અખ્તર)*

*નામ 'અદીબ' ઔર બસ ઈતના હૈ તઆરૂફ મેરા*
*એક અદના સા ષના ખ્વાંએ રસૂલે અરબી ﷺ*
*(ગરમદનલાલ 'અદીબ' લખનવી)*

*ખુદાને તુમકો વો બખ્શા હૈ અય ખૈરુલ વરા પાયા*
*રસૂલોં મેં કિસીને મર્તબા ઐસા નહીં પાયા*
*શબે મેઅરાજ હક્કસે લામકાં મેં જબ હૂઈ બાતેં*
*ખુદા જાને ખુદાને કયા દિયા, બંદાને ક્યા પાયા*
*(રઝીફસિંઘ 'અશ્ર' જાલંધરી)*

*અકમલ કહીં મકામે અદબ હાથસે ન જાએ*
*તૌસીફ લિખ રહે હૈં રિસાલત મઆબ કી*
*(રામ પ્રતાપ અકમલ જાલંધરી)*

*મુઝકો ભી અપની ગુલામીકા શરફ દો આકા*
*ખાકસારોંમેં મેરા નામ ભી લિખા દેખું*
*(ડો. અંજના સુધીરા)*

આ આપણા દેશના હિંદુ શાઈરો છે. હવે આપ એકાંતમાં બેસીને વિચારો ! છેવટે એ જ કૌમના લોકોને ગુસ્તાખી માટે કોણે ઉભાર્યા ?! એ કોણ લોકો છે જેમણે દિલો દિમાગથી પયગંબરની અઝમત તથા શાનને કાઢી નાખી છે ?! કઈ જમાઅતે તેમને દિલેર કર્યા અને ગુસ્તાખીભર્યાં લિટરેચરો પૂરા પાડયાં ?!

## બાતિલ જમાઅતોનો ખડો કરેલો આ હંગામો છે

જી હા ! એ સાચુ છે કે હિંદના મુશ્રિકો ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ ﷺ પર જે વાંધા ઉઠાવી રહ્યા છે તે બાતિલ જમાઅતોએ તેમને ડાયરેક્ટ ઈનડાયરેક્ટ રીતે આપેલ છે. ગુસ્તાખીના કારણે નરસિંધાનંદ સરસ્વતી, નુપૂર શર્મા, યશિન્દ્ર, ચમુપતી વગેરે.... અન્ય મુશ્રિકોથી જેટલી નફરત કરવામાં આવે છે તેનાથી કેટલાય અંશે અધિક આપણે વહાબી, અહલે હદીષ, દેવબંદી, કાદયાની, નેચરી, ચકળાલ્વી, રાફઝી... વગેરેથી કરવી જોઈએ. પણ એ બાતિલ ફિર્કાઓને ત્યાં શાદી વિવાહ, તેમની સાથે મેલજોલ, તેમની સાથે ખાણી પીણીની મેહફિલો ચાલુ જ છે ! આ કેવો ઈશ્કે રસૂલ છે ?!

ત્રણ તલાક, હલાલા, પત્નીઓની અધિક સંખ્યા, ઔલાદની અધિકતા, મુકદ્દસ મઝારો વગેરેની વિરૂધ્ધ સાહિત્ય આ જ બાતિલ ફિર્કાઓ પહોંચાડી રહ્યા છે. દિલોએથી દીન તથા મઝહબની અઝમત (સન્માન) તથા શાન કાઢનારા રહબરના વેશમાં રહઝન (ડાકૂઓ)ને પહેચાનો❐.

દોસ્તો ! ગુસ્તાખ કલ્મો પઢનારા હોય કે કલ્મો

*❐ **બાતિલ જમાઅતોની કિતાબોમાં લખેલ ગંદા અકીદાઓ :** બાતિલ જમાઅતોએ અહલે સુન્નતની વિરૂધ્ધ, કુર્આન હદીષ વિરૂદ્ધ માન્યતાઓ ઘડીને દુનિયાને ગુસ્તાખીનો માર્ગ દેખાડયો જેનાં પરિણામો આજે મુસ્લિમ દુનિયા ભોગવી રહી છે. વર્તમાન પત્રોમાં તેમજ ન્યૂઝ ચેનલોમાં ચેલેન્જો થાય છે કે ખુદ મુસલમાનોએ નુપુર શર્મા કરતાં અધિક ગુસ્તાખીઓ કરેલી છે તેને અમે તેમની કિતાબોમાંથી બતાવીએ. એટલે કે આ બાતિલ ગુસ્તાખ જમાઅતોએ જ તેમને આ રસ્તો બતાવ્યો છે. જેમ કે તેઓએ લખ્યું છે :*

*★ વહાબી ગુસ્તાખ ફિર્કાના સ્થાપક મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી લખે છે ! નબી વલીની કબર તરફ સફર કરવી અને મૂર્તિઓ તરફ સફર કરવી "મહાન શિર્ક છે" (કિતાબુત્તૌહીદ) ★ હુઝૂર ﷺના ઈલ્મને બાળકો, પાગલો, જાનવરો જેવો કહ્યો. (હિફઝુલ ઈમાન, દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી) ★ ઉર્દૂ ભાષા નબીએ દેવબંદી મોલ્વીઓથી શીખી, નબી ﷺના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે. નબી ﷺને દીવાલ પાછળનો પણ ઈલ્મ નથી. (બરાહીને કાતિઆ, દેવબંદી મોલ્વી ખલીલ અંબેઠવી) ★ ખુદા ચાહે તો એવા કરોડો મુહમ્મદ પેદા કરી આપે. ★ જેનું નામ મુહમ્મદ તથા અલી છે તેમને કોઈ વસ્તુનો અધિકાર નથી. ★ નબીને પોતાના અંજામની પણ ખબર નથી ! (તકવિયતુલ ઈમાન, દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) ★ દરેક મખ્લૂક નાની હોય કે મોટી (નબી કે વલી તરફ નિર્દેશ કરીને કહ્યું)* *અનુસંધાન પેજ : ૩૬*

ન પઢનારા હોય, ગુસ્તાખ ગમે તેમ પણ છેવટે ગુસ્તાખ જ છે ! મુશ્રિક તો મુશ્રિક છે, આ કલમો પઢનારા ગુસ્તાખ કલ્મો પઢીને ઈસ્લામ અને ઈસ્લામના પયગંબર ﷺની વિરૂધ્ધ ભોંકે છે. પોતાના લખાણ તથા બયાનમાં સૈયદુલ અંબિયા ﷺની ગુસ્તાખી રોજ બરોજ કરતા રહે છે, તો ત્યારે આપનો જોશ ક્યાં ચાલ્યો જાય છે ?! આપનુ લોહી તે વખતે કેમ નથી ઉકળતુ ?! જ્યારે *તક્વિયતુલ ઈમાન, હિફ્ઝુલ ઈમાન, બરાહીને ક઼ાતિઅ઼ા, તહઝીરુન્નાસ, સિરાતે મુસ્તક઼ીમ* નામની કિતાબો હજારોની સંખ્યામાં છાપીને દેશભરમાં વહેંચવામાં આવે છે એ વખતે તમારુ લોહી કેમ નથી ઉકળતુ ?! જ્યારે આપના જ વિસ્તારમાં ધોળે દહાડે ગલી ગલી ઘુમીને આપ તથા આપના બાળકોના ઈમાન તથા અક઼ીદા પર

*અલ્લાહની શાન આગળ **ચમારથી પણ વધુ ઝલીલ (નીચ)** છે. ★ નબી તો મરીને માટીમાં મળી ગયા. (તકવિયતુલ ઈમાન, દેવબંદી વહાબી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) ★ નમાઝમાં રસૂલનો ખયાલ આવવું પોતાના બળદ ગધેડાની સૂરતમાં ડૂબી જવા કરતાં બુરુ છે. (સિરાતે મુસ્તક઼ીમ, દેવબંદી વહાબી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) ★ દેવબંદી વહાબી ફિર્ક઼ાના મુજદ્દિદ ઈબ્ને તૈમિયહએ લખ્યું, "ફરિશ્તા તથા પયગંબરો તમારી જેવા બંદા છે, તેઓ અલ્લાહની દયા યાચના કરે છે, તેઓ તમારી જેમ અલ્લાહથી ડરે અને ધ્રુજે છે. ★ કહેવાતા અહલે હદીષ ફિર્ક઼ા ગૈર મુક઼લ્લિદોનો પેશવા હસન સિદ્દીક઼ ભોપાલી લખે છે : "જે કાંઈ કબરની શકલમાં બનાવવામાં આવેલ છે અને જે શરીઅતની વિરૂદ્ધ છે તેની મનાઈ કરવામાં આવી છે." (નાજાઈઝ છે) અને તેને તોડી જમીન બરાબર કરી નાખવી, કાંઈ પણ છૂટછાટ આપ્યા વગર બધાં મુસ્લિમો માટે વાજિબ છે, પછી તે પયગંબરની કબર હોય કે કોઈ બીજા શખ્સની કબર હોય." (ઉર્ફુલ જાદી–ફારસી, પાન નં. ૬૦)*

*આવી આવી અનેક ગુસ્તાખીઓ નબી વલીની શાનમાં આ બાતિલ ફિર્ક઼ાઓએ કરી છે જેને જોઈને જ ગૈરોમાં હિંમત આવી છે. તેમજ વહાબી ગુસ્તાખોએ ઈ.સ. ૧૯૨૩ પછી કેટલીય પવિત્ર મસ્જિદો તથા સહાબા વગેરે બુઝુર્ગોના ૧૩૦૦ વરસ પૂરાણા મઝારો તોડી પાડયા તેની ઝલક જોઈ લો ! એમણે જ ગૈરોને મસ્જિદોની તથા મઝારોની બેઅદબી શીખવી ! જુઓ :–*

***વહાબીઓ દ્વારા તોડી પડાયેલ ઐતિહાસિક મસ્જિદો :** ૧. મસ્જિદે ફાતેમા મુત્તસિલ મસ્જિદે કુબા. ૨. મસ્જિદે સનાયા. (ઓહદનું મેદાનમાં જ્યાં હુઝૂર ﷺના દાંત મુબારક શહીદ થયા) ૩. મસ્જિદે મનાઝેતીન. ૪. મસ્જિદે માએદા. (જ્યાં સૂરએ માએદહ્ નાઝિલ થઈ હતી) ૫. મસ્જિદે ઈજાબા (જ્યાં સરકાર ﷺની એક અતિ મહત્વની દુઆ કુબૂલ થઈ હતી.)*

*હુઝૂર ﷺના મઝારે અક઼દસને (મઆઝલ્લાહ) "સનમે અકબર" (સૌથી મહાન મૂર્તિ) ઠરાવી ખોદી કાઢવાની કોશિશ પણ કરી હતી, રબના કરિશ્માથી પરંતુ તેમનું કાંઈ ચાલ્યું નહીં,*

***વહાબીઓ દ્વારા તોડી પાડેલા ખાનદાને નબુવ્વતની શાહઝાદીઓનાં મઝારાત :** ૧. રસૂલે ખુદા ﷺની શાહઝાદી હઝરત સૈયદા ફાતેમા رضی اللہ عنہا ૨. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઝૈનબ رضی اللہ عنہا ૩. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا ૪. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે રુકૈયા رضی اللہ عنہا ૫. હઝરતે ફાતેમા સુગરા (બિન્તે હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہا)*

***વહાબીઓ દ્વારા તોડી પાડેલ ઉમ્મતની પાકદામન માંઓના મઝાર :** ૧. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ૨. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે ઝૈનબ رضی اللہ عنہا ૩. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે સૌદા رضی اللہ عنہا ૪. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે હફસા رضی اللہ عنہا કુલ ૯ અજવાઝે તય્યેબાતનાં મઝારાત*

***વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશહૂર એહલે બૈતનાં મઝાર શરીફ :** ૧. શાહઝાદએ રસૂલ ﷺ હઝરતે ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ ૨. સરે મુબારક હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہ ૩. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન رضی اللہ عنہ ૪. જિગર ગોશએ રસૂલ ﷺ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ૫. ઉમ્મુન્નબી (હુઝૂર ﷺના* અનુસંધાન પેજ : ૩૭

તબ્લીગના નામ પર હુમ્લો કરવામાં આવે છે તે વખતે તમો કેમ ખામોશ રહો છો ?! જ્યારે આ જ ગુસ્તાખો આપને ત્યાં શાદી વિવાહ કરે છે અને જોત જોતામાં પૂરા ઘરને પોતાની લપેટમાં લઈ લે છે એને તમારી આંખો નથી જોઈ શકતી ?!

આપણા દેશના હિંદુઓએ નબી પાક ﷺની શાનમાં કિતાબો લખી, ખૂબસૂરત શેઅરો કહ્યા, આપની બારગાહમાં મહોબ્બતભર્યા અંદાઝમાં કલામ કર્યો. તેઓ આપણા નબીની શાનમાં ગુસ્તાખી કરતા ન હતા. ઈ.સ. ૧૮૭૫ પહેલાંનો ગેર મુસ્લિમોનો ઈતિહાસ વાંચો અને એના બાદનો, જેથી તમને જાણ થાય કે એની પાછળ કઈ જમાઅત છે.

જેથી આજે, અત્યારે, બલ્કે હમણાંથી જ નિશ્ચય કરી લો કે દરેક બાતિલ જમાઅતથી દોસ્તી, સચ્ચાઈ, શાદી વહેવાર, ઉઠક બેઠક કરવાથી અલગ રહીશ, બદ મઝહબોની સોહબતને ઝહેરથી અધિક ખતરનાક સમજીશ, અલ્લાહ વ રસૂલની શાનમાં ગુસ્તાખી કરનારા ગુસ્તાખી કરનારાઓ (નામ માત્રના કલ્મો પઢનારાઓ)થી હમેશાં દિલી અદાવત રાખીશ.

*ચિરાગ જલાકે મૈંને રખ દિયા હૈ રાહોંમેં*
*અબ જો રાસ્તા ભૂલે તો ઉસ્કી કિ઼સ્મત હૈ*

*–(મૌલાના હસન નૂરી ગોંડવીના લખાણના આધારે)*

---

*કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ ૬. હઝરત ઈમામ જા'ફર સાદિક઼ رضی اللہ عنہ ૭. હઝરત ઈમામ મુહમ્મદ બાક઼ર رضی اللہ عنہ, વળી હાલ થોડા વરસો પર જ હુઝૂર ﷺનાં વાલિદા મોહતરમા હઝરત આમિના رضی اللہ عنہاની કબર મુબારક 'અબ્વા' સ્થળે હતી તેને પણ તોડી નાખી.*

***વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર સહાબા અને તાબેઈનના મઝારો :*** *૧. અમીરુલ મુ'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ૨. હઝરત સૈયેદેના ઉષ્માન ઈબ્ને મજરન رضی اللہ عنہ ૩. હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ૪. હઝરત સઅદ ઈબ્ને અબી વક઼્ક઼ાસ رضی اللہ عنہ ૫. હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ૬. હઝરત ઈમામ નાફ઼િઅ્ رضی اللہ عنہ*

*–(રિપોર્ટ ખિલાફત કમિટી, પાન ૮૦ થી ૮૯)*

***ઝખ્મોનું દર્દ*** *: આ હતા વહાબી, નજદી કૌમનાં તે "જુલ્મી કારસ્તાન" જેના પર દેવબંદી જમાઅતના ઉલ્માએ સાઉદીના સુલ્તાન સઉદને મુબારકબાદીનો તોહફો અર્પણ કર્યો હતો અને એમની પાસે પોતાના ખાસ એલચી મોકલીને સંતોષ અને અનહદ આનંદ વ્યકત કર્યો હતો !!*

*સારાંશ કે અંગ્રેજોના જોરે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદીએ ગુસ્તાખીપૂર્ણ અક઼ીદાઓ ફેલાવ્યા અને રાજ્ય સત્તા પર ઈબ્ને સઉદનો કબજો થયો જેણે તુર્કી સુન્ની ઉષ્માની હુકૂમતનો ખાત્મો કર્યો જેઓ નબી વલીઓની તાઝીમ બાબતે એ જ અક઼ીદા પર હતા જે હુઝૂર તથા સહાબાના સમયથી ચાલ્યો આવ્યો હતો. એ જ ગુસ્તાખ વહાબી ફિર્ક઼ાની શાખો હિંદમાં ગૈર મુક઼લ્લિદ, દેવબંદી, મૌદૂદી વગેરેએ નબી પાક ﷺની શાનમાં, વલીઓની શાનમાં ગુસ્તાખીઓ કરતી કિતાબો તથા બયાનો કરીને મુસ્લિમોમાં ફાટફૂટ પડાવી, તથા ગૈરોને ગુસ્તાખીના માર્ગો બતાવ્યા. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

**ઈન્તેક઼ાલ પુરમલાલ :** ❑ **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૧૩–૦૭–૨૦૨૨, બુધવારના રોજ મુબારક વલી કીડીવાલાનો કુવૈત ખાતે ઈન્તેક઼ાલ થઈ ગયો જેમન દફનવિધિ તા. ૧૫–૦૭–૨૦૨૨ જુમ્આના રોજ દયાદરા ખાતે કરવામાં આવી. ❑ **કિલ્લાપારડી** : જનાબ ઈમ્તિયાઝ દાઊદ બાલા (હાલ : લંડન, યુ.કે.)ના વાલિદા મોહતરમાનો કિલ્લાપારડી મુક઼ામે તા. ૧૫–૦૭–૨૦૨૨ જુમ્આના રોજ ૮૪ વર્ષની વયે ઈન્તેક઼ાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હઝરત અલી رضی اللہ عنہ અને રાફઝી તથા ખારજીની રદ

અઝ : મૌલાના
ઝહીર મિસ્બાહી
(નિગરાં : સુન્ની દા'વતે
ઈસ્લામી-જંબુસર)

ઈસ્લામના નામ પર જોવા મળતા સર્વ ફિર્કાઓની સરખામણીમાં હક્કવાળો મઝહબ યકીનન ! અહલે સુન્નત વ જમાઅત છે. અલ્લાહ કુર્આન મજીદમાં ફર્માવે છે : يَّوْمَ تَبْيَضُّ وُجُوْهٌ وَّ تَسْوَدُّ وُجُوْهٌ "જે દિવસે કેટલાક મોંઢાં ઉજળાં હશે અને કેટલાક કાળાં." (સૂ. આલે ઈમરાન, ૩/૧૦૬) સવાલ એ ઉદ્ભવે છે કે કોના ચહેરા કયામતના દિવસે રોશન તથા ચમકતા હશે અને કોના ચહેરા કાળા હશે.

હિબ્રુલ ઉમ્મત, તર્જમાને કુર્આન સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : "કયામતના દિવસે અહલે સુન્નત વ જમાઅતના ચહેરા રોશન હશે અને ગુમરાહો તથા ફિર્કા પાડનારાઓના ચહેરા કાળા હશે." આપ સારી રીતે જાણો છો કે હક્કવાળાઓનો હમેશાં બાતિલ પરસ્તો સાથે મુકાબલો રહ્યો અને જ્યારે હક્કવાળા અહલે સુન્નત વ જમાઅત જ છે તો લાઝમી તૌર પર તેનો મુકાબલો દરેક બાતિલ (નાહક્કવાળા) સાથે થવાનો હતો, ખાસ કરીને અહલે સુન્નતનો મુકાબલો ખારજી તથા રાફઝીઓ સાથે દરેક યુગમાં રહ્યો.

**★ હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ રાફઝી ખારજીનો રદ કઈ રીતે કર્યો ? ★**

ખુલફાએ રાશિદીનમાં ખારજી તથા રાફઝીનો સૌ પ્રથમ રદ હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ કર્યો. પબ્લિકની મજલિસોમાં રદ કર્યો, જાહેરમાં તથા ખાનગીમાં રદ કર્યો, મુરીદોની મજલિસમાં રદ કર્યો, ત્યાં સુધી કે આપે તલ્વાર થકી અમલના મેદાનમાં ઉતરીને પણ (મુકાબલો કરીને) રદ કર્યો. ક્યારેક હરૂરાના સ્થળે મુકાબલો કર્યો તો ક્યારેક નહેરવાન સ્થળે તેમની સાથે જંગ લડી. સૌ પ્રથમ અને સૌથી અધિક હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ જ તેમનો રદ એટલા માટે કર્યો કે રાફઝી તથા ખારજી એ બંનેવ ટોળાં હઝરત મૌલા અલી رضی اللہ عنہની ખિલાફતના પ્રારંભિક દૌરમાં જ જાહેર થયાં. ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એટલા માટે જ ફર્માવે છે :

*અવ્વલીને દાફએ અહલે રિફ્ઝો ખુરૂજ*
*ચારમી રુકને મિલ્લત પે લાખોં સલામ*
*માહીએ રિફ્ઝો તફઝીલ વ નસબો ખુરૂજ*
*હામીએ દીનો સુન્નત પે લાખોં સલામ*

હઝરત મૌલા અલી તથા હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہما એ અમ્રે તહકીમ પર રઝામંદી જાહેર કરી. એટલે કે શહાદતે ઉષ્માન ગની رضی اللہ عنہના પછી તેમના કેસાસના (ખૂનના બદલાના) મામલામાં હઝરત મૌલા અલી رضی اللہ عنہ તથા હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના વચ્ચે જે મતભેદ થયો તેને દૂર કરવા માટે હઝરત મૌલા અલી رضی اللہ عنہ તરફથી હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ તથા અમીર મુઆવિયહ رضی اللہ عنہ તરફથી હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہને હકમ તથા ફૈસલ નિયુક્ત કરવામાં આવ્યા અને તેમના ફૈસલાને બંને હઝરાતે રાજી ખુશીથી સ્વીકારવાનો વાયદો કર્યો. બંને પક્ષની આ રઝામંદી પર એક ગિરોહ (ગ્રૂપ) હઝરત મૌલા અલી رضی اللہ عنہના લશ્કરમાંથી اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ (હુકમ નથી પણ અલ્લાહનો. -સૂ. અન્આમ, ૬/૫૭) પઢીને ખારિજ (બહાર) થઈ ગયો અને મૌલા અલી رضی اللہ عنہ અને આપના સાથીઓ પર મઆઝલ્લાહ ! કુફ્નો ઈલ્ઝામ લગાડયો. એ ગિરોહ "ખારજી" કહેવાયો, જેવું કે 'અલ્કામિલ ફિત્તારીખ"ના આ લખાણથી જાહેર થાય છે :-

"હઝરત મૌલા અલી અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ તેમને સમજાવ્યા જેના પર લગભગ ત્રણ

હજાર ખારજીઓએ તૌબા કરી લીધી. *(નુઝહતુલ કારી)* અને *મજમઉઝ્ ઝવાઈદ* માં છે : કે લગભગ વીસ હજાર ખારજીઓએ તૌબા કરી અને ચાર હજાર રહી ગયા તેમને ઝુલ્ફિક઼ારે હૈદરીએ ક઼ત્લ કરી દીધા. ખારજીઓના ક઼ત્લ થઈ જવા પર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَએ કહ્યું, અલ્લાહનો શુક્ર છે કે તેણે ખારજીઓને નેસ્તો નાબૂદ કરી દીધા. એના પર હઝરત મૌલા અલી رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો : "આ ખારજીઓ ખત્મ નથી થયા બલ્કે એઓ હમેશાં નીકળ તા રહેશે, ત્યાં સુધી કે તેમનો છેલ્લો ગિરોહ દજ્જાલની સાથે હશે."

## ★ વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ વગેરે ખારજી છે ★

જ્યારે એ ખારજી ગિરોહ દરેક જમાનામાં રહેશે. તો આ પુરફિતન દૌરમાં ખારજી કોણ છે ? આજના દૌરમાં સેંકડો ઉલમાએ એહલે સુન્નતના લખાણો મુજબ, ખાસ કરીને હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના કથનાનુસાર **વહાબી ગિરોહ એ ખારજી ગિરોહ છે,** ચાહે તે **દેવબંદી** હોય કે **ગૈર મુક઼લ્લિદ.**

ગૈર મુક઼લ્લિદ તો પોતાને આલે સઊદની તરફ સંબંધિત કરીને ગર્વભેર પોતાને વહાબી કહે છે, પણ દેવબંદીઓના પેશવાઓ પણ એ વાતનો સ્વીકાર કરે છે કે અમે "વહાબી" છીએ. જેમ કે : દેવબંદીઓના પેશવા મોલ્વી અશરફ અલી થાનવીનું જીવન ચરિત્ર લખનાર લખે છે કે, "જે દિવસોમાં થાનવી સાહબ કાનપુરના મદ્રસા જામિઉલ ઉલૂમમાં મુદર્રિસ હતા. એ દિવસોનો બનાવ છે કે મહોલ્લાની અમુક સ્ત્રીઓ ફાતિહા પઢાવવા માટે મીઠાઈ લઈને મદ્રસે આવી. થાનવી સાહબના તલબાએ ફાતિહા આપવાના બદલે તે મીઠાઈ લઈને ખુદ ખાય લીધી. એના પર ઘણો હંગામો થયો. થાનવી સાહેબને ખબર પડી તો તે આવ્યા અને લોકોને સંબોધન કરતાં કહ્યું, "ભાઈ ! અહીં વહાબી રહે છે અહીં ફાતિહા, ન્યાઝ માટે ન લાવ્યા કરો." *(અશ્રફુસ્સવાનેહ, ૧/૪૫)*

દેવબંદી જમાઅતના બીજા અગ્રેસર પેશવા રશીદ અહમદ ગંગોહી પોતાના ફત્વામાં લખે છે : મુહમ્મદ બિન અબ્દુલ વહહાબના અનુયાયીઓને વહાબી કહે છે. તેમના અક઼ીદા ઉમદા હતા. *(ફતાવા રશીદિયા)*

"સવાનેહે મૌલાના મુહમ્મદ યૂસુફ કાંધલ્વી" નામની કિતાબ જે દારુલ ઉલૂમ નદવતુલ ઉલમા લખનૌથી પ્રસિધ્ધ થઈ છે. એમાં મૌલાના મંઝૂર અહમદ નોઅમાની સાહબ લખે છે : "અને અમે ખુદ અમારા બારામાં પણ સફાઈથી અર્ઝ કરીએ છીએ કે અમે ઘણા સખત વહાબી છીએ. *(પેજ–૧૯૨)*

તમે અંદાઝો લગાડી શકો છો કે દલીલની જે રીત તથા વિચારવાનો અંદાઝ ખારજીઓએ અપનાવીને હઝરત મૌલા અલી رضی اللہ عنہ તથા આપના સાથીઓને કાફિર કહ્યા, તો આજનો ખારજી પણ એ જ દલીલની પધ્ધતિથી હઝરત મૌલા અલી رضی اللہ عنہના સાચા મુહિબ્બો (ચાહકો)ને કાફિર કહે છે. એટલે કે ખારજીઓએ : اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ (હુકમ નથી પણ અલ્લાહનો. સૂ. અન્આમ, ૬/૫૭) તો પઢયું પણ "فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَ حَكَمًا مِّنْ اَهْلِهَا (એક પંચ પુરૂષવાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી. તેઓ બંનેવ જો સુલહ કરાવવા ચાહે તો અલ્લાહ તેમનામાં મેળ કરી દેશે. સૂ. નિસાઅ, ૪/૩૫)થી અને يَحْكُمُ بِهٖ ذَوَا عَدْلٍ مِّنْكُمْ (તમારામાંના બે ષિક઼હ માણસ એનો હુકમ કરે. સૂ. માઈદા, ૫/૯૫)થી આંખ આડા કાન કર્યા. હક઼ીક઼ી, મજાઝી અને ઝાતીનો ફર્ક ન કર્યો. એ જ પ્રમાણે આજનો ખારજી (વહાબી દેવબંદી વગરે) ઈલ્મે ગયબના મસ્અલામાં :–

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَ الْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ

(તમે ફર્માવી દો, ગયબ નથી જાણતા જે કોઈ આસ્માનો તથા જમીનમાં છે. સૂ. નમ્લ, ૨૭/૬૫) તો પઢે પણ : عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا (ગયબનો જાણનાર તો પોતાના ગયબથી કોઈને માહિતગાર નથી કરતો, સિવાય પોતાના પસંદીદા

રસૂલોના. સૂ. *જિન, ૭૨/૨૬,૨૭*)ને ધ્યાનમાં ન લીધુ, અને હકીકી, મજાઝી તથા ઝાતી, અતાઈનો ફરક કર્યા વિના કુફ્રનો હુકમ લગાડે છે. વહાબીઓની આ જ તે દલીલની પધ્ધતિ છે જેણે તેમને ખારજીઓની લાઈનમાં લાવીને ઉભા કરી દીધા.

સારાંશ કે વહાબી એ ખારજીનું નવું સ્વરૂપ છે. બંનેની વિચાર શૈલી, દલીલનો અંદાઝ અને તબ્લીગના તરીકામાં પાયાની સામ્યતા જોવા મળે છે. જેવી રીતે ખારજીઓએ અમુક આયતો (નસો)ના જાહેરથી દલીલ કરીને હઝરત અલી رضی اللہ عنہ અને આપના સાથીઓને કાફિર તથા મુશ્રિક કહ્યા હતા, એ જ પ્રમાણે વહાબી પણ અમુક નસો (આયતો)ના જાહેર વડે દલીલ કરીને સહીહુલ અકીદા સુન્ની મુસલમાનને કાફિર તથા મુશ્રિક ઠરાવે છે.

## ★ રાફઝીના રદમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની વાણી તથા વર્તન ★

રાફઝી ફિર્કાનો બાની (સ્થાપક) અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદી છે જેણે પોતાની ગુમરાહ જમાઅતને સૌ પ્રથમ એ જ અકીદો શીખવાડયો કે હઝરત અલી رضی اللہ عنہ, હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہથી અફઝલ છે.
*(ઈષ્ના અશરિયહ, ૪૧)*

રાફઝીઓના આ અફઝલિયતના અકીદાની રદ હઝરત સૈયદના મૌલા અલી رضی اللہ عنہએ કેવી રીતે કરી એનો અંદાઝો આપ ઈમામે અહલે સુન્નતના આ લખાણ પરથી લગાડો : "હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ વારંવાર પોતાના સત્તાકાળ તથા ખિલાફતના દબદબાના દૌરમાં શૈખૈન (અબૂ બક્ર, ઉમર)ની મુત્લક અફઝલિયતની સ્પષ્ટતા કરી અને આ આદેશ :

لا اجد احدا فضلنی علی ابی بکر و عمر الا
جلدته حد المفتی

("જો મેં કોઈ એવા શખ્સને પામી લીધો જે મને અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماથી અફઝલ કહેતો હશે, તેને આક્ષેપ કરનારની સજા લગાડું") એનાથી તવાતુરથી સાબિત થયું કે એંસીથી વધુ સહાબીઓ તથા તાબઈને એને રિવાયત કરી અને ખરેખર આ શૈખૈન કરીમૈન (અબૂ બક્ર, ઉમર)ની અફઝલિયતના મસ્અલાને જેવી રીતે હક્ક્ મઆબ મુર્તઝવી (હઝરત મૌલા અલી)એ સાફ સાફ, ખુલ્લમ ખુલ્લા, વારંવાર, એકાંત તથા જાહેરમાં, આમ મેહફિલો મોટી મોટી મસ્જિદોમાં ઈર્શાદ ફર્માવ્યો તેવો અન્યોથી વર્ણન નથી થયો. *(ફતાવા રઝવિય્યહ)*

તમે અંદાઝો લગાડો કે ખારજી તથા રાફજીનું કૌલ તથા અમલ (વાણી તથા વર્તન)થી રદ કરવું, ખારજી તથા રાફઝીઓને પોતાનાથી દૂર રાખવા અને તેમનાથી ખુદ પોતે દૂર રહેવું એ રસૂલુલ્લાહ ﷺનો પણ હુકમ છે, અને સુન્નતે મુર્તઝવી (હઝરત મૌલા અલીની સુન્નત) પણ છે. એ શાનની સૌ પ્રથમ આપે હિફાઝત કરી. અને એ પગલાં આપ કેમ ન લેતા, કેમ કે : આપ શેરે ખુદા છે, આપ અસદુલ્લાહિલ્ ગાલિબ છે, આપ સાહિબે ઝુલ્ફિકાર અને આપ હૈદર કર્રાર છે. આપ ખુદ ફર્માવે છે, "હું તે છું કે મારુ નામ મારાં માએ હૈદર (શેર) રાખ્યું છે !" આપની જાત અહલે ઈમાનના માટે એક કસોટી તથા માપદંડ છે. આપ ખુદ રિવાયત કરે છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારામાં હઝરત ઈસાની એક મુશાબેહત (મળતાપણુ) છે કે યહૂદી તેમનાથી દુશ્મની રાખે છે, ત્યાં સુધી કે તેઓ તેમનાં વાલિદા (પાકીઝા) પર તોહમત લગાડે છે, જ્યારે કે નસારા (ઈસાઈ) તેમનાથી મહોબ્બત કરે છે, ત્યાં સુધી કે તેમણે તેમને એવા સ્થાને બિરાજમાન કરી દીધા જેના તે હક્કદાર નથી." પછી અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, "બે પ્રકારના લોકો મારા (હક્કનો) સંબંધે હલાક (બર્બાદ) થઈ જશે : ઈફરાત (શરીઅતની નિશ્ચિત હદથી વધીને પ્રશંસા)થી કામ લેવાવાળા મુહિબ્બ (ચાહકો) કે તેઓ મારા વિશે એવો ઈફરાત (અતિશયોક્તિ) કરશે જે મારામાં નથી. અને દુશ્મની રાખનાર કે મારી દુશ્મની તેમને એના માટે તૈયાર કરશે કે તેઓ મારા પર આક્ષેપો લગાડશે."

આ હદીષે પાકમાં હઝરત મૌલા અલી رضی اللہ عنہએ يَهْلِكُ فِيَّ رَجُلَانِ "મારા બારામાં બે ગિરોહ હલાક થશે"ની ખબર આપી છે. હલાક થનારા બે ગિરોહમાં

પ્રથમ ગિરોહ مُحِبٌّ مُفْرِطٌ મહોબ્બતમાં હદથી વધનારો, અને બીજો مُبْغِضٌ હઝરત મૌલા અલી رضی اللہ عنہથી અદાવત રાખનારો.

હઝરત મૌલા અલી رضی اللہ عنہએ હુઝૂર ﷺના ફર્માનના પ્રમાણે એ હલાક થનારા બંનેવ ગિરોહની ખાસિયતો બતાવી કે એકને મહોબ્બતમાં હદથી વધી જવું લઈ ડૂબશે અને બીજાને અદાવત લઈ ડૂબશે. પરંતુ એ બંનેવ હલાક થનાર ગિરોહોનું નામ શું છે ? એનો ઉલ્લેખ હઝરત અલ્લામા અલી કારી رحمۃ اللہ علیہએ મિર્કાતમાં કર્યો : "મારા હક્કના બારામાં બે ગિરોહ હલાક થશે : પહેલો રાફઝી બીજો ખારજી. **હદથી વધુ વધારનારો** એટલે તે તારીફ કરે કે જે મારામાં નથી, એટલે કે **મને સર્વ સહાબીઓથી અફઝલ બતાવશે** અથવા **નબીઓથી અફઝલ બતાવશે** અથવા **ઉલૂહિયતની સાબિતી કરશે,** જેવું કે "નુસૈરી" ફિર્કાએ કર્યું. બીજો مُبْغِضٌ અદાવત કીનો રાખનારો. અહીં અદાવતમાં હદથી વધનારો નથી કહ્યું, કેમ કે અદાવત મુદ્દલે મના છે, મુહિબ્બથી ઉલ્ટુ કે અસલ મહોબ્બત પસંદીદા છે પણ એમાં ઈફરાત (શરઈ હદથી વધારો કરવો) મના છે.

મૌલા અલી رضی اللہ عنہ ફર્માવે છે : "એક કૌમ મારી સાથે મહોબ્બત કરશે ત્યાં સુધી કે મારી મહોબ્બતમાં તેઓ જહન્નમમાં દાખલ થશે." એટલે તે જ હદથી વધનારી મહોબ્બત તેમને જહન્નમમાં લઈ જશે, જેમ કે રાફઝી, તફઝીલી, ગાલી.

એક કૌમ મારાથી અદાવત રાખશે ત્યાં સુધી કે મારી અદાવત તેમને જહન્નમમાં લઈ જશે, જેમ કે ખારજીઓએ આપનાથી અદાવત રાખી. *(મુસ્નદે અહમદ)*

મૌલા અલી رضی اللہ عنہ ફર્માવે છે : "હે અલ્લાહ ! અમારાથી બુગ્ઝ (અદાવત) રાખનારા દરેક પર લઅનત કર !" આ દુઆ આપે ખારજીઓના માટે કરી અને હદથી વધારીને મહોબ્બત કરનારાઓ પર પણ લઅનત કરી, અને એ આપે રાફઝી, તફઝીલી, ગાલીઓ માટે કરી.

છેવટની બે હદીષોમાં હઝરત મૌલા અલી رضی اللہ عنہએ પોતાના એ મુહિબ્બ (ચાહક)ને પણ જહન્નમમાં જવાની ખબર આપી અને તેના પર લઅનત કરી કે જે ઈફરાતથી (શરઈ હદથી વધારીને) કામ લે છે. સારાંશ એ કે હઝરત અલી رضی اللہ عنہથી મહોબ્બત કરવી ઈમાનની નિશાની છે. لَا يُحِبُّكَ اِلَّا مُؤْمِن "મો'મિન જ આપનાથી મહોબ્બત કરશે." પણ આ મહોબ્બતમાં ઈફરાત (શરઈ હદથી વધારો કરવાથી) કામ લેનારાઓને હઝરત મૌલા અલી رضی اللہ عنہએ ખુદ જ જહન્નમી તથા મલઊન ઠરાવ્યા. અને હઝરત અલ્લામા અલી કારીના કૌલ પ્રમાણે ઈફરાતથી શરઈ (શરઈ હદથી વધીને) કામ લેનારો તે છે જે હઝરત મૌલા અલી رضی اللہ عنہને સર્વ સહાબીઓ કરતાં અફઝલ બતાવે છે.

## ★ અફઝલિયતે સિદ્દીકે અકબર હદીષોની રોશનીમાં ★

હઝરત નાફેઅ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરે છે કે, "અમે રસૂલુલ્લાહ ﷺના જમાનામાં સહાબા رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَમાં અમુકને અમુક પર ફઝીલત આપતા હતા. અમે કહેતા હતા કે અબૂ બક્ર સૌથી અફઝલ છે, તેમના પછી ઉમર પછી ઉષ્માન. *(બુખારી)*

ઈબ્ને ઉમર બયાન કરે છે કે, અમે નબી ﷺના જમાનામાં અબૂ બક્ર બરાબર કોઈને ઠરાવના ન હતા. પછી ઉમર અને પછી ઉષ્માન, પછી અમે નબી ﷺના સહાબીઓ (ની આપસમાં ફઝીલતની ચર્ચા)ને ત્યજી દેતા હતા. અને એમનામાંથી કોઈ એકને બીજા પર ફઝીલત આપતા ન હતા. અને અબૂ દાઊદની રિવાયત છે : અમે રસૂલુલ્લાહ ﷺની હયાત મુબારકમાં કહ્યા કરતા હતા કે નબી ﷺની ઉમ્મતમાં આપના પછી સૌથી અફઝલ અબૂ બક્ર છે, પછી ઉમર છે અને પછી ઉષ્માન છે.

*(રવાહુલ બુખારી તથા અબૂ દાઊદ)*

હઝરત અલી رضی اللہ عنہના સાહબઝાદા મુહમ્મદ ઈબ્ને હનફિય્યા વર્ણવે છે, મેં મારા પિતાને કહ્યું, નબી ﷺના પછી સૌથી બેહતર શખ્સ કોણ છે ? તેમણે

ફર્માવ્યું, અબૂ બક્ર. મેં પૂછયું, પછી કોણ? તેમણે ફર્માવ્યું, ઉમર. અને અંદેશાને લીધે કે હવે આપ ઉષ્માન કહી દેશે, મેં કહ્યું, પછી આપ ?! તેમણે ફર્માવ્યું, હું તો એક સામાન્ય મુસલમાન છું ! *(રવાહુલ બુખારી)*

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ પોતાના વાલિદે માજિદ મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરે છે : હું હુઝૂરે અક્દસ અફઝલુલ અંબિયા ﷺની ખિદમતમાં હાજર હતો એવામાં અબૂ બક્ર તથા ઉમર સામે આવ્યા. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, અલી ! આ બંનેવ સરદાર છે. જન્નતવાળાઓના સર્વ વૃધ્ધો તથા જવાનોના, અંબિયા તથા રસૂલો બાદ." *(અલ મુસ્નદ લિલ ઈમામ અહમદ, હદીષ-૬૦૨, ૧/૧૭૪, સુનને તિર્મિઝી, કિતાબુલ મનાકિબ, હદીષ ૩૬૮૫, ૫/૩૭૬ તથા સુનને ઈબ્ને માજહ, કિતાબુસ્સુન્નહ, ફદલ અબી બકર સિદ્દીક رضی اللہ عنہ, હદીષ-૧૦૦, ૧/૭૫)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ સૈયદુલ મુરસલીન ﷺથી રાવી. હુઝૂરનો ઈર્શાદ છે : અબૂ બક્ર તથા ઉમર બેહતર છે સર્વ આગલા પાછલાઓના, અને બેહતર છે સર્વ આસ્માનવાળાઓથી, અને બેહતર છે સર્વ જમીનવાળાઓથી સિવાય અંબિયા તથા રસૂલોના. علیہم السلام *(કન્ઝુલ ઉમ્માલ, કિતાબુલ ફઝાઈલ, ફઝાઈલે અબૂ બક્ર તથા ઉમર رضی اللہ عنہما, ૧૧/૨૫૬, હદીષ-૩૨૬૪૨)*

સારાંશ મરફૂઅ હદીષો તથા હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم તથા નબીના અહલે બયતના અક્વાલ (કથનો) આ બારામાં અસંખ્ય તથા બેહદ છે કે અમુકની તફસીર ફકીરે મારા રિસાલા "તફઝીલ"માં કરી. હવે અહલે સુન્નત (ના ઉલમાએ ઝીએહતેરામ)એ આ હદીષો તથા આષાર (કથનો)માં જે ધ્યાનપૂર્વકની નિગાહ કરી તો તફઝીલે શૈખેનની સેંકડો સ્પષ્ટતાઓ અલલ ઈત્લાક (બિનશર્તી) પામી, ક્યાંય દિશા (પાસા) કે હૈસિયતની કૈદ (શર્ત) નથી જોઈ કે એ કેવળ ફલાણી હૈસિયતથી અફઝલ છે અને બીજી હૈસિયતથી બીજાઓને અફઝલિયત હાંસલ છે. જેથી તેમણે અકીદો કરી લીધો કે ભલે ખાસ ફઝીલતો તથા ફઝીલતમાં વિશિષ્ટતાઓ હઝરત મૌલા અલી મુશ્કિલ કુશા کرم اللہ وجہہ الکریم અને તેમના ગૈરને પણ એવી રીતે હાંસલ છે (અને અલ્લાહની અતાથી તે એ વિશિષ્ટતાઓ એકલા ધરાવનાર) જે શૈખેન હઝરાતે (કરીમૈન જલીલૈન, અબૂ બક્ર, ઉમરે) ન પામી, જેમ કે તેનો અક્સ પણ સાદિક છે (કે અમીરૈન વઝીરૈનને તે ખસાઈસે ગાલિયા અને ફઝાઈલે આલિયા બારગાહે ઈલાહીથી અર્પણ થયા કે તેમના ગૈરે તેમનામાંથી કોઈ હિસ્સો ન પામ્યો) પણ કોઈ પાસા કે હૈસિયતનો લેહાઝ કર્યા વિના ફઝીલતે મુત્લકા કુલ્લિયા જે કષરતે ષવાબ તથા રબના કુર્બની અધિકતાથી ઈબારત છે તે એમને જ અતા થયો. (અન્યોના નસીબમાં ન આવ્યો)

અને (એ અહલે સુન્નત વ જમાઅતનો તે અકીદો સાબિત થયેલો તથા મજબૂત છે કે) આ અકીદાની વિરૂધ્ધ પ્રથમ તો કોઈ સહીહ હદીષમાં છે જ નથી, અને ધારો કે ક્યાંક વિરૂધ્ધની બૂ પામે પણ તો સમજી લે કે એ આપણી સમજનો કુસૂર છે (અને આપણી કમ સમજ છે.) નહીં તો રસૂલુલ્લાહ ﷺ અને ખુદ હઝરત મૌલા (અલી) તથા અહલે બયતે કિરામ કેમ વિના કોઈ શર્તે (કોઈ પાસા કે હૈસિયતની શર્ત વિના) તેમને અફઝલ તથા ખૈરે ઉમ્મત તથા સરદારે અવ્વલીન તથા આખરીન બતાવતા. *(ફતાવા રઝવિય્યહ, ૨૯/૩૬૩)*

બીજી જગાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : બલ્કે ઈન્સાફની રીતે જો તફઝીલે શૈખેન (અબૂ બક્ર, ઉમરની અફઝલિયત)ની વિરૂધ્ધ કોઈ હદીષ સહીહ પણ આવે તો કતઅન તાવીલ કરવી વાજિબ છે, અને ધારો કે એ હદીષમાં તાવીલની ગુંજાઈશ ન હોય તો રદ કરવી વાજિબ છે, કેમ કે શૈખેનની તફઝીલ (અબૂ બક્ર, ઉમરનું સૌથી અફઝલ હોવું) મુતવાતિર તથા ઈજમાઈ છે, અને મુતવાતિર તથા ઈજમાઈની સામે આહાદ કદાપિ સાંભળવામાં નહીં આવે. વધુમાં લખે છે : સારાંશ કે અફઝલિયતનો મસ્અલો કદાપિ ફઝાઈલના પ્રકરણથી નથી કે જેમાં ઝઈફ હદીષ ચાલી શકે, બલ્કે મવાફિક તથા શરહે મવાકિફમાં તો સ્પષ્ટપણે છે કે અકાઈદના પ્રકરણથી છે અને એમાં સહીહ હદીષને પણ સાંભળવામાં નહીં આવે.

*(ફતાવા રઝવિય્યહ, ૫/૫૮૧)*

**ઈજમાઅ એટલે શું તે સમજો ! :** ઈજમાઅના મર્તબાઓમાં અક્વા (અધિક મજબૂત) તથા આ'લા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡن‎નો તે ઈજમાઅ જે બિલ કૌલ હોય, એટલે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡن શરીઅતની કોઈ બાબતમાં પોતાના ઈજમાઅનો કૌલ કર્યો હોય.

**ઈજમાએ અક્વાનો હુકમ :** આ ખબર મુતવાતિરના હુકમમાં છે એટલે ઈલ્મે કતઈનો ફાયદો કરશે. તેના મુન્કિરની તકફીર કરવામાં (એટલે નકારનારને કાફિર ઠરાવવામાં) આવશે. જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ‎ની ખિલાફત પર સહાબાનો ઈજમાઅ છે. *(ઉસૂલે ફિક્હે હનફી)*

**ફિક્હમાં ચાર ઉસૂલ છે :** કિતાબ, સુન્નત, ઈજમાઅ, કયાસ. અકીદાઓમાં ચાર ઉસૂલ છે : કિતાબ, સુન્નત, સવાદે આ'ઝમ, અક્લે સહીહ.

ફિક્હમાં ઈજમાઅ અક્વલ અદિલ્લા (સર્વ દલીલોમાં સૌથી મજબૂત) દલીલ છે કે **ઈજમાઅ વિરૂધ્ધ જવાનો મુજતહિદને પણ અખત્યાર નથી,** ભલે તે પોતાની રાયમાં કિતાબ તથા સુન્નતથી એની વિરૂધ્ધ પામતો હોય. ત્યાં યકીનન ! સમજવામાં આવશે કે ક્યાં તો સમજવામાં ભૂલ છે અથવા હુકમ મન્સૂખ થઈ ચૂક્યો છે, ભલે મુજતહિદને તેનો નાસિખ માલૂમ ન હોય. એ જ પ્રમાણે ઈજમાએ ઉમ્મત તો મહાન ચીજ છે, સવાદે આ'ઝમ એટલે અહલે સુન્નતની કોઈ અકીદાના મસ્અલા પર એકમતી અહીં (સર્વ દલીલોમાં સૌથી મજબૂત) દલીલ છે. કિતાબ તથા સુન્નતથી તેના વિરૂધ્ધમાં જણાય તો સમજની ગલતી છે. હક્ક સવાદે આ'ઝમની સાથે છે. અને એક અર્થ પર અહીં અક્લે સહીહ પણ સર્વ દલીલોમાં સૌથી મજબૂત દલીલ છે કે અન્ય દલીલોનું દલીલ થવું પણ એનાથી જાહેર થાય છે, પણ મુહાલ (અશક્ય) છે કે સવાદે આ'ઝમની એકમતી કોઈ સહીહ અક્લી દલીલની વિરૂધ્ધ હોય. આ ગણત્રીનાં વાક્યો છે પણ બિહમ્દિહી તઆલા ખૂબ જ નફાકારક તથા ફાયદાકારક છે તો એને મજબૂતીથી દાઢો વડે પકડી લો. અલ્લાહ બેહતર જાણનાર છે. *(ફતાવા રઝવિય્યહ, ૨૯/૨૧૫)*

હઝરત સૈયદના અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ‎નું પ્રથમ ખલીફા હોવું એ ઈજમાઅના સૌથી શ્રેષ્ઠ પ્રકાર "સહાબાના ઈજમાઅ"થી સાબિત છે, અને **સહાબાના ઈજમાઅનો મુન્કિર (નકારનાર) કાફિર** છે, એ જ રીતે **સિદ્દીકે અકબર رضی اللہ عنہ‎ની ખિલાફતનો મુન્કિર કાફિર** છે.

આ'લા હઝરતના કથન અનુસાર ઈજમાઅની વિરૂધ્ધ કરવાની મુજતહિદને પણ ઈજાઝત નથી, તો પછી આજના કોઈ શખ્સને ઈજમાઅની વિરૂધ્ધ, અને તે પણ સહાબાના ઈજમાઅની વિરૂધ્ધ મંતવ્ય આપવાની ઈજાઝત કેવી રીતે હોય શકે છે !

જયારે મુજતહિદના માટે એ હુકમ છે કે ઈજમાઅની વિરૂધ્ધ કાંઈ નજર આવે તો સમજનો કુસૂર સમજે, અથવા તે હુકમ મન્સૂખ માને. ઈજમાઅ સર્વાંશે સર્વ દલીલોમાં સૌથી મજબૂત દલીલ છે. ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ‎ના હવાલાથી ઈર્શાદ ફર્માવે છે : અને (આ અહલે સુન્નત વ જમાઅતનો તે મજબૂત સિધ્ધ થયેલો અકીદો છે કે) આ અકીદાની વિરૂધ્ધ પ્રથમ તો કોઈ હદીષ સહીહ છે જ નથી. અને જો ધારો કે ક્યાંક વિરૂધ્ધની બૂ પણ પામે તો સમજી લે કે એ આપણી સમજનો કુસૂર છે.

*(ફતાવા રઝવિય્યહ, ૨૯/૩૬૩)*

એક બીજા ઠેકાણે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : બલ્કે ન્યાયની રીતે જો તફઝીલે શૈખેન (અબૂબક્ર, ઉમરની અફઝલિયત)ની વિરૂધ્ધ કોઈ હદીષ સહીહ પણ આવે તો કતઅન (નિશ્ચિતપણે) તાવીલ કરવી વાજિબ છે, અને જો ધારો કે તાવીલની ગુંજાઈશ નથી તો રદ કરવી વાજિબ છે કે તફઝીલે શયખૈન મુતવાતિર તથા ઈજમાઈ છે, અને મુતવાતિર તથા ઈજમાઈના મુકાબલામાં આહાદ (હદીષનો એક પ્રકાર) કદાપિ સાંભળવામાં આવશે નહીં..... આગળ લખે છે : સારાંશ અફઝલિયતનો મસ્અલો કદાપિ ફઝાઈલના પ્રકરણથી નથી જેમાં ઝઈફ હદીષ ચાલીસ શકે, બલ્કે મવાકિફ તથા શરહે મવાકિફમાં તો સ્પષ્ટપણે છે કે અકીદાના

પ્રકરણથી છે અને એમાં સહીહ હદીષ પણ સાંભળવામાં નહીં આવે. *(ફતાવા રઝવિય્યહ, ૫/૫૮૧)*

એટલા માટે હઝરત સદરુશ્શરીઅહ ફર્માવે છે તેમની (અબૂ બક્ર, ઉમર رضی اللہ عنہما ની) ખિલાફતથી ઈન્કાર જ ફુક્હાએ કિરામની નજીક કુફ્ર છે. *(બહારે શરીઅત)*

એ જ પ્રમાણે ફતાવા આલમગીરીનો હાશિયો, ફત્હુલ કદીર, બહરુર્રાઈક, રદ્દુલ મુહતાર, તબ્યીનુલ હકાઈક .......... વગેરેમાં છે. અને હુઝૂર સદરુશ્શરીઅહ ફર્માવે છે કે, આપ પ્રથમ ખલીફા નિયુક્ત થયા એટલા માટે અફઝલ નથી થયા, બલ્કે અફઝલ હતા એટલા માટે પ્રથમ ખલીફા નિયુક્ત થયા.

હુઝૂર સદરુશ્શરીઅહ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે, *અકીદો–૪ :* તેમની ખિલાફતના ક્રમ પ્રમાણે ફઝીલત છે, એટલે કે જે અલ્લાહની નજીક અફઝલ તથા આ'લા તથા અકરમ હતો તે પ્રથમ ખિલાફત પામતો ગયો. *અકીદો–૧૨૬ :* ચારે ખુલફાએ રાશેદીન પછી બાકીના અશરએ મુબશ્શિરા (તે દસ સહાબીઓ જેમને હુઝૂરે જન્નતની યકીની બશારત આપી છે) તથા હઝરાત હસનૈન તથા અસ્હાબે બદર તથા અસ્હાબે બયઅતે રિદવાન માટે અફઝલિયત છે અને આ સૌ નિશ્ચિત જન્નતી છે. *(બહારે શરીઅત, ભાગ–૧)*

ચર્ચાનો સાર એ છે કે રાફઝીઓ તથા તેમની ગલત માન્યતાઓ (અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ નો ઈન્કાર)નો રદ પણ સૌથી પ્રથમ મૌલા અલી رضی اللہ عنہ એ કર્યો અને ખારજી અને તેમની ગલત દલીલબાજીનો રદ પણ સૌથી પ્રથમ હઝરત મૌલા અલી رضی اللہ عنہ એ કર્યો. જેથી **મૌલા અલી رضی اللہ عنہ નો સાચો ચાહક તે જ છે જે ન રાફઝીના માર્ગે ચાલે ન ખારજીની તરફ જાય, બલ્કે મુર્તઝવી (હઝરત અલી رضی اللہ عنہ ના) તરીકા પર અમલ કરીને બંનેની રદ કરે,** અને પોતાની નજાત મુલ્લા જીવન رحمۃ اللہ علیہ ના કથનાનુસાર بین الرفض وللخروج રાફઝિયત તથા ખારજિયતને છોડીને. *(નૂરુલ અન્વાર)*

રાફઝીઓ તથા ખારજીઓથી બેઝારી જાહેર કરીને એહલે સુન્નતના અકીદામાં ખયાલ કરે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેના હબીબે પાક ﷺ ના સદકાઓ તુફેલ આપણને રાફઝીઓ તથા ખારજીઓની બુરાઈથી મેહફૂઝ રાખે. આમીન યા રબ્બલ આલમીન.

## જશ્ને ઝુન્નુરૈન હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہ

અમીરુલ મો'મિનીન ઈસ્લામના ત્રીજા ખલીફા ઝુન્નુરૈન, હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ની શહાદતનો દિવસ ૧૮ ઝીલ હજ્જ પીરના રોજ આવે છે જેના નિમિત્તે આપની યાદમાં દયાદરા મુખ્તારુલ મસાજિદ જામા મસ્જિદ ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં રવિવાર તા. ૧૭–૭–૨૨ અસરની નમાઝ બાદ જશ્ને ઉષ્માને ગની رضی اللہ عنہ મનાવાયો જેમાં આપની સબ્રના બારામાં ખૂબજ શાનદાર બયાન મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) થકી કરવામાં આવ્યું. તે અગાઉ જુમ્આમાં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની શાન બયાન કરતાં ખાસ કરીને આપની સખાવત તથા દીન માટે આપની કુર્બાનીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આપે આપની દૌલતને દીન માટે ખૂબ જ ઉદાર દિલીથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની ખુશ્નુદી ખાતર અને મુસલમાનોની ખૈરખ્વાહી માટે ખૂબ વકફ કરી હતી. આપને જાહેરમાં ત્રણવાર જન્નતી હોવાની બશારત નબી પાક علیہ الصلوٰۃ والسلام તરફથી મળી છે. આપની જિંદગી મુસલમાનો માટે અનેક બોધ ગ્રહણ કરવા પાત્ર છે. આપનો ઈશ્કે મુસ્તફા علیہ الصلوٰۃ والسلام, આપની મુસલમાનોની ખૈરખ્વાહીની ભાવના, આપની સબ્રની અતિ ઉચ્ચ કક્ષા વગેરેના બનાવો દિલને પીગળાવી જનાર છે. તદ્ઉપરાંત જંબુસર ખાતે હઝરતનું બયાન તા. ૧૭–૭–૨૨, રવિવારે ઈશા બાદ હઝરત ચાંદ પીર દરગાહ મસ્જિદ ખાતે સીરતે ઉષ્માન ગની رضی اللہ عنہ ની શાનમાં થયું. તે ઉપરાંત ૧૮–૭–૨૨, સોમવારે મર્કઝ સુન્ની દા'વતે ઈસ્લામી, નૂરી તર્બિયતી સેન્ટર જંબુસર ખાતે થયું.

# મુહર્રમની રસમો સિવાય હુસૈને પાક رضی اللہ عنہ થી આપણે સબક શું લીધો ?!

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

**શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન**
**દીનસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન**
**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**
**હક્ક઼ કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન**

*–(હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

મુહર્રમની દસમી તારીખનું ઈસ્લામમાં ખૂબ જ મહત્વ છે. હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ *''માષબત બિસ્સુન્નહ''*માં લખે છે કે ઈબ્ને જવઝીએ ઈબ્ને અબ્બાસથી વર્ણન કર્યું કે મુહર્રમની દસમી તારીખ તે છે જેમાં અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام ની તૌબા ક઼બૂલ ફર્માવી. હઝરત ઈદરીસ علیہ السلام ને ઉચ્ચ મર્તબા પર બિરાજમાન કર્યા. એ જ દિવસે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર આગને ઠંડી કરી. એ જ દિવસે હઝરત નૂહ علیہ السلام ની કશ્તી પાર લગાડી અને એ જ દિવસે હઝરત મૂસા علیہ السلام પર તૌરાત નાઝિલ ફર્માવી. હઝરત યૂસુફ علیہ السلام એ જ દિવસે કે઼દખાનાથી બહાર આવ્યા અને હઝરત યાકૂબ علیہ السلام ની બીનાઈ પરત આવી અને એ જ દિવસે હઝરત યૂનુસ علیہ السلام ને માછલીના પેટથી કાઢવામાં આવ્યા. બની ઈસ્રાઈલના માટે દરિયો પણ એ જ દિવસે ફાડવામાં આવ્યો. **જે શખ્સ આ દિવસે રોઝો રાખે તે ચાલીસ વરસનો કફ્ફારો થશે. જેણે એ દિવસે ઈબાદત કરી તેણે સાતેવ આસ્માનોવાળાઓના બરાબર ઈબાદત કરી.** (સુબ્હાનલ્લાહ !)

**★ યાદે હુસૈન ફક્ત પ્રોગ્રામો પૂરતી ન હોવી જોઈએ !! ★**

આ સર્વ ફઝીલતો ઉપરાંત મુહર્રમ શરીફની દસમીનું મહત્વ એટલા માટે પણ છે કે એ જ દિવસે ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતે પાકના ફરઝંદો તથા હુસૈનના ફિદાઈઓ કર્બલાની તપતી રેત પર ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા રહી દીને હક્ક઼ની રક્ષા ખાતર પોતાની જાનોને રાહે ખુદામાં કુર્બાન કરીને શહાદતના જામ પીએ છે. વર્તમાનકાળમાં વિશેષતઃ મુહર્રમ શરીફને ઈમામે હુસૈન رضی اللہ عنہ ની શહાદતની નિસ્બતથી જ લોકો અધિક માને છે તથા આપની બારગાહમાં ખિરાજે અક઼ીદતના તૌર પર શોહદાએ કર્બલાના ઝિક્રની મેહફિલો થાય છે, કુર્આને પાકની તિલાવત કરવામાં આવે છે, શરબત તથા અન્ય ખાવાની ચીજો પર ફાતિહા અપાવીને શહીદોની રૂહોને ઈસાલે સવાબ માટે ન્યાઝો થાય છે, ગરીબોને ખૈરાત સદક઼ા વહેંચાય છે વગેરે. આ સર્વ ચીજો કરવી સારી વાત છે. **પણ શું કેવળ ઈમામ હુસૈનની યાદમાં આવા બધા પ્રોગામો કરી લઈએ અને આપણા જીવનમાં, આપણા અખ્લાકમાં, આપણા કલ્ચરમાં ઈસ્લામને, ઈસ્લામી તાલીમાતને સ્થાન ન આપીએ તો ઈમામે હુસૈન رضی اللہ عنہ ની રૂહ ખુશ થઈ જશે ?!** શું તેમણે ખાનદાન, દોસ્તો, સાથીઓ સહિત ફક્ત એટલા જ માટે જાનની કુર્બાની વહોરી હતી કે **આપણે ફક્ત પ્રોગ્રામો કરતા રહીએ અને ઈસ્લામી શરીઅતથી ઉલ્ટુ જીવન જીવ્યા કરીએ !! યાદે હુસૈન ફક્ત પ્રોગ્રામો પૂરતી ઓપચારિક રૂપે ન હોવી જોઈએ, બલ્કે તમો હુસૈની છો તો જીવનની પળે પળમાં એમની શહાદતને તથા કુર્બાનીને લક્ષમાં રાખો કે શા માટે તેમણે આટલી મહાન કુર્બાની આપી હતી ?!**

**★ ઈમામે હુસૈને જાન આપી પણ યઝીદના હાથમાં હાથ કેમ ન આપ્યો ? ! ★**

ઈમામ હુસૈન رضی اللہ عنہ એ યઝીદ પલીદથી

બયઅતનો (તેના હાથમાં હાથ આપવાનો) ઈન્કાર એટલા માટે કર્યો કે તે ફાસિક઼ તથા ફાજિર હતો, બદ અખ્લાક઼, શરાબી, વ્યભિચારી, જાલિમ, બેઅદબ ગુસ્તાખ હતો, તેની બદમાશીઓ એવી હતી કે બદમાશો પણ શરમાય જાય. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હન્ઝલા رضی اللہ عنہ ફર્માવે છે કે, "ખુદાની ક઼સમ ! યઝીદ પર હુમ્લાની તૈયારી અમે ત્યારે કરી જયારે અમને યક઼ીન થઈ ગયું કે હવે અમારા પર આસ્માનથી પથ્થર વર્ષા થશે, કેમ કે તેના ફિસ્ક઼ો ફુજૂર (ગુનાહો)નો એ આલમ હતો કે લોકો પોતાની મા, બહેનો, બેટીઓ સાથે નિકાહ કરી રહ્યા હતા. શરાબ પીવામાં આવી રહી હતી અને યઝીદ ખૂદ એ સ્ત્રીઓથી શાદીઓ કરી રહ્યો હતો જેને ઈસ્લામે મેહરમોમાં ગણી છે. લોકોએ નમાઝો છોડી દીધી હતી. તથા અન્ય ઘણી બધી ખરાબીઓ તથા મના કરેલ ચીજોનો એલાનિયા રિવાજ થઈ ગયો હતો. *(તારીખે ખુલફા, સવાનેહે કર્બલા)*

યઝીદ પલીદે મદીનાપાક તથા મક્કા મુકર્રમાની બેહુર્મતી કરાવી, આ બંનેવ પવિત્ર સ્થળો પર હુમ્લો કર્યો. હજારો સહાબા તથા સહાબિયાતને શહીદ કર્યા. મસ્જિદે નબવી શરીફમાં ઘોડા બાંધ્યા ત્યાં સુધી કે ઘોડાઓએ લીંડ પેશાબ કર્યો. અને ત્રણ દિવસ સુધી મસ્જિદે નબવીમાં નમાઝ ન થઈ. એ જ પ્રમાણે મક્કા મોઅઝ્ઝમા તથા ખાનએ કાબા પર પથ્થર વરસાવ્યા, કા'બાના ગિલાફને સળગાવવામાં આવ્યો અને સૈયદાણીઓની બેઈજ્જતી કરવામાં આવી અને હજારો સહાબાએ કિરામને અહીં પણ શહીદ કર્યા.

રૂયાનીએ પોતાની મુસ્નદમાં દર્શાવ્યું. હઝરત અબૂ દરદા رضی اللہ عنہ જણાવે છે કે મેં ગયબદાં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે, "મારી સુન્નતને બદલનારો સૌ પ્રથમ બની ઉમૈયાનો એક શખ્સ થશે જેનું નામ "યઝીદ" હશે. *(તારીખુલ ખુલફા)*

અબૂ યઅલાએ પોતાની મુસ્નદમાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, "મારી ઉમ્મત હમેશાં અદલો ઈન્સાફ પર ક઼ાયમ રહેશે, ત્યાં સુધી કે બની ઉમૈયામાં યઝીદ નામનો એક શખ્સ થશે, જે આ અદલમાં ભંગાણ ખડુ કરશે." *(તારીખુલ ખુલફા, સવાઈકે મુહર્રમ, બહવાલા તારીખે કર્બલા)*

અલ્બિદાયા, ભાગ–૮, પેજ–૨૩૫માં અલ્લામા ઈબ્ને કષીર લખે છે કે એ રિવાયત કરવામાં આવી કે, યઝીદની બાબત એ મશહૂર છે કે એ વાજિંત્રો, દારૂ પીવું, ગાયનો સાંભળવા, શિકાર કરવો, યુવાન છોકરાઓ અને ગાવાવાળીઓ અપનાવવી, કૂતરા રાખવા, આખલા, ઘેટાં અને વાંદરાઓમાં મુકાબલો કરાવવો (વગેરેમાં) લાગેલો રહેતો હતો.

وَمَامِنْ يَوْمٍ اِلَّا يُصْبِحُ فِيْهِ مَخْمُوْرًا "કોઈપણ સવાર એવી ન હોતી જેમાં એ નશામાં ન હોય." એ વાંદરાને ઝીનથી શણગારેલ ઘોડા પર બંધાવતો અને દોડાવતો, વાંદરાને સોનાની ટોપી પહેરાવતો અને આમ જ છોકરાઓને એ ઘોડાઓની રેસ પણ કરાવતો. જયારે વાંદરો મરી જતો તો એના પર શોક કરતો. (અહલે બયતના યુવાનોને મારી નાખવા પર એને અફસોસ ન થયો પણ વાંદરાને મરી જવાથી એને શોક થતો. અલ્લાહની પનાહ !)

સારાંશ કે આવા બદમાશ શખ્સને મુસલમાનોનો અમીર જો ઈમામે હુસૈન જેવી પાકીઝા શખ્સિયત સ્વીકારી લેત તો એનો વિરોધ કરનાર કોઈ ન રહેત અને તેનાં કાળાં કરતૂતો ઈસ્લામની શરીઅતની અસલિયતને બેડોળ કરી નાખત. પણ ઈમામે હુસૈને યઝીદથી બયઅતનો ઈન્કાર કરીને દર્શાવી આપ્યું કે **હે મારા ચાહવાવાળાઓ ! અય હુસૈનીઓ ! જાન જાય તો જવા દેશો પણ શરીઅતનું ઉલ્લંઘન કરે તેને તમારો સરદાર કે અમીર ન બનાવશો.** પોતાની તથા પોતાના જિગરના ટુકડાઓની ધડથી જુદા થઈ તડપતી લાશો જોવાનું ગવારા કર્યું, પોતાની જાન પણ છેવટે કુર્બાન કરી અને અહલે બયતની પાકીઝા ખાતૂનોને અલ્લાહ ભરોસો છોડી જવાનું માન્ય રાખ્યું પણ ઈસ્લામની શરીઅતને

આંચ આવવા ન દીધી, અને પોતાના ચાહકોને એ પયગામ આપ્યો કે **શરીઅતની રક્ષા કાજે, દીને ઈસ્લામની અસલી રૂહને બાકી રાખવા ખાતર ખાકો ખૂનમાં ભળી જશો, પણ નાનાજાનની શરીઅતનું અપમાન થતુ સહન ન કરશો ! અને ઈસ્લામી શરીઅતના બાગીઓ સાથે કોઈ કાળે સમાધાન ન કરશો !**

### ★ યાદે હુસૈન મનાવવાનો શ્રેષ્ઠ તરીક઼ો ! ★

જ્યારે યઝીદ પલીદને ખબર થઈ કે કર્બલાના કૈદીઓ અને ઈમામ હુસૈનનું ધડથી અલગ થયેલ સર મુબારક દમિશ્ક પહોંચવાની તૈયારીમાં છે તો તેણે આખા શહેરને સજાવ્યું અને લોકો ખુશીમાં વાજિંત્રો વગાડવા લાગ્યા. સહાબીએ રસૂલ હઝરત સહલ رضی اللہ عنہ એ જ્યારે જાણ્યું કે ઈરાક઼વાળાઓએ યઝીદની સેવામાં ઈમામ હુસૈનનું સર મુબારક હદિયારૂપે મોકલ્યું છે ! તો આપ શહેરના દરવાજે પહોંચ્યા ભાલાની અણીએ ઊંચે ટેકવેલ સર મુબારક જોઈને અનાયાસે રડી પડયા. અહલે બયતમાંથી એકે પૂછયું કે તમે શા માટે રડો છો ? હઝરત સહલે જવાબ આપ્યો કે તમારું નામ શું છે ? ફર્માવ્યું, સકીના બિન્તે હુસૈન છે : તેમણે કહ્યું, હું તમારા નાના જાનનો સહાબી છું, મારા લાયક કોઈ કામ હોય તો હુકમ કરો ! સકીનાએ કહ્યું કે મારા વાલિદના સરને સૌથી આગળ કરાવી આપો જેથી લોકો એ તરફ ધ્યાનીત થઈ જાય અને અમારાથી દૂર થઈ જાય. હઝરત સહલ رضی اللہ عنہ એ ચારસો દિરહમ આપીને હઝરત ઈમામના સર મુબારકને ઔરતોથી દૂર કરાવી આપ્યું.

*(તઝકેરા, પેજ–૧૦૭, ખુત્બાતે મુહર્રમ)*

**આજે જે લોકો વાજતે ને ગાજતે શરીઅતના હુકમોની અવગણના કરીને તાઝીયાના જુલૂસો કાઢે છે** તેઓ જાણી લે કે **આ ઈમામે હુસૈનની મહોબ્બતના પ્રદર્શનનો તરીકો હરગિઝ નથી !** બલ્કે મુહર્રમમાં **વાજાં, ત્રાંસા, ઢોલ વગેરે વાજિંત્રો વગાડવાં એ** ઈમામે હુસૈનના દુશ્મનો **યઝીદીઓનો તરીકો છે.** શું રંજ મનાવવા માટે પણ કોઈ વાજિંત્રો વગાડતો જોયો છે ?! હા ! ઈમામે હુસૈનની શહાદતની ખુશીમાં યઝીદીઓએ વગાડયાં હતાં.

તો હુસૈનીઓ ! હે અહલે બયતથી મહોબ્બતના દાવેદારો ! કાંઈ સમજો ! અને મુહર્રમમાં આવાં હરામ કામોથી ભરચક જુલૂસોને બંધ કરો ! તમને ખરેખર ઈમામે હુસૈનથી મહોબ્બત છે તો **આજે મુહર્રમની દસમીએ તો તૌબા કરવી જોઈએ કે જે જે ખરાબીઓને લીધે ઈમામે હુસૈન** رضی اللہ عنہ એ યઝીદથી બયઅત ન કરી અને સર્વે અહલે બયતે શહાદત વહોરી, તે સર્વ ખરાબીઓ જેને મિટાવવા માટે અહલે બયતનું ખાનદાન ખાકો ખૂનમાં ભળી ગયું તથા અહલે બયતની પાકીઝા ખાતૂનોને કૈદી બનાવવામાં આવી, ઈમામે હુસૈન તથા ફરઝંદોનાં સરોને નેજાઓ પર ટીંગાડીને શહેર શહેર ધૂમાવવામાં આવ્યાં... તો આજથી એ સર્વ ખરાબીઓથી હું તૌબા કરું છું કે હવે પછી કદી એ બુરાં કામો કરીશ નહીં.

### ★ યઝીદી કામો કયાં કયાં છે ?! ★

ઉપરોકત લખાણને વારંવાર વાંચો ! જાણી લો કે **''નમાઝ છોડી દેવી એ યઝીદી કાર્ય છે. વાજિંત્રો વગાડવાં એ યઝીદી કાર્ય છે, શરાબ પીવી એ યઝીદી કાર્ય છે, વ્યભિચાર કરવો એ યઝીદી કાર્ય છે, પોતાની ઔરતોને બેપર્દા બજારોમાં પાર્કોમાં ફેરવવી કે ફરવા દેવી એ યઝીદી કાર્ય છે. નામેહરમ સ્ત્રીઓના ડાન્સ જોવા કે તેમના પર નિગાહો કરવી એ યઝીદી કાર્ય છે, ઉધ્ધત વર્તન કરવું એ યઝીદી કાર્ય છે, દાઢી મૂંડાવવી કે મુઠ્ઠીથી કમ કરવી એ યઝીદી કાર્ય છે બલ્કે આ સુન્નતને મિટાવનાર પ્રથમ શખ્સ યઝીદ જ હતો ! કોઈનો હક઼ મારવો અને હરામ માલ ખાવો એ યઝીદી કાર્ય છે, હરામ ધંધા કરી**

**માલ, મિલ્કત, દૌલત, સત્તા પ્રાપ્ત કરવી યઝીદી કાર્ય છે. જૂઠુ બોલવું યઝીદી કાર્ય છે....** વગેરે શરીઅત વિરૂધ્ધ ચાલવું એ યઝીદી કિરદાર છે અને યઝીદનું અનુસરણ જ છે !

તો હે હુસૈની ભાઈઓ તથા બહેનો ! તમો તમારી પોતાની જાતને પ્રશ્ન કરી લો કે તમે કિરદારમાં હુસૈની છો કે યઝીદી છો ?! જો તમને જણાય કે તમે કિરદારના યઝીદી છો તો એ સર્વ બુરાઈઓથી સત્વરે તૌબા કરી શરીઅતના તથા રસૂલેપાક ﷺની સુન્નતોના પાબંદ બની જાવ તો ઈમામે હુસૈન رضی اللہ عنہની સાચી યાદ તમોએ મનાવેલી ગણાશે અને તમો હવે સાચા હુસૈની કહેવાશો.

હે પ્યારી હુસૈની બહેનો ! ઉપરોક્ત લખાણમાં હઝરત સકીના બિન્તે હુસૈન رضی اللہ عنہاએ સહાબીએ રસૂલ હઝરત સહલ رضی اللہ عنہને જે સર મુબારક આગળ લઈ જવા જણાવ્યું તે શા માટે ? એટલા માટે કે જેથી લોકો એમના તરફ ન જુએ, જ્યારે કે સૌ અહલે બયતની નેક ખાતૂનો પર્દો કરેલ હાલતમાં હતી ! વિચારો ! શું તમારામાં આ હુસૈની કિરદારની ઝલક છે ?! શું તમો તમારા શરીરને ગૈરોથી છુપાવો છો કે બની ઠનીને ફેશનની પૂતળી બનીને ફરો છો ? શું તમો ગૈરોથી તમારા શરીરને ચહેરાને છુપાવો છો કે મોડેલ જેમ અંગોનું પ્રદર્શન કરતી ફરો છો ? વિચારો ! બહેનો ! આ બધુ સાચવવા તો ઈમામે હુસૈન શહીદ થયા અને તમે હુસૈને પાકની મહોબ્બતનો દાવો પણ કરો છો અને યઝીદને જે પસંદ હતું તેવો દેખાવ બનાવીને ફરો છો ! તમોને મહોબ્બતે હુસૈનનો વાસ્તો ! તૌબા કરી લો અને ઈસ્લામની પાબંદ બની જાવ, શરીઅતની પાબંદ બની જાવ.

તમારા પર સહેજ મુસીબત આવે તો તમો ઓઢણીઓ ફંગોટી દો છો અને વાળો વિંઝોટીને પછડાક્યાં ખાઈને ચીસો પાડી રડો તથા હાય વોય કરો છો, પણ અહલે બયતની આ પાકીઝા ખાતૂનો માટે કોઈ દુશ્મન પણ એવું કહી શકે તેમ નથી કે તેમના પર જુલ્મોના પહાડ તૂટયા છતાં બેપર્દગીનું પ્રદર્શન કે હાય વોય તેમણે કરી હોય ! સુબ્હાનલ્લાહ ! તો મારી પ્યારી બહેનો ! તમો પણ એ જ કિરદારને અપનાવો અને બેપર્દગીને ત્યજીને બાપર્દા જીવન શરૂ કરો એ જ સાચા અર્થમાં હુસૈની હોવાની દલીલ છે. જેનાથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ પણ રાજી રહેશે અને અહલે બયતની રૂહો પણ ખુશ થશે.

## ★ એક અફસોસનાક દૃશ્ય જે મેં જોયું ! ★

એકવાર મુહર્રમના અરસામાં એક જગાએ મારે જવાનું થયું, તો ત્યાં મુસલમાન નવયુવાન છોકરા તથા છોકરીઓ (ફેશનેબલ વર્તમાન પોશાકમાં) કુંડાળુ વળીને જેમ ગરબામાં ગાય છે તેમ નાચી રહી હતી અને વચ્ચે એક આદમી બેઠો બેઠો ઢોલ વગાડી રહ્યો હતો. મને ખૂબ જ આશ્ચર્ય થયું તો મેં પૂછયું કે આ શું થઈ રહ્યું છે ?! તો જણાવવામાં આવ્યું કે, "માતમ ખેલે છે !" વિચારો ! આ કેવી જેહાલત છે ?! "માતમ"ને વળી ખેલવામાં પણ આવે છે ?! અને વળી શહીદોનો "માતમ" (શોક) ઈસ્લામમાં છે જ નથી ! શહીદ ઝિંદા છે, અને ઝિંદાનો માતમ નથી હોતો ! નઝમી મારહરવી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :

**હુસૈન કા નામ ઔર માતમ ! નહીં યહ અહલે સુનન કા શેવા**
**શહીદ મરતે નહીં હૈ "નઝમી" કુર્આન એલાન કર રહા હૈ**

ભાઈઓ ! બહેનો ! સમજો આ ખરાબીઓ જેને ઈસ્લામથી અહલે સુન્નતથી કાંઈ જ લેવા દેવા નથી, છતાં વહાબી દેવબંદીઓ જાહિલોનાં આવાં કુકર્મોને સુન્નિયત સાથે જોડીને અજ્ઞાનોને બેહકાવી પોતાના તરફ ઘસડી જાય છે કે સુન્નીઓમાં આ બધું જાઈઝ છે ! સમજો ! તમારા કારણે સુન્નિયત બદ્નામ થઈ રહી છે, તૂટી રહી છે ! આ ખરાબ કામોથી તૌબા કરો ! પ્યારી બહેનો ! કર્બલાની ધરતી પર અહલે બયતના સર્વ ફરઝંદો પછી છેલ્લે ઈમામે હુસૈન શહીદ થઈ ગયા, બીમાર નાની વયના ઝયનુલ આબિદીન સિવાય કોઈ મર્દ અહલે બયતના તંબૂમાં નથી. કલ્પના કરો કે બેસહારા આ પાકીઝા ખાતૂનો ત્રણ દિવસની ભૂખ્યી, પ્યાસી, પાણીનું ટીપુ નથી, સામે ખાનદાનના યુવાનો, સગીરો તથા ઈમામે હુસૈન વગેરેની લાશો પર યઝીદીઓ ઘોડા

દોડાવી રહ્યા છે, છતાં આવી ભયાનક યાતનાના સમયે અસરનો સમય થાય છે તો હઝરતે ઝયનબ رضی اللہ عنہا અહલે બયતની ખાતૂનોને નમાઝનો હુકમ આપે છે કે, "નમાઝ પઢી લો !" અર્ઝ કરવામાં આવે છે કે, "પાણી ટીપુ નથી વુઝૂ શાનાથી બનાવીએ ?! ફર્માવ્યું, "તયમ્મુમ કરી લો !" અર્ઝ કરવામાં આવી, " સઘળી જમીન લોહીથી લથપથ છે કયાં તયમ્મુમ પણ કરીએ ? !" ફર્માવ્યું, "ગમે તેમ કરીને તયમ્મુમ કરો પણ નમાઝ જવા ન દો !" અને સૌ નમાઝ પઢે છે.

વિચારો ! હુસૈની ભાઈઓ બહેનો ! કર્બલાના મન્ઝરને આંખો સામે લાવો કે નજરો સમક્ષ જિગરના ટુકડા કપાઈને પડયા છે, ઘરના મોભીનું સર ધડથી અલગ પડયું છે, જાહેરી કોઈ સહારો જણાતો નથી, ઉપરથી ત્રણ દિવસનાં ભૂખ્યાં તરસ્યાં ! તો કોના હોશ હવાસ ઠેકાણે રહી શકે ?! પણ આ અહલે બયતનું ખાનદાન છે જે શરીઅત વિરૂધ્ધ કદમ મૂકે તે અશકય છે ! કેમ કે રસૂલે પાક ﷺની તાલીમ તેમને ડાયરેકટ મળી છે. હે હુસૈની ભાઈઓ–બહેનો ! તમે પણ સાચે જ અહલે બયતના ચાહક છો તો આ પ્રસંગો પરથી બોધ લો અને નિશ્ચય કરી લો કે દુનિયા લૂટાઈ જાય પણ એક સમયની નમાઝ કઝા પણ થવા નહીં દઈએ ! તો એ જ સાચી ખિરાજે અકીદત તેમની બારગાહમાં તમોએ પેશ કરેલી ગણાશે અને મહબ્બતે હુસૈનના નામ પર વર્તમાન "તાઝીયાદારી" તથા તેના જુલૂસોમાં શું શું ખરાબીઓ થાય છે તેને નજરો સમક્ષ લાવો અને જાતે જ સમજી લો કે એ રસમ કેટલી ઈસ્લામ તથા શરીઅત વિરૂધ્ધની છે.

## ★ શું તમારા અખ્લાક (વર્તન) આવા છે ખરા ?! ★

હે પ્યારા સુન્ની ભાઈઓ–બહેનો ! અંતમાં એક દિલચશ્પ વાકયો અખ્લાકે હુસૈન વિશે વર્ણવું છું જેને વારંવાર વાંચો અને બોધ ગ્રહણ કરો.

એક દિવસે આપના ત્યાં કેટલાક માનપાત્ર મહેમાનોની દાવત હતી. એક ગુલામે એક ખાવાનું કિંમતી વાસણ લાપરવાહીમાં તોડી નાખ્યું. આપે એના તરફ ગુસ્સાથી જોયું. તે ગુલામ કુર્આને કરીમનો આલિમ હતો. તેણે તરત જ આ આયત પઢી : وَالْکَاظِمِیْنَ الْغَیْظَ "મોમિન ગુસ્સાને પી જનારા છે." એ સાંભળીને ઈમામ હુસૈને ફર્માવ્યું : "મેં ગુસ્સાને પી લીધો." પછી ગુલામે આયતનો આગલો હિસ્સો તિલાવત કર્યો : وَالْعَافِیْنَ عَنِ النَّاسِ "અને લોકોને માફ કરનારા" આપે ફર્માવ્યું, "મેં તને માફ કરી આપ્યો." ગુલામે આયત પૂરી કરતાં પઢયું : وَاللّٰہُ یُحِبُّ الْمُحْسِنِیْنَ "અને અલ્લાહ એહસાન કરનારાઓને પસંદ કરે છે." આપે ફર્માવ્યું : "મેં તને અલ્લાહના ખાતર આઝાદ કર્યો."

*(બારહ તકરીરે, પેજ–૩૪)*

પ્યારા હુસૈની ભાઈઓ ! બહેનો ! ઈમામે હુસૈન સંદેશ આપે છે કે કુર્આનના હુકમોને અનુસરીને જિંદગી જીવો ! વારંવાર આ પ્રસંગને વાંચો ને વિચારો ! જો તમે સાચા હુસૈની હોઉ તો કુર્આનને રોજ પઢો, તેને સમજો, તર્જુમો તફસીર જુઓ, આજે તો થોડીક વાતમાં ભાઈ ભાઈને માફ કરવા તૈયાર નથી, પડોશી પડોશીને માફ કરવા તૈયાર નથી ! તો અન્ય મામૂલી વાતમાં મોટા મોટા ઝઘડા ઉભા થાય છે. પણ મુસલમાન કેવો હોવો જોઈએ તેને આના પરથી સમજી તમારી લાઈફ સ્ટાઈલને બદલો અને ઈમામે હુસૈન رضی اللہ عنہના કિરદારને અપનાવી સાચા મુસલમાન તરીકે જીવવા કોશિશ કરો.

## ★ યઝીદ દેવબંદીઓનો "મુત્તકી–અમીરુલ મો'મિનીન" છે ! ★

મારી સમક્ષ ઉર્દૂ કિતાબ "ઈઝહારે હક્ક" છે જેનું સમર્થન મૌલાના મુહમ્મદ સાલિમ કાસમી (મોહતમિમ્ દારુલ ઉલૂમ દેવબંદ) ઈ.સ. ૧૯૯૯માં કરેલું છે જેના લેખક દેવબંદી મુનાઝિર નઝર મુહમ્મદ કાસમી, પ્રકાશક : મક્તબે તયબહ–દેવબંદ, યુ.પી. છે. જેના પેજ નં. ૧૩ ઉપર છે કે :–

*"હઝરત યઝીદ જે હઝરત અમીર મુઆવિયા*

*رضی اللہ عنہ**ના સાહબઝાદા હતા. આપના પછી ખિલાફતના તખ્ત પર બેઠા. યઝીદના સંબંધે લોકોમાં જાતજાતના ખયાલો જોવા મળે છે. કર્બલાના મેદાનમાં અહલે બયતના સાથે એમની ફોજે જુલ્મ તથા ઝિયાદતી કરી છે એનો સૌને સ્વીકાર છે, પરંતુ આ મહાન જુલ્મને યઝીદના માથે નથી નાખી શકાતો. જે લોકો એવું કરે છે તેઓ ગલત કરે છે,* ***અમારા ઉલમાએ દેવબંદે હમેશાં યઝીદની હિમાયત (ફેવર) કરી છે. હઝરત ક઼ારી તૈયબ સાહબે (મોહતમિમ્ : દારુલ ઉલૂમ દેવબંદ) તેમને (યઝીદને) ''મુત્તક઼ી'' તથા ''અમીરુલ મો'મિનીન''ના લક઼બથી યાદ કર્યા છે............***

*(ઈઝહારે હક્ક઼, પેજ–૧૩, દેવબંદ)*

હે સુન્નીઓ ! કેટલા માન સાથે દુશ્મને હુસૈન, યઝીદ પલીદને દેવબંદી મોલ્વી થકી સંબોધન કરવામાં આવ્યું છે. તથા તેને ''મુત્તક઼ી'' (અલ્લાહથી ખૂબ ડરનાર) તથા ''અમીરુલ મો'મિનીન'' કહેવામાં આવ્યો ! આલે રસૂલને જુલ્મથી ક઼ત્લ કરનાર દેવબંદીઓને ત્યાં ''મુત્તક઼ી'' કહેવાય છે ! ''અમીરુલ મો'મિનીન'' કહેવાય છે ! કે જેણે કેવા કેવા જુલ્મો કર્યા તે આ લેખમાં દર્શાવેલ જ છે. વળી અહલે બયતના ક઼તલ તથા જુલ્મનો આક્ષેપ તેના લશ્કર પર નાખીને યઝીદની વકાલત આ દેવબંદી કરી રહ્યા છે પણ એ તેમનો ધોકો છે. યઝીદે જ ઈમામ હુસૈનને શહીદ કરાવ્યા છે. કેમ કે શહીદોનાં સર દમિશ્ક આવ્યાં તો શહેરને સજાવીને ખુશી શા માટે મનાવી ? તેમજ એને આ ક઼ત્લ નાપસંદ હતી તો ઈબ્ને ઝિયાદને કેમ કાંઈ કહ્યું નહીં ? તેને ગવર્નરીમાંથી બરતરફ કેમ ન કર્યો ? વળી જે વ્યક્તિને એ વાતનો અફસોસ હોય તે આટલા મહાન જુર્મ પછી મક્કા મદીના પર હુમ્લો કરાવે ખરો ? વળી ખાસ વાત તો એ કે એને ઈમામ હુસૈનના ક઼ત્લનો અફસોસ હતો તો ભર્યા દરબારમાં હુસૈને પાકના સરની બેઅદબી શાથી કરી ? અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૧૯૨ માં હાફિઝ ઈબ્ને કષીર મુહદ્દિષ અબુદુનિયાથી રિવાયત કરે છે કે જ્યારે ઈમામે હુસૈનનું માથુ યઝીદ સામે રાખવામાં આવ્યું તો એની પાસે હઝરત અબૂ બુર્ઝા અસ્લમી (સહાબી) હતા, અને યઝીદે લાકડીથી મારવાનું શરૂ કર્યું તો સહાબીએ એને કહ્યું, ''તારી લાકડી ખસાવી લે, મેં રસૂલુલ્લાહ ﷺને એને ચૂમતાં જોયા છે.''

*(તોહફાએ નજાત, ભાગ–૧૧)*

સારાંશ કે દેવબંદીઓની યઝીદની તરફદારી ગલત તથા શરમજનક છે.

બસ ! વધુ કાંઈ ટીપ્પણી નથી કરતો, કેમ કે જેઓની કિતાબોમાં નબી કરીમ ﷺની ગુસ્તાખી ભરેલી પડી છે તેઓ નવાસાએ રસૂલ ﷺના દુશ્મન યઝીદનો ફેવર ન કરે તો કોનો કરે ? પણ હે હુસૈનીઓ ! આવું જાણવા છતાં તમો દેવબંદીઓની સાથે દોસ્તી, સગાઈ, શાદી વહેવાર, ઉઠક, બેઠક બધું ચાલુ જ રાખશો ?! તો તમે ક્યા મોઢે પોતાને હુસૈની કહો છો ?! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને સાચા અર્થમાં હુસૈની બનાવે. (આમીન)


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧